Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : 33 ● અંક : ૨૩૮
તા.૦૪-૧૦-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૪ સૂર્યાસ્ત : ૦૬:૨૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૪ | વડોદરા | ૩૭.૦ |
| અમદાવાદ | ૩૮.૨ | સુરત | ૩૪.૬ |
| ગાંધીનગર | ૩૯.૦ | નલિયા | ૩૨.૮ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

ઉત્તર ગુજરાતમાં અદ્યતન વેરાયટી ધરાવતો પરિવારના પગરખાનો એક માત્ર AC શો-રૂમ
જી મોર શુઝ
રીબોક એડીડાસ નાયક લીકોપર લેડીસ ચંપલ
શારદા શો-રૂમની બાજુમાં, ચંદ્રલોક રોડ, ડીસા. મો.૯૯૨૪૬ ૯૧૭૧૧, ૮૧૪૦૮ ૬૭૧૦૬

શારદા
સાડી શો-રૂમ એન્ડ મેચીંગ
દિવાળી પર્વ નિમિતે તદ્દન નવો સ્ટોક
• ફેન્સી સાડી • ચણીયા ચોળી • શુટીંગ - શર્ટીંગ
• ડ્રેસ મટીરીયલ્સ • મેચીગ બ્લાઉઝ • ડીઝાઇનર સાડી
ચંદ્રલોક રોડ, ડીસા - ૩૮૫૫૩૫ (બ.કાં.)
મો.૯૮૯૮૨૬૮૮૬૯
૯૯૨૪૬૯૧૭૧૧

# બિન અનામત વર્ગ માટે રાજ્ય આયોગની રચના થશે

## બિન અનામત વર્ગના હિતોને ધ્યાનમાં લઈને સરકારનો નિર્ણય : બિન અનામત વર્ગની વ્યક્તિ, પરિવારોની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરાશે કલ્યાણકારી યોજના ઘડાશે : જાહેરનામાની સાથે આયોગ અમલી કરી દેવાશે

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીમંડળની પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, જેમાં પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપી હતી. પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમ જ રાજય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામાં આવી હતી. આ નિર્ણય અન્વયે બિન અનામત વર્ગોની મુશ્કેલીઓ અને સમસ્યાઓ નિવારણ સંવેદનશીલ મુખ્ય મંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકારે બિન અનામત નિવારવા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકારે બિન અનામત વર્ગ માટેના રાજય આયોગની રચનાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. જાહેરનામાની પ્રસિદ્ધિ સાથે જ આ આયોગ અમલમાં આવશે એમ ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

રાજયની અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને રાજયના શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગો સિવાયની રાજયના બિન અનામત વર્ગો અને જાતિઓના કાયમી હિત અને કલ્યાણ માટેના આ લાભદાયી નિર્ણયની જાહેરાત કરતા ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે આ કાયમી આયોગ બિન અનામત વર્ગોની વ્યક્તિઓ અને પરિવારોની આર્થિક સામાજિક સ્થિતિનો અભ્યાસ અને મોજણી કરશે અને તેમના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ ઘડશે તથા તેના અમલ માટે રાજય સરકારને ભલામણ કરશે.



સુરતના વેડ રોડ ડભોલી ચાર રસ્તા પર પ્રજાપતિ સમાજ દ્વારા ૫૧ હજાર માટી ના કોડીયા ના દીવડાઓ પ્રગટાવી સ્વદેશી અપનાવો નો સંદેશ આપ્યો હતો. (ફોટો : વસંત બારોટ )

## પેટ્રોલ-ડીઝલ ઉપર એક્સાઇઝ ડ્યુટીમાં લીટરદીઠ બેનો ઘટાડો

નવીદિલ્હી

પેટ્રોલ અને ડીઝલની વધી ગયેલી કિંમતોને લઈને ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી મોદી સરકારે આજે કિંમતોમાં ઘટાડો કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. નાણામંત્રાલયે આજે સાંજે એક ટ્વિટ કરીને માહિતી આપી હતી કે, કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર લાગનાર બેઝિક એક્સાઈઝ ડ્યુટીને પ્રતિલીટર બે રૂપિયા ઘટાડી દીધી છે. બેઝિક એક્સાઈઝ ડ્યુટીમાં આ ઘટાડો બ્રાન્ડેડ અને નોન બ્રાન્ડેડ બંને પ્રકારના પેટ્રોલ અને ડિઝલ ઉપર લાગૂ થશે. નાણામંત્રાલયે એમ પણ કહ્યું છે કે, આ આદેશ ચોથી ઓક્ટોબરથી એટલે કે આજે અડધી રાતથી અમલી કરી દેવામાં આવનાર છે. મંત્રાલયનું કહેવું છે કે, આ પગલું ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની વધતી કિંમતોના પ્રભાવના કારણે દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો વધવાથી રોકવા માટે લેવામાં આવ્યું છે.

## બનાસકાંઠાના બટાટાના ૨૩ હજાર ખેડૂતોને સહાય ચૂકવાશે

### ખેડૂતો ૩૦ નવેમ્બર સુધી ફોર્મ ભરી શકશે

ડીસા

રાજ્ય સરકારે કોલ્ડ સ્ટોરેજમાં મુકેલ ખેડૂતોના બટાટા ઉપર પ્રતિ કિલો એક રૂપિયાની સહાય ચુકવાઈ છે તે મુજબ ડીસા સહિત જિલ્લાના ૨૩ હજાર ખેડૂતોએ બાગાયત વિભાગમાં ફોર્મ ભરેલા છે. જેમને ટુંક સમયમાં સહાય ચુકવી દેવાશે. તેમ બાગાયત અધિકારીએ જણાવ્યું છે.

બટાટાના ભાવોમાં છેલ્લા ત્રણ વર્ષથી ભયંકર મંદી પ્રવર્તે છે. તેમાં પણ ચાલુ વર્ષે નોટબંધીના કારણે બટાટાના ભાવ તળીયે પહોંચી ગયા છે. જેના કારણે ખેડૂતો અને વેપારીઓને અબજો રૂપિયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. જેથી આપઘાતના બનાવો પણ બનવા પામ્યા છે ત્યારે કોલ્ડ સ્ટોરેજ એસોસીએશનના નેજા હેઠળ ખેડૂતો અને વેપારીઓએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી સમક્ષ સહાય માટે રજૂઆતો કરી હતી. જેમની વ્યાજબી માંગણીને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં કોલ્ડ સ્ટોરેજમાં પડેલા બટાટાની

અનુસંધાન પાના નં.૬

બટાટાના ભાવમાં મહામંદી પ્રવર્તે છે ત્યારે રાજ્ય સરકારે જાહેર કરેલી સહાય માત્ર મામુલી હોવાનું જણાવી ખેડૂતોએ તેનાથી માત્ર કોલ્ડ સ્ટોરેજનું ભાડું ચુકવી શકાશે, પરંતુ બિયારણ, ખાતર અને મજૂરીનો ખર્ચ માથે પડે તેમ છે. તેથી ખેડૂતો દેવાદાર બની ગયા છે. જેના કારણે ઘરનું ગુજરાન ચલાવવાના ફાંફા થઈ ગયા છે ત્યારે સરકાર વધુ સહાય ચુકવે તેવી માંગ કરી હતી.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુ:ખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફિઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

હાડકાંની ઘનતા માપવાનો કેમ્પ
કમરનો દુ:ખાવો, ગરદનનો દુ:ખાવો, ઘુંટણ તથા પગના સાંધાનો દુ:ખાવો, વારંવાર ફ્રેકચર થવું, ઉંમરના કારણે હાડકાં નબળાં થવા
જો આ પ્રકારના લક્ષણો હોય તો DEXA કેમ્પનો લાભ લેવા વિનંતી.
તા.૭/૧૦/૨૦૧૭ શનિવાર સમય ૯-૦૦ થી ૨-૦૦
રૂા.૨૫૦૦/- નો ટેસ્ટ ફક્ત રૂા.૫૦/-માં (કોરીયન મશીનથી)
ડૉ.દિનેશ ઉજમભાઈ પટેલ (M.B.,D.Ortho)
રૂદ્ર ઓર્થો કેર
પી.કે. પાર્ટી પ્લોટ, વિશ્વકર્મા મંદિર સામે, ડીસા Ph : 02744-229000
વહેલા તે પહેલાના ધોરણે રૂબરૂ નોંધણી કરાવવા વિનંતી

## પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.દલપતભાઈ રામચંદ્ર સાંખલા

સ્વ.તા.૦૪-૧૦-૨૦૧૬, મંગળવાર

હૃદય અમારૂં રડી પડે છે તસ્વીર જોઈ તમારી,
નાની સી તમારી જીંદગી હતી પણ મોટી માયા લગાડી ગઈ,
વિદાય એવી લીધી કે અમારૂં મન માનતું નથી,
આંખના પલકારામાં આંખ મીંચોળી રમી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

સ્વ.જેઠાજી સુરાજી સાંખલા (દાદા)
સ્વ.કાન્તીલાલ જેઠાજી સાંખલા (મોટા બા)
રામચંદ્ર જેઠાજી સાંખલા (પિતા)
બચુજી જેઠાજી સાંખલા (કાકા)
જગદીશ રામચંદ્ર સાંખલા (ભાઈ)
નરેશ કાન્તીલાલ સાંખલા (ભાઈ)
રવિ કાન્તીલાલ સાંખલા (ભાઈ)
નારણ બચુજી સાંખલા (ભાઈ)
કિરણ બચુજી સાંખલા (ભાઈ)

ફર્મ : જી.એસ.કોલ્ડ સ્ટોરેજ, ડીસા | જી.જી.કોલ્ડ સ્ટોરેજ, ડીસા | નવદુર્ગા કોલ્ડ સ્ટોરેજ, જલોત્રા

**સૂર્યોદય - ૬.૩૪ સૂર્યાસ્ત - ૬.૨૪**

## તિથિદર્શન

આસો સુદ-૧૪ બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :ચૌદસ બુધવાર નક્ષત્રઃ પૂર્વ ભાદ્રપદ રાત્રે ૯.૪૦ પછી ઉત્તર ભાદ્રપદ યોગ :ગંડ કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.)સાંજે ૩.૪૬ પછી મીન (દ.ચ.ઝ.થ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### અહિંસ ચેવ ભૂતાનાં કાર્ય શ્રેયો અનુશાસનમ્ વાક્ ચૈવ મધુરા શ્લક્ષ્ણાં પ્રયોજ્યા ધર્મમિચ્છતા

પ્રાણીમાત્રને એના ભલા માટે અહિંસાભર્યા શબ્દોમાં જ ઉપદેશ આપવો જોઈએ અને ધર્મમય જીવન ઈચ્છનારે મીઠી, મધુરી તથા નમ્ર- વિનય યુક્ત કોમળ વાણીનો ઉપયોગ કરવો જોઈએ.

પ્રાણીમાત્રને શાંતિ જ જોઈએ છે, એટલું જ નહીં, પરસ્પરના સંબંધમાં પણ દરેક માણસ પોતાની સાથે સૌ સભ્યતા , સન્માન અને આદરભાવ રાખીને વર્તે એવું જ ઈચ્છતા હોય છે. અને એવી જ અપેક્ષા આમને- સામને પણ રહે જ છે. આપણી વાણી આપણા વર્તનને સુસંગત હોવી જોઈએ. આપણે વાતો ધર્મ અને સત્સંગની કરીએ. બોલવામાં કાતરછાપ હોઈએ તો સંબંધો કપાતા જાય છે. આપણી વાણી દરેકને અમૃતમય શાતા અપાવતી લાગવી જોઈએ. તમને એમ લાગે કે મેં તો સાચું અને રોકડું પરખાવી દીધું, એમાં તમને તમારી હિંમત અને બહાદુરી દેખાતાં હોય પણ સામેની વ્યક્તિનું હૃદય- દિલ બળતરાથી બળી જતું હોય ત્યારે તમે 'દુશ્મન' જેવા લાગો છો. વ્યવહાર સાચવવા માટે સારા સંબંધો માટે એકમેકનો પ્રેમ પામવા માટે, પરિવાર અને સમાજમાં સુખ - શાંતિ માટે વિનયભરી વાણી જરૂરી છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ભાઇ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.**
**મિથુન : (ક.છ.ઘ.) સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.**
**કર્ક : (ડ.હ.) સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.**
**સિંહ : (મ.ટ.) ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) ભાગીદારીથી આર્થિક લાભ, પડવા-વાગવાથી સંભાળવું.**
**તુલા : (ર.ત.) ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર આવે.**
**ધન : (ભ.ફ.ધ.) રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.**
**મકર : (ખ.જ.) લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. જીવનસાથીનો સહકાર મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતીય ક્રાન્તિના મહાન પ્રણેતા શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતી છે. એમનો જન્મ તા. ૪-૧૦-૧૮૫૭ ના રોજ કચ્છના માંડવી બંદરના એક ધૂળીયા મહોલ્લામાં આવેલા અંધારા મકાનમાં થયો હતો. સત્તરમા વર્ષે એમને સ્વામી દયાનંદ સરસ્વતીનાં દર્શન થયા. જુગજુગના ઋણાનુબંધો જાગી ઊઠયાં.દયાનંદ આવા જ શિષ્યની શોધમાં હતા. તેમણે શ્યામજીને વિદેશ જઈને સ્વરાજયની લડતના શ્રીગણેશ કરવા પ્રેર્યા. વકતૃત્વશકિત, લેખનશકીત અને નેતૃત્વશકિત એ ત્રણેયનો જેમનામાં સુભગ સમન્વય થયો તે ગુર્જરરત્ન શ્યામજી કૃષ્ણ વર્મા માનવતાના અજોડ પુજારી હતા. એમનું તા. ૩૧-૩-૧૯૩૦ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશયથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રકિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૮૦૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૦૩.૧૦.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૮૬૬) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૧૭ પોઈન્ટના પ્રથમ અને ૯૮૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૮૯૮ પોઈન્ટ થી ૯૯૦૯ પોઈન્ટ, ૯૯૧૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૨૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC લિમિટેડ (૧૭૬૮) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૫૧ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૩૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૮૪ થી રૂ.૧૭૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૩૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૨૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૧૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૫૪ થી રૂ.૧૨૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા - મહેન્દ્રા (૧૨૬૪) :- રૂ.૧૨૪૪ પ્રથમ તેમજ રૂ.૧૨૨૭ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૮૮ થી રૂ.૧૨૯૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) કોટક બેન્ક (૧૦૦૯) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૨૧ થી રૂ.૧૦૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ઈન્ફોસિસ (૯૦૬) :- રૂ.૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૮૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેક્નોલોજી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૨૩ થી રૂ.૯૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) TCS લિમિટેડ (૨૪૪૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૪૬૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૪૧૭ થી રૂ.૨૪૦૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગ લક્ષી રૂ.૨૪૮૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) ડો. huœe (૨૩૩૫) :- રૂ.૨૩૬૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૩૯૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૨૩૦૩ થી રૂ.૨૨૮૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૨૩૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) લાર્સેન (૧૧૩૭) :- કન્સ્ટ્રકશન સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૧૫૫ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૧૨૩ થી રૂ.૧૧૦૯ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) તાતા સ્ટીલ (૬૬૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૭૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૪૬ થી રૂ.૬૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૮૪ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) ભારત પેટ્રો (૪૭૯) :- રૂ.૪૯૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૬૧ થી રૂ.૪૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૯૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

દિલ્હીમાં ગુજરાત કોંગ્રેસના નેતા સાથે કમીટીની બેઠક

# ચૂંટણીમાં કોંગ્રેસ પાટીદારોને મુક્ત મને ટિકિટો પુરી પાડશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ દિલ્હીમાં ધામા નાંખ્યા છે. આજે દિલ્હીમાં સ્ક્રીનીંગ કમીટીની મહત્વની બેઠક મળી હતી, જેમાં રાજયસભાના સાંસદ એહમદ પટેલ, ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ચૂંટણીલક્ષી મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી અને કેટલાક અગત્યના નિર્ણયો પણ લેવાયા હતા. જે મુજબ, આગામી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં પાટ-ીદાર ફેક્ટર બહુ મહત્વનું હોઇ કોંગ્રેસ પાટીદારોને મુકતમને ટિકિટ ફાળવે તેવું મનાય છે. કોંગ્રેસ દ્વારા ૪૦થી ૪૫ પાટ-ીદાર ઉમેદવારોને ટિકિટ ફાળવણી થાય તેવો અંદાજ સેવાઇ રહ્યો છે. બીજીબાજુ, રાજયસભાની ચૂંટણી વખતે વફાદારી રાખનાર કોંગ્રેસના ૪૩ ધારાસભ્યોને રિપીટ કરવાનો નિર્ણય યથાવત રાખવામાં આવ્યો છે. જો કે, કેટલાક ધારાસભ્યોની બેઠક બદલાવાની શકયતા સેવાઇ રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ દિલ્હી પહોંચ્યા છે અને સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટના વડપણ હેઠળ મળેલી બેઠકમાં ઉમેદવારોના નામોને લઇ મહત્વની ચર્ચા થઇ હતી. જેમાં અડધી વિધાનસભા બેઠકો પરના નામો લગભગ નક્કી કરી દેવાયા છે. જો કે, તેના નામો અધિકૃત રીતે જાહેર નહી કરાય અને ઉમેદવારોને ખાનગીમાં કહી દેવાશે કે જેથી તેઓ તેમના વિસ્તારમાં ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દે. ભાજપ સામે પડેલા પાટીદારોનું ફેકટર ગુજરાતની આ વખતની ચૂંટણીઓમાં બહુ મહત્વનું મનાઇ રહ્યું છે અને કોંગ્રેસ તેનો ફાયદો ઉઠાવવા માંગે છે અને તેથી જ આગામી ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા પાટીદારોના ૪૦થી ૪૫ ઉમેદવારોને ટિકિટની લ્હાણી કરાય તેવી શકયતા છે. કોંગ્રેસ દ્વારા દરેક જિલ્લામાં એક મહિલાને ટિકિટ ફાળવવાનું પણ આયોજન છે કે જેથી મહિલા મતદારોને આકર્ષી શકાય. બેઠકમાં કોંગ્રેસપક્ષને થયેલા નુકસાનના ડેમેજ કંટ્રોલ માટે પણ ચોક્કસ જવાબદારી સ્થાનિક નેતાઓને સોંપવામાં આવી છે. જેમાં રાષ્ટ્રીય નેતાઓની ભૂમિકા પણ મદદગાર સાબિત થશે. તો ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પક્ષ વિરોધી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ આચરનારને કોઇપણ સંજોગોમાં માફી નહી બક્ષાય તે પણ કોંગ્રેસ મોવડીમંડળે સાફ કરી દીધું છે અને તેથી બેઠકમાં તે મુદ્દે પણ સ્પષ્ટ તાકીદ કરી દેવાઇ હતી. ગુજરાતમાં રાહુલને લઇને કોંગ્રેસમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

# સમગ્ર કોંગ્રેસ પાર્ટી જામીન પર છે : મોદીના તીવ્ર પ્રહાર

બિલાસપુર

હિમાચલ પ્રદેશમાં બિલાસપુરમાં એમ્સની આધારશીલા મુક્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફૂંકી દીધુ હતું. મોદીએ પોતાના અંદાજમાં બિલાસપુરમાં રહેનાર લોકોને સંબોધન કરીને કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, બિલાસપુરમાં બનનાર એમ્સથી માત્ર હિમાચલને જ નહીં બલ્કે સમગ્ર દેશને ફાયદો થશે. રાજ્યમાં ટ્યુરિઝમને પ્રોત્સાહન મળશે. આનાથી રોજગારી વધશે. મોદીએ પોતાના સંબોધનમાં સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે કોંગ્રેસ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ અગાઉની યુપીએ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, અહીં ઘણા વર્ષોથી માત્ર ૭૦ કરોડ રૂપિયાનો એક સ્ટીલ પ્રોજેક્ટ અટવાયેલો હતો. તેમણે કહ્યું હતું કે, પહેલા ડિપાર્ટમેન્ટોમાં જુદા જુદા વડાપ્રધાન રહેતા હતા. એક સરકારમાં અનેક સરકારો હતી. રિમોટ કન્ટ્રોલથી ચાલનાર પીએમ હતા. ભાજપ સરકાર આવ્યા બાદ અટવાઈ પડેલા પ્રોજેક્ટો પૂર્ણ થઇ રહ્યા છે. હવે લોકોને ઘર બનાવવા માટે સસ્તી કિંમતમાં ચીજવસ્તુઓ ઉપલબ્ધ થઇ રહી છે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, સમગ્ર પાર્ટી જામીન ઉપર ચાલી રહી છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે એમ પણ કહ્યું હતું કે,

અનુસંધાન પાના નં.૬

# પ્રાથમિક શાળાના વિદ્યા સહાયકના વેતનમાં વૃદ્ધિ

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારના કર્મયોગીઓને સાતમા પગાર પંચના લાભો સૌ પ્રથમ ગુજરાતે પુરા પાડ્યા છે તેની સાથે સાથે ફીક્સ પગારના કર્મચારીઓ અને વિદ્યા સહાયકોને ઉત્તરોત્તર પગારમાં વધારો કર્યો છે. ત્યારે રાજ્યની ૧૦૦ ટકા ગ્રાન્ટ મેળવતી ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોના પગારમાં પણ નોંધપાત્ર વધારો કરીને ૧૯૯૫૦ માસિક વેતન ચુકવવાનો નિર્ણય કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ૧૦૦ ટકા ગ્રાન્ટ મેળવતી ૩૩ જિલ્લાઓની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૫૫૭ જેટલા વિદ્યા સહાયકો ફરજ બજાવે છે. આ વિદ્યા સહાયકોને અત્યાર સુધી ૧૧૫૦૦ માસિક વેતન અપાતું હતું તેના બદલે હવે ૧૯૫૦૦ માસિક વેતન ચુકવાશે. જેનાથી રાજ્ય સરકારને વાર્ષિક ૫.૬૪ કરોડનું ભારણ પડશે.

# ભા.વિ.પ.ડીસા દ્વારા ગાંધી જયંતીની શાનદાર ઉજવણી

ડીસા

ભારત વિકાસ પરિષદ, ડીસા શાખાના ઉત્સાહી સેક્રેટરી જયેશભાઈ દેસાઈ તથા પ્રમુખ ડો.ભુપેશભાઈ ત્રિવેદી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરીને નવી પેઢીના બાળકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવાનું ભગીરથ કામ કરે છે.



તા.૨-૧૦-૨૦૧૭ મહાત્મા ગાંધીજીની ૧૪૮ મી જન્મજયંતી પ્રસંગે ડો.અજયભાઈ જોશી, ડો.મનોજભાઈ અમીન, રાજુભાઈ ઠક્કર નોટરી, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, રમેશભાઈ શાહ, કનુભાઈ હાલાણી, કાન્તીભાઈ દોસી, દેવેન્દ્રભાઈ શાહ, અમૃતભાઈ પઢિયાર, લલીતભાઈ સોની વગેરે મિત્રોએ મહાત્માજીની પ્રતિમાને માલ્યાર્પણ કરીને 'ગાંધીજી અમર રહો', 'આઝાદી અમર રહો' જેવાં સુત્રો પોકારીને શ્રધ્ધાસુમન અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી.

# મોટા પ્રમાણમાં રોજગારીની તક ઉભી કરવાની તૈયારીઓ

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીમંડળની પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, જેમાં પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમ જ રાજય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામા આવી હતી. આ નિર્ણય અન્વયે રાજયની બિન અનામત વર્ગની વિવિધ જ્ઞાતિઓના સર્વાંગી વિકાસ માટે સંવેદનશીલતા, નિર્ણાયકતા, પ્રગતિશીલતા અને પારદર્શિતાના પાયા ઉપર કામ કરતી મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકારે રાજયના બિન અનામત વર્ગ શૈક્ષણિક અને શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરી છે. આ નિગમની રચનાથી આગામી સમયમાં રાજયની અંદાજિત ૫૮ જેટલી બિન અનામત જ્ઞાતિઓને મોટા પ્રમાણમાં રોજગારી અને ઉચ્ચ શિક્ષણની વધુ તકો ઉપલબ્ધ થશે તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. રાજય સરકાર દ્વારા આ નિગમની રચના માટે શેર કેપીટલ પેટે ૧૦૦ કરોડ તેમજ ધિરાણ પ્રવૃત્તિ માટે ૫૦૦ કરોડ મળી કુલ ૬૦૦ કરોડની જોગવાઈ કરી છે. આ નિગમની રચનાથી રાજયમાં વસતા આર્થિક નબળા કુટુબોને શૈક્ષણિક અને સ્વ રોજગારીની નવીન તકો મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થશે તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, આ નિગમની રચના દ્વારા બિન અનામત વર્ગોના પરિવારો, વિદ્યાર્થીઓ અને અરજદારોના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક અને આર્થિક વિકાસની પ્રવૃત્તિઓ કરવાની રહેશે જેમાં બિન અનામત વર્ગ પૈકીના ખેડુતો,

અનુસંધાન પાના નં.૬

# વિધાનસભાની ચૂંટણીને લઈ વહીવટી તંત્રમાં ફેરફાર કરવાની તૈયારી

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચુંટણીલક્ષી કામગીરી માટે રાજયના વહીવટીતંત્રમાં ફેરફાર કરવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. જેમાં રાજયના કેટલાક જિલ્લા કલેક્ટરો અને મુખ્ય વિકાસ અધિકારીઓ (ડીડીઓ) ની બદલીઓનો દોર ટૂંકમાં શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજય સરકારના મહત્વના એવા સામાન્ય વહીવટી વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આગામી ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ યોજાનારી છે. ત્યારે આ ચૂંટણીની કામગીરી માટે જરૂરી સ્ટાફ ફાળવવા અને એકજ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવી રહેલા અધિકારીઓની નિયમ મુજબ બદલીઓ કરવામાં આવશે. જેના પગલે રાજયના વહીવટી તંત્રમાં આવનાર દિવસોમાં બદલીઓનો દોર શરૂ કરવા માટેની ગતીવિધીઓ શરૂ કર્યાના અહેવાલ સૂત્રો દ્વારા જાણવા મળ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે જ પોલીસ તંત્રમાં ઘરખમ ફેરફાર કરવામાં આવ્યા હતા. અને હવે પછી ચૂંટણીના પરિપ્રેક્ષ્યમાં રાજય સરકાર વહીવટી તંત્રમાં ઘરખમ ફેરફારો કરવાની દિશામાં ગતિમાન બની છે. જોકે વહીવટી તંત્રની બદલીઓમાં એક જ જિલ્લામાં ત્રણ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવી રહેલા જિલ્લા કલેક્ટરો અને ડીડીઓ સંવર્ગના અધિકારીઓની બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ત્યારે એકાદ સપ્તાહમાં રાજયના વહીવટીતંત્રમાં બદલી - બઢતીનાં દોર ફરી શરૂ થશે. તો બીજી તરફ રાજયના અધિક કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બદલીઓ અંગે પણ સામાન્ય વહીવટ વિભાગે કવાયત શરૂ કરી દીધી છે. ત્યારે આ સંવર્ગના અધિકારીઓની બદલી હુકમો ટૂંક સમયમાં થાય તેવી પ્રબળ શક્યતાઓ સૂત્રો દ્વારા જાણવા મળી છે.

# ૧૬ બોર્ડ-નિગમોને સાતમાં પગાર પંચનો લાભો અપાશે

**નીતિન પટેલ દ્વારા જાહેરાત થઈ : બોર્ડ-નિગમના ૧૭૧૦ કર્મચારીઓને લાભ થશે : ૧૦.૦૬ કરોડનો વાર્ષિક બોજ**

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારે અધિકારી કર્મચારીઓને સાતમાં પગાર પંચના લાભો આપવાનો નિર્ણય કર્યો છે. જેનો ગુજરાતે સમગ્ર દેશમાં પહેલ કરીને રાજય સરકારના અધિકારી-કર્મચારીઓને આ લાભો આપ્યા છે સાથે સાથે બોર્ડ નિગમને પણ આ લાભો મળે તે માટે તબક્કાવાર આયોજન કરીને લાભો પુરા પાડ્યા છે. ત્યારે આજે રાજય સરકાર દ્વારા અનુદાનિત ૧૬ બોર્ડ નિગમોને સાતમા પગાર પંચના લાભો પુરા પાડવાનો વધુ એક કર્મચારીલક્ષી નિર્ણય કર્યો છે. જેનો ૧૭૧૦ કર્મચારીઓને લાભ થશે અને રાજય સરકારને વાર્ષિક ૧૦.૦૬ કરોડનો વધારાનો બોજ પડશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્મચારીઓના હિત માટે અનેક નિર્ણયો કર્યા છે. ત્યારે બોર્ડ નિગમના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા પણ રજુઆતો કરતાં રાજય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

જે અનુસાર, ગુજરાત જમીન વિકાસ નિગમ, સરદાર સરોવર નર્મદા નિગમ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ઘેટા અને ઉન વિકાસ નિગમ, ગુજરાત પોલીસ આવાસ નિગમ, ગુજરાત અનુ:જાતિ વિકાસ કોર્પોરેશન, ગુ-જરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગુ-જરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ગુજરાત ગ્રામ વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત જમીન વિહોણ મજુરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડના કુલ-૧૭૧૦ કર્મચારીઓને આ લાભો મળશે. તેમણે ઉમેર્યું કે, આ બોર્ડ નિગમોને સાતમા પગાર પંચનો લાભ તા. ૧.૧૦.૨૦૧૭થી આપવામાં આવશે. ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના નિવૃત કર્મચારીઓને પેન્શનના લાભો પણ આપવામાં આવતાં હોય છે તેવા ૨૧૭ કર્મચારીઓને પેન્શન સુધારણાના લાભો મળશે.

## શ્રીનગરમાં બીએસએફ કેમ્પ પર હુમલો : ત્રણ ત્રાસવાદીઓ ફુંકાયા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમા ત્રાસવાદીઓ તેમની હાજરીને પુરવાર કરવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. જેના ભાગરૂપે આજે વહેલી સવારે શ્રીનગર એરપોર્ટની નજીક સ્થિત બીએસએફ કેમ્પ પર ત્રાસવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જ્યારે એક આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (બીએસએફ) શહીદ થયા હતા. ત્રાસવાદીઓની ટોળકીએ આ ભીષણ હુમલાને અંજામ આપ્યો હતો. મોતને ઘાટ ઉતારી દેવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યો ત્યારે સાવચેતીના પગલારુપે થોડાક સમય માટે શ્રીનગર વિમાની મથકને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે, મોડેથી વિમાની સેવા અને વિમાની મથકને ફરી શરૂ કરી દેવામાં આવ્યું હતું. ત્રાસવાદીઓએ બીએસએફની ૧૮૨મી બટાલિયનને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# પાટીદાર પરના પોલીસ કેસો પરત ખેંચવા નિર્ણય

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીમંડળની પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમ જ રાજય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામાં આવી હતી. પાટીદાર સમાજના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવે તે હેતુથી સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે તાજેતરમાં પાટીદાર સમાજની ચાર મુખ્ય માગણીઓ સ્વીકારીને તેની ઉપર ત્વરિત અમલ કરવાનો પ્રારંભ કર્યો છે તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. રાજય સરકારે પાટીદાર સમુદાયની કેસો પરત ખેંચવાની માગણી પ્રત્યે હકારાત્મક વલણ અપનાવીને અનામત આંદોલન અને ત્યાર બાદ પાટીદાર સમુદાય સામે પોલીસ ઘર્ષણ દરમ્યાન રાજયના વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે અગાઉ નોંધાયેલ ૨૯,૨૬ અને ૫૪ એમ કુલ ૧૦૯ કેસો પરત ખેંચવાની સુચના સંબંધિતોને અનુક્રમે તા. ૧૨ ફેબ્રુઆરી તા. ૫ માર્ચ અને તા. ૩૦ જુલાઈ, ૨૦૧૬માં અપાઈ હોવાનું ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

પોલીસ ઘર્ષણના બનાવોની ન્યાયિક તપાસ થશે

# પાટીદાર સાથે ઘર્ષણ મામલે તપાસ પંચની રચના

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, જેમાં પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલએ આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામાં આવી હતી. આ અન્વયે, પાટીદાર સમાજના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવે તે હેતુથી સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે તાજેતરમાં પાટીદાર સમાજની ચાર મુખ્ય માગણીઓ સ્વીકારીને તેની ઉપર ત્વરિત અમલ કરવાનો પ્રારંભ કર્યો છે. આ માગણીઓ સંદર્ભે પાટીદાર અનામત આંદોલન દરમિયાન પાટીદાર સમુદાય ઉપર તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ અને ત્યારબાદ રાજયભરના વિવિધ શહેરો અને સ્થળોએ થયેલ પોલીસ બળ પ્રયોગ તેમજ પોલીસ સાથેના ઘર્ષણના બનાવો સહિત અન્ય ઘટનાઓની ન્યાયિક અને ઝડપી તપાસ થાય તે હેતુથી રાજય સરકારે હાઈકોર્ટના નિવૃત જજ કે એ પુજના વડપણ હેઠળ એક તપાસ પંચની રચના કરી છે, તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# મીઠી પાલડીમાં વધુ એક મુમુક્ષુ સંયમ માર્ગે સંચરશે..!!

## મુમુક્ષુ પૂજા દોશી સંયમ અંગીકાર કરશે

પ્રતિ. મીઠી પાલડી

દિયોદર તાલુકાના મીઠી પાલડી નગરી આમ જોવા જોઈએ તો ધર્મનગરી તરીકે પણ પ્રખ્યાત થવા જઈ રહી છે, દિક્ષાની ખાણ તરીકે ઓળખાતી આ નગરીમાંથી આજ દિવસ સુધી ૬૦ જેટલા મુમુક્ષુ રત્નો પ્રભુ વિર પંથે પ્રયાણ કરી ચુક્યા છે. ગત દિવસોમાં પણ મુમુક્ષુ ધ્રુવિકા દોશીએ પણ આત્મકલ્યાણના માર્ગ આગળ વધવા તત્પર બનતાં તેમની પણ દિક્ષાની જય બોલાવવામાં આવી હતી.

ગત તા.૨૫-૯-૨૦૧૭ ના રોજ મુમુક્ષુ પૂજા દોશીની સંયમ સાધનામાં આગળ વધવા દિક્ષાની જય બોલાવવામાં આવતા મીઠી પાલડીના ઈતિહાસમાં ૬૨ દિક્ષાઓ થવા પામશે, તેમજ હજુ પણ કેટલાયે ભાવી મુમુક્ષુઓ પ્રભુ વિર પંથે પ્રયાણ કરવા તત્પર બનીને બેઠા છે.

દોશી જયંતિલાલ સ્વરૂપચંદ પરિવારમાં પિતા ભરતભાઈ તેમજ વરસાબેનની લાડકવાયી મુમુક્ષુ પૂજા જેઓ બાલ્યાવયમાં જ પ્રભુ વિર પંથે આગળ વધવાની ભાવના ધરાવતા હતા. જેઓની આ ભાવના વધુ પ્રબળ બનતાં માતા-પિતાની આજ્ઞાથી ગત તા.૨૫-૯-૨૦૧૭ સોમવાર આસો સુદ-૫ ના રોજ મીઠી પાલડીથી તેમજ સુરતથી પરિવારજનો ઈન્દોર મુકામે મુમુક્ષુનું વ્રજ્યા પ્રદાનનું શુભ મુહર્ત ગ્રહણ કરવા વાજતે-ગાજતે પધાર્યા હતા. ત્યાં સંઘમાં બિરાજમાન આચાર્ય



ભગવંત શ્રી કિર્તીયશ સુરીશ્વરજી મ.સા.એ શુભ મુહુર્ત પરિવારજનોને આપતાં સમગ્ર પરિવાર આનંદથી નાચી ઉઠ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મુમુક્ષુની પ્રવજયા આગામી દિવસોમાં પાલીતાણા મુકામે યોજાનારી સામુહિક પાંચ દિક્ષા સાથે મહાવદ-૭, તા-૭-૨-૨૦૧૮ ના રોજ યોજાશે.

# ઝાલમોરમાં પીવાનું પાણી ડહોળું આવતું હોવાની રાડ

## રોગચાળાની દહેશત : નવો બોર બનાવવાની માંગ

પ્રતિ. રવિયાણા

કાંકરેજના ઝાલમોર ગામે છેલ્લા ૨ માસથી પંચાયતના પાણીના બોરમાં ભંગાણ પડવાથી પીવાનું પાણી ડહોળું આવતું હોવાથી ગ્રામજનોને ના છુટકે ડહોળું પાણી પીવાનો વારો આવ્યો છે. આ અંગે સરપંચ તથા ગ્રામજનોને રૂબરૂ મળી નિવેદન લેતાં જાણવા મળેલ કે જુલાઈ માસમાં થયેલ અતિભારે વરસાદના પુરના કારણે બોરમાં ભંગાણ પડેલ છે. જે ગ્રામપંચાયત દ્વારા સમારકામ કરેલ છે પણ તોય બોર ફેલ ગયેલ છે જેની જાણકારી ગ્રામપંચાયત દ્વારા પાણી પુરવઠા બોર્ડને કરેલ છે. હાલ પાણી ડોહળું આવતું હોવાથી ગામમાં રોગચાળો ફાટી નીકળવાની શક્યતા હોઈ લાગતા વળગતા વિભાગો દ્વારા ઝાલમોર ગામને નવીન બોર બનાવી આપી આ પ્રશ્નનું તાત્કાલિક ધોરણે નિવડો લાવે તેવી ગ્રામજનોની લાગણી અને માંગણી છે. તેમ સરપંચ ડાભાણી કમળાબેન જયંતિભાઈ શાહ અને સામાજીક કાર્યકર ચીનુભાઈ લહેરચંદભાઈએ જણાવ્યું હતું.

# અંબાજી માતાના ચરણોમાં શીશ ઝુકાવવા છાપીથી પગપાળા સંઘનું પ્રસ્થાન

## પગપાળા સંઘમાં ૧૦૦ જેટલા યુવક-યુવતીઓ સહિત મહિલાઓ જોડાઈ



સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

જગતજનની મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવવા વડગામના છાપી ગામે આવેલ શ્રી બ્રહ્માણી યુવક મંડળ દ્વારા પ્રતિવર્ષ પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે. જેથી મંગળવારે આ સંઘે પગપાળા અંબાજી જવા પ્રસ્થાન કર્યું હતું.

વડગામ તાલુકાના છાપી ખાતે કાર્યરત શ્રી બ્રહ્માણી યુવક મંડળ દ્વારા નવરાત્રીની ધામધૂમથી ઉજવણી કરી આસો સુદ પૂનમના અંબાજી દર્શન કરવા પગપાળા પ્રસ્થાન કર્યું હતું. જેમાંથી ૧૦૦ જેટલા યુવકો યુવતીઓ સહિત મહિલાઓએ માતાજીના દર્શન કરવા અંબાજી તરફ 'બોલ મારી અંબે' ના જયઘોષ સાથે પ્રયાણ કર્યું હતું. છેલ્લા ચાર વર્ષથી આ સંઘનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવે છે.

# રાજ્ય-રાષ્ટ્રીય શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષકોને સ્માર્ટકાર્ડ એનાયત

## બસોમાં નિઃસુલ્ક મુસાફરીનો લાભ

ર.સ.સે. ડીસા

ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતાને ગુજરાત સરકાર દ્વારા એસ.ટીમાં ૨૫૦૦ કિલોમીટરની મર્યાદામાં મફત મુસાફરીની જોગવાઈ આપવામાં આવેલ હતી. પણ તેને માટે લાંબી કુપન ભરવી પડતી હતી અને કિલોમીટરની મર્યાદા પણ ગૌરવરૂપ ન હતી. ગુજરાત રાજ્યના એવોર્ડી ટીચર્સ ફેડરેશનના પ્રમુખ ડો.માનસિંહભાઈ ચૌધરી દ્વારા કિલોમીટરની મર્યાદા દુર થાય અને શિક્ષકોને સ્માર્ટ કાર્ડ આપવામાં આવે તે માટેના પ્રયત્નો છેલ્લા એક દાયકા કરતાં પણ વધારે સમયથી ચાલતા હતા. તેમના અવિરત પ્રયાસોથી અને તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મંત્રીઓ સર્વશ્રી શંકરભાઈ ચૌધરી અને વલ્લભભાઈ કાકડીયા વગેરેના સહયોગથી આખરે એ યોજના ગુજરાત સરકારમાં સ્વીકારાઈ. સાંપ્રત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તેને આખરી મંજુરી મળી અને રાજ્ય પારિતોષિક અને રાષ્ટ્રીય પારિતોષિક શિક્ષકને કિલો મીટરની મર્યાદા દુર કરી સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા. સ્માર્ટ કાર્ડનું વિતરણ અને રાજ્ય, રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત શિક્ષકોની એક મિટિંગ ગાંધીનગરમાં યોજાઈ હતી. ત્યાં ઉપસ્થિત સર્વેને સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા હતા. અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત ન રહી શકેલ પારિતોષિક વિજેતા શિક્ષકોને પ્રમુખ ડો.માનસિંહભાઈ ચૌધરીએ કાર્ડ મોકલવાનો પ્રબંધ કર્યો છે. પરંતુ ડીસા કનુભાઈ આચાર્ય અને ચંદુભાઈ ત્રિવેદીને સ્માર્ટ કાર્ડ આપવા માટે પોતે રૂબરૂ આવેલ ને તેમને કાર્ડ અર્પણ કર્યું હતું. કનુભાઈ આચાર્યે અને ચંદુભાઈ ત્રિવેદીએ ડો.માનસિંહભાઈને આ કાર્ય માટે અભિનંદન આપ્યા હતા. કનુભાઈ આચાર્યે જણાવ્યુ હતું કે અમર્યાદ મુસાફરી માટે સ્માર્ટ કાર્ડ મેળવવાનો પ્રરિશ્રમ જે છેલ્લા દશ વર્ષથી ડો. માનસિંહભાઈ કરી રહ્યા છે તે ભગીરથની જેમ ગંગા ઉતારવા જેટલો પરિશ્રમ છે. માનસિંહભાઈ નું જીવન અને કાર્યો આશ્ચર્યજનક અને ડાયનેમિક રહ્યાં છે.

# કાંકરેજ તાલુકાના આકોલી મા.વાસનો ૨૫ વર્ષિય યુવાન ગુમ થતાં ચકચાર

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના આકોલી મા.વાસનો ૨૫ વર્ષિય યુવક ચૌધરી જગદીશભાઈ કાનજીભાઈ તા.૩૦-૯-૨૦૧૭ ના રોજ સવારે ૧૧ કલાકે ઘરના સભ્યોને કંઈજ પણ કહ્યા વગર ચાલ્યો ગયો હતો અને મોડી રાત સુધી પરત ન ફરતા સગા-સંબંધીઓને ટેલીફોન દ્વારા તેમજ ખાનગી સાધન લઈને શોધખોળ શરૂ કરી હતી. પરંતુ કોઈજ પ્રકારનો અત્તો પત્તો ન લાગતા ગુમ થનારના ભાઈ



વિજય સિલ્વા

ચૌધરી નિતેશકુમાર કાનજીભાઈએ શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધાવી હતી.

# ખોડલા ગામે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા જન આદેશ સંમેલન યોજાયું



વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખોડલા ગામે ગત તા. ૧/૧૦/૧૭ ના સાંજના સુમારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની જન આદેશ મીટીંગ યોજવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો તેમજ ગોપાલ સેના હાજર રહી સમાજનું સંગઠન મજબુત બનાવ્યા અને સમાજમાં રહેલી કેટલીક ગેરસમજણો દૂર કરી આર્થિક, સામાજીક શૈક્ષણિક રીતે આગળ આવે અને પ્રગતિ કરે તે માટે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓબીસી, એસ.સી., એસ.ટી., એકતામંચ દ્વારા અનેક સંમેલન યોજવામાં આવે છે. જેમાં ખોડલા ગામે જન આદેશ સંમેલન યોજવામાં આવેલ. જેમાં ઠાકોર દિનેશજી કાંકરેજ તાલુકા પ્રમુખ, સ્વરૂપજી ઠાકોર, બ.કાં. જિલ્લા ઉ.પ્રમુખ, રામાજી ઠાકોર ભાભર તા. પ્રમુખ, મુકેશજી ઠાકોર જિલ્લા સંગઠન મંત્રી, મથુરજી ઠાકોર દિયોદર તાલુકા પ્રમુખ, સુનીલ ઠાકોર વાવ તા. મીડીયા સેલ, ડી.ડી. જાલેરા, કચ્છ જુનાગઢ પ્રભારી, દેસાઈ ભરતભાઈ ખોડલા સરપંચ, અપદાનજી દેસાઈ, મફાભાઈ, દિનેશજી વદનજી, રાવુજી આગથળિયા, ઉંદરીયા પ્રતાપજી, આયદનજી ઉંદરીયા સહિત આગેવાનો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઠાકોર ઉદાજી વદનજી તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# થરા પ્રાથમિક શાળા નં.૨ ના શિક્ષકનો વિદાય શુભેચ્છા સમારોહ યોજાશે

(તા.પ્રતિનિધિ) થરા

કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં જુનાગામ તળના પાદરે આવેલ થરા પ્રાથમિક શાળા નં.૨ માં છેલ્લા ચૌદ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા અમૃતભાઈ આર.પરમાર વય નિવૃત થતાં શાળા સ્ટાફ પરિવાર દ્વારા પરમારનો વિદાય - શુભેચ્છા સમારોહ તા. ૫/૧૦/૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ કલાકે થરા રામાપીર મંદિર સામે, પ્રાથમિક શાળા નં. ૨ ની બાજુમાં આવેલ થરા જૈન દાદાવાડી હોલ ખાતે રાખવામાં આવેલ હોવાનું ઈન્ચાર્જ આચાર્ય પ્રહલાદભાઈ આચાર્યએ જણાવ્યું હતું.

# ભાભરના સિસોદરા ગામે ગૌ મહિમા મહોત્સવ યોજાયો

## કૃષિ વૈજ્ઞાનિકો અને ગૌ વિશેષજ્ઞોની વિશેષ હાજરી



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના સિસોદરા ગામે આવેલ શ્રી સીતારામ ગૌશાળા ટ્રસ્ટ સંચાલિત શ્રી શક્તિધામ ગૌશાળા સિસોદરા ખાતે વિજયા દશમી ગૌ મહિમા મહોત્સવ રાખવામાં આવ્યો હતો. જેમાં એકાદશી સત્સંગ અને ગૌ મહિમાનો દિવ્ય કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગૌ પૂજન, મંગલા ચરણ, અતિથિ સત્કાર, ગૌ મુત્ર દિવ્ય રસાયણ વિશે માહિતી, મુખ્ય મહેમાનો તથા અતિથિઓનું ઉદ્બોધન, ગૌ-મહિમા સત્સંગ જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જેમાં કૃષિ વૈજ્ઞાનિકો અને ગૌ વિશેષજ્ઞોની વિશેષ હાજરી હતી. કાર્યક્રમમાં બાળકદાસ મધ્યપ્રદેશ, રત્નદાસજી ટેટોડા, ગૌ કથાકાર છોગારામ ભગત, એનીમલ વેલફર બોર્ડના સભ્ય ગીરીશભાઈ શાહ-ભાભર, જલારામ ગૌશાળાના ટ્રસ્ટીઓ, કૃષિ વિશેષકો અને ગૌ વિશેષકો દ્વારા લોકોને ગૌમાતાથી થતા ફાયદા, તેમજ ગૌ મુત્ર દ્વારા થતા ફાયદાનું વિશેષ માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ.

# સુંઢામાં પૂર્વ ડીઆઈજીની અધ્યક્ષતામાં ધર્મસભા યોજાઈ

ડીસા

પાલનપુર તાલુકાના સુંઢા ગામે સુંઢા ભક્ત મંડળ દ્વારા વિજયા દશમીના પવિત્ર દિવસે ધર્મ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ આઈ.પી.એસ. ડી.જી. વણઝારાની અધ્યક્ષતામાં સમગ્ર કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પધારેલ મુખ્ય મહેમાન પૂર્વ ડી.આઈજી. ડી.જી.વણઝારાનું સુંઢા ગામની બાળાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા જ્યારે ગામના મહાનુભાવો દ્વારા ફુલ હાર પહેરાવી સ્વાગત કરાયુ હતું. આ પ્રસંગે ડી.જી. વણઝારાએ ધર્મ અને ગીતા ઉપર વિસ્તૃત પ્રવચન આપ્યું હતુ. જેને સાંભળવા સુંઢા ગામમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત જાહેર સભાને સંબોધતા ડી.જી.વણઝારાએ કહ્યુ કે, મે અને મારા પોલીસ અધિકારીઓએ જે કામ કર્યુ તે પોતાના માટે કર્યું નથી, પણ નિર્દોષ લોકોની જાન બચાવવા માટે અને આ દેશની એકતા અને અખંડીતતા એ માટે કર્યું હતું અને ૯(નવ) વર્ષ જેલમાં રહ્યા બાદ જ્યારે હું ગુજરાતની ધરતી ઉપર પગ મુક્યો ત્યારે અમદાવાદના એરપોર્ટ ઉપર લોકોએ જે મોટી સંખ્યામાં મારું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં સુંઢાના સરપંચ કનુભાઈ પટેલ, ગણેશભાઈ ઝુડાલ, સુંઢા ભક્ત મંડળના જીતુભાઈ સોની, હિરાલાલ કોટડીયા, કાંનજીભાઈ ચૌધરી, હિરાલાલ ચૌધરી, કલ્પેશભાઈ ઠક્કર સહિત મોટી સંખ્યામાં ગામલોકો હાજર રહ્યા હતા.

# લાખણીમાં ૧૦૮ ની ટીમ દ્વારા મફત ચેકઅપ અને સ્વચ્છતા અભિયાન



દેવજી રાજપૂત

પ્રતિ. વાતમ

તા.૨ ઓક્ટોબર ૨૦૧૭ ના રોજ લાખણી સેન્ટરની ૧૦૮ મોબાઈલ વાનની ટીમ દ્વારા મફત ચેકઅપ અને સ્વચ્છતા અભિયાન સાથે સાથે ઘણા લોકોને મફતમાં ડાયાબીટીસ અને બ્લડપ્રેસરની તપાસ કરી હતી.

સત્ય અને અહિંસાના માર્ગે ચાલી દેશ અને દુનિયાને નવો માર્ગ ચિંધનાર ભારતના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીની ૧૪૮મી જન્મજયંતિ પ્રસંગે લાખણી ખાતેની ૧૦૮ ઈમરજન્સી ટીમના પાઈલટ અરવિંદસિંહ સિસોદીયા અને ઈ.એમ.ટી તેજશભાઈ વાણીયા દ્વારા લાખણી ગ્રામ પંચાયતમાં ૨૦ થી વધુ લોકોને મફતમાં ડાયાબીટીસ અને બ્લડપ્રેસર ચેક કરી અને જરૂરી સલાહ આપી હતી. સાથે સાથે ગ્રામપંચાયતમાં સ્વચ્છતા અભિયાન પણ કરાયું હતું. આ પ્રસંગે ગામના યુવાન-વડીલો સહિત લોકોએ સેવાનો લાભ લીધો હતો.

# સંકલ્પ ભૂમિ પરથી કરેલા મહા પ્રયાણે બાબાસાહેબને માનવમાંથી મહામાનવ અને સર્વોધ્ધારક બનાવ્યા

પાલનપુર

વડોદરાના સયાજીબાગમાં આવેલી સંકલ્પ ભૂમિ એટલા માટે મહત્વની છે કે આ જગ્યાએ સન ૧૯૧૭ની ૨૩મી સ્પ્ટેમ્બરે બાબાસાહેબ આંબેડકરજીએ મેરેથોન મહા મનોમંથન કર્યુ હતું અને તે પછી વડોદરા છોડીને જે મહા પ્રયાણ કર્યુ એ ઘટના તેમને માનવમાંથી મહામાનવ, એક યુગપુરૂષ અને સર્વોધ્ધારક બનવા તરફ દોરી ગઈ.

ભારત રત્ન ડૉ. ભીમરાવ રામજી આંબેડકરજીની વિચક્ષણ બુધ્ધિ પ્રતિભાને સમુચિત રીતે મૂલવીને, માનવ રત્નના પારખુ સયાજીરાવ મહારાજે તેમને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપી. વિદેશમાં ઉચ્ચ વિદ્યાભ્યાસમાં તેમની પ્રતિભાને જોઇને અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સિટીએ તેમને ૩૦૦ વર્ષના ઈતિહાસના શ્રેષ્ઠ વિદ્યાર્થી ગણ્યા છે. બાબાસાહેબને આપવામાં આવેલી શિષ્યવૃત્તિમાં, અભ્યાસ પૂરો કર્યા પછી વડોદરા રાજ્યની નોકરી દસ વર્ષ સુધી કરવી એવી શરત હતી.

બાબાસાહેબ એ શરત પાળીને વડોદરા આવ્યા અને ગાયકવાડ શાસનના અમલદાર તરીકે નોકરીમાં જોડાયા. જો કે તે સમયે પ્રવર્તમાન સામાજિક કલંકરૂપ અશ્યપૃશ્યતા અને કુરિવાજોએ તેમને મહાવ્યથા અને યાતનાઓ આપી. તેમની બુધ્ધિ પ્રતિભાને જોતાં રાજ્યની નોકરીમાં ખૂબ પદોન્નતિની શક્યતાઓ હતી. પરંતુ સામાજિક કુપરંપરઓથી લગભગ બહિષ્કૃતની દશામાં આવી પડેલા બાબાસાહેબે વડોદરા અને વડોદરા રાજ્યની નોકરી છોડી દેવાનો, વડોદરાથી મહાપ્રયાણ કરવાનો સંકલ્પ કર્યો.

રેલવે દ્વારા વડોદરા છોડતા પહેલા બાબાસાહેબે સયાજીબાગમાં એક ઘેઘુર વડલા નીચે કેટલાંક કલાકો વિતાવ્યા. એ દરમિયાન તેમણે દેશના કરોડો વંચિતો અને શોષિતોના ઉધ્ધાર માટે જીવન વ્યતિત કરવાનો મહાસંકલ્પ લીધો. એ દિવસ હતો તા.૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૧૭. આ ઘટનાને અનુલક્ષીને સયાજીબાગની સંબંધિત જગ્યાને સંકલ્પ ભૂમિ એવું નામ આપવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે બાબાસાહેબે માત્ર કોઇ એક વર્ગ કે સમુદાયના નહીં પરંતુ તમામ શોષિતો, વંચિતોના ઉત્કર્ષનો વિચાર કર્યો હતો. તેમણે નારી સશક્તિકરણ અને દેશની આર્થિક ઉન્નતિની મજબૂત રૂપરેખા અને જોગવાઈઓની ભેટ આપી છે. આમ, તેઓ એક રાષ્ટ્ર નિર્માણના શિલ્પી અને સર્વોધ્ધારક છે. તેમના જીવનને આવો નિર્ણાયક વળાંક આપનારી સંકલ્પ ભૂમિ પવિત્ર પૂણ્યભૂમિ છે. આ ભૂમિ વડોદરાનો ગૌરવ વારસો છે.

# વડગામમાં મહોરમ પર્વની ઉજવણી



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામમાં ગઈકાલ રવિવારે મહોરમ (તાજીયા) પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પયંગબર સાહેબના દોહીત્ર (નવાસા) હજરત અમામ હુસૈન તથા તેમના ૭૨ સાથીઓએ માનવતાના મૂલ્યો શાશ્વત મૂલ્યોને બચાવવા વહોરેલી શહાદતની યાદમાં મહોરમ પર્વની ઉજવણી કરવામાં આવે છે.

શનિવાર રાત્રે વડગામ અંજુમને ઈસ્લામ ટ્રસ્ટ વડગામ દ્વારા તાજીયાનું જુલુસ કાઢવામાં આવ્યું હતું અને ગઈકાલે સાંજે કામોએ ખલાસના વાતાવરણમાં મહોરમ પર્વનું સમાપન કરાયું હતું. દરમ્યાન વડગામ ધારાસભ્ય મણિલાલ વાઘેલા, પ્રદેશ કોં. અગ્રણી અશ્વિનભાઈ પરમાર, સરપંચ ભગવાનસિંહ સોલંકી, જિ.પં. ડેલિગેટ બાલકૃષ્ણ જિરાલા વગેરે રાજકીય - સહકારી- સામાજીક અગ્રણીઓએ તાજીયા જુલુસની મુલાકાત કરી આશિર્વાદ લીધા હતા.

# ડીસા વિધાનસભાનું ભાજપ બક્ષીપંચ સંમેલન યોજાશે

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રમેશભાઈ દેલવાડીયા એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ડીસા વિધાનસભાનું બક્ષીપંચ જ્ઞાતિમાં આવનાર તમામ સમાજનું એક સંમેલન તા. ૪/૧૦/૨૦૧૭ ને બુધવારના સવારે ૧૦:૦૦ કલાકે રાજશ્રી કોલ્ડ સ્ટોરેજ, રાણપુર રોડ, ખાતે યોજાવાનું હોઈ તમામ બક્ષીપંચ સમાજના તમામ લોકો આગેવાનો પાર્ટીના સક્રિય કાર્યકરોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# પાલનપુરમાં નર્સિંગ કોલેજ -હોસ્ટેલ ખસેડવા સામે વિરોધ



(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ બાદ એક પછી એક સુવિધાઓ છીનવાઈ રહી છે. ત્યારે નર્સિંગ કોલેજ અન્યત્ર ખસેડવાના નિર્ણય ના વિરોધમાં આજે નર્સિંગની વિદ્યાર્થીનીઓ સહિત વાલીઓએ રેલી યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

પાલનપુર સિવિલ હોસ્પિટલનું સંચાલન બનાસડેરી સંચાલિત ખાનગી ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે. ત્યારે સિવિલનું ખાનગીકરણ થતાની સાથે જ નર્સિંગ કોલેજ-હોસ્ટેલ, પી.પી.યુનિટ સહિતની સુવિધાઓ અન્યત્ર ખસેડવાનો નિર્ણય કરાયો છે. જેને પગલે નર્સિંગની છાત્રા ઓનું ભાવિ અદ્ધરતાલ બન્યું છે.

ખાનગી ટ્રસ્ટ દ્વારા નર્સિંગ હોસ્ટેલ અને સ્કૂલ ખાલી કરવાનો આદેશ કરાયો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા પંચાયતના કૉંગ્રેસી સદસ્યની આગેવાની હેઠળ નર્સિંગની છાત્રા ઓ સહિત વાલીઓએ વિરોધ પ્રદર્શન કરી સિવિલ સર્જનને રજુઆત કરી હતી. જેમાં નર્સિંગ સ્કૂલ અને હોસ્ટેલ સિવિલ કેમ્પસ મા જ રાખવાની રજુઆત કરાઈ હતી.

# છોટાપુરા હેપ્પી સ્કૂલમાં ભિક્ષાવૃત્તિ કરતા બાળકોનો પ્રવેશ અપાયો



## રોટરી ક્લબ ડીસા દ્વારા સ્કૂલ યુનિફોર્મનું વિતરણ

ડીસા

રોટરી ક્લબ ડીસા દ્વારા ગત બુધવારના રોજ છોટાપુરા ગવાડી સ્કુલમાં ૩૫ બાળકોને ભણશાલી ટ્રસ્ટના સહયોગથી યુનિફોર્મ બનાવડાવીને તેનું વિતરણ કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો.

છોટાપુરા ગવાડી સ્કુલને રોટ-રી ક્લબ ડીસા દ્વારા હેપ્પી સ્કુલ બનાવવામાં આવી છે. તથા ભિક્ષાવૃત્તિ કરતાં બાળકોને સ્કુલમાં દાખલ કરાવીને તે તમામ બાળકોને દફતર તથા યુનિફોર્મ આપીને સમાજમાં યોગ્ય સ્થાન મળે તો માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આ પ્રોજેક્ટના પ્રોજેક્ટ ચેરમેન ડૉ.હેતલબેન ગોહિલ, ડૉ.નવીનકાકા, રોટરી પ્રમુખ નટુભાઈ પટેલ, સેક્રેટરી યશવંતભાઈ ખત્રી સહિત ઘણા બધા રોટેરીયન હાજર રહી પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો.

## જાહેર પ્રસિધ્ધીની નોટીસ

અરજદારના વિ.વ.કે.બી.ઠાકોર
આંક -
ભાભરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એ.આર.સોની સાહેબની કોર્ટમાં, મુ.ભાભર
ક્રિ.પર.અ.નં.૫૧/૨૦૧૭

અરજદાર : ઠાકોર લીલચંદભાઈ છગનજી, રહે.મેરા, તા.ભાભર, જિ.બનાસકાંઠા
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી, મેરા ગ્રામ પંચાયત, મુ.મેરા, તા.ભાભર
અરજ : જન્મ - મરણ અધિનીયમની કલમ : ૧૩ મુજબ જન્મ રજીસ્ટરે નોંધણી કરવા બાબત

આથી લાગતા વળગતા તમામ ઈસમોને જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદાર ઠાકોર લીલચંદભાઈ છગનજી રહે.મેરા, તા.ભાભર, જિ.બનાસકાંઠાની પુત્રી નામે સુર્યાબેનનો જન્મ તા.૦૧-૦૬-૨૦૦૨ ના રોજ મેરા, તા.ભાભર મુકામે તેમના ઘરે થયેલ છે. તેઓના જન્મની નોંધ જે તે સમયે સંબંધિત કચેરીના દફતરે કરાવેલ ન હોવાથી આ કામના સામાવાળાના દફતરે તેના જન્મની નોંધ કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં વિ.વ.શ્રી મારફતે અરજ કરેલ છે. જો કોઈ ઈસમ કે ઈસમોને અરજીમાં માંગ્યા મુજબની જન્મની નોંધ થવા સામે કોઈપણ પ્રકારનો વાંધો યા તકરાર હોય તો તેવા વાંધા સાથે જાતે અથવા માહિતગાર વકીલ મારફતે અત્રેની કોર્ટમાં મુ.તા.૧૩-૧૦-૨૦૧૭ ના કલાક ૧૦-૩૦ વાગે હાજર રહી લેખિતમાં વાંધા રજુ કરવા અન્યથા અરજીમાં માંગેલ દાદ અન્વયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૩ મી માહે - ઓકટોબર સને ૨૦૧૭ ના રોજ અમારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (જી.બી.પરમાર) | કોર્ટનો સિકકો | (આર.એમ.ચૌધરી) | (વી.ટી.દવે) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ભાભર |

# તંત્રી સ્થાનેથી ...

## કષ્ટને સહન કરવાથી જ અનુભવની પ્રાપ્તિ થાય છે.

## પાક. કબજા હેઠળના કાશ્મીરમાં ત્રાસવાદી કેમ્પોને પડકારવા જરૂરી

આઈ.બી. એટલે કે ઈન્ટેલીજન્સ બ્યુરોએ હમણાં ચેતવણી આપતાં કહ્યું છે કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈ.એસ.આઈ. દ્વારા પાક.ના કબજા હેઠળના કાશ્મીરમાં જેના પર ભારતનો સર્વ હક્ક છે. ત્યાં કેટલાક કેમ્પોમાં કાશ્મીરી યુવાનોને આતંકવાદી બનાવવા માટેની તાલીમ આપવામાં આવી રહી છે. આઈ.એસ.આઈ. દ્વારા ત્યાંના જે તે વિસ્તારમાં આવી રીતના કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. તેમજ ગિલગીટ, બાલ્ટિસ્તાન, દુલાઈ, કાંડારો સહિતના વિસ્તારોમાં તો વર્ષોથી ત્રાસવાદી કેમ્પો ચાલે છે. તે તમામ કેમ્પોને પડકાર્યા વિના છૂટકો નથી. આ તમામ કેમ્પોમાં સર્જીકલ સ્ટ્રાઈક કરવી જોઈએ.

શ્રીનગર સ્થિત કમાન્ડીંગ લેફ્ટ જનરલ સતિષ દુવાએ અગાઉ કહ્યું હતું કે, કુલ ૧૭ ત્રાસવાદી તાલીમ કેમ્પો પાક.ના કબજા હેઠળના કાશ્મીરમાં ચાલે છે. જે દેશ માટે ઘાતક નિવડે તેમ છે. મતલબ કે સમગ્ર ‘‘પોક’’ વિસ્તાર કેમ્પોથી ભર્યો છે. ત્યાં ૧૦૦ થી વધુ ત્રાસવાદીઓને આતંકી હુમલા- વિસ્ફોટ કરવાની તાલીમ આપવામાં આવી રહી છે. ત્રાસવાદી સંગઠનો દ્વારા કાશ્મીરમાંથી કેટલીક યુવતીઓના અપહરણ કરી તેઓને કેમ્પોમાં પહોંચાડી મોટી લાલચો આપીને ત્રાસવાદી બનવાની તાલીમ આપવામાં આવી રહી છે. પાક.ના કબજા હેઠળના કાશ્મીરમાં પાક. સેના અને આઈ.એસ.આઈ. ગુપ્તચર સંસ્થાના માણસો ત્યાંના રહીશો પર અત્યાચાર ગુજારી રહ્યા છે. આ વિસ્તારમાં કાયદો- વ્યવસ્થા જેવું કંઈ જ નથી. અસંખ્ય કાશ્મીરી પિડીતો વર્ષોથી પાક. સેનાના ત્રાસને સહન કરી રહ્યા છે. અહીંના કેટલાક વિસ્તારોમાં બાળકોની હત્યા કરવામાં આવી છે. ત્યાં રહેતા લોકો ત્યાંથી ભાગી શકતા નથી. જો ભાગે તો ગમે તે જગ્યાએ સેનાની ગોળીનું નિશાન બની શકે છે. ઠેરઠેર આઈ.એસ.આઈ.ના માણસોનો અડ્ડો હોવાથી લોકોની સ્થિતિ ગંભીર બની છે.

થોડા દિવસ અગાઉ જ ઓગણીસ વર્ષીય યુવતી ઘરની બહાર કોઈ વસ્તુ લેવા ગયેલ ત્યારબાદ તેનો પત્તો ખાધો નથી. ત્રાસવાદીઓ ઉઠાવી ગયા કે સેનાના માણસો બે સવાલ ગંભીર બનેલ છે. અપહરણ કરાયેલ અનેક યુવાનો- યુવતીઓનો પત્તો મળી શક્યો નથી. ત્રણ વર્ષ અગાઉ જમ્મુ અને શ્રીનગરમાંથી ૧૮ યુવક યુવતીઓના અપહરણ થયા હતા. જેની જમ્મુ પોલીસમાં ફરિયાદ પણ નોંધાવામાં આવી હતી. તેમ છતાં આજદિન સુધી કોઈ ભાળ મળી નથી.

પોકમાં સેનાના અત્યાચારને રજુ થયેલા વિડિયોની વિગત સપાટી પર આવી છે. જેમાં મુઝફરાબાદ, ગિલગીટ સહિતના વિસ્તારોમાં અત્યાચારની બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ. જેથી હવે સામાન્ય લોકો પણ મેદાનમાં આવી ચુક્યા છે.

આઈએસઆઈ અને એના દ્વારા જે અત્યાચારનો ખેલ ખેલવામાં આવી રહ્યો છે. તે બાબતે કેન્દ્ર સરકારે કાશ્મીર સરકારને પોક વિસ્તારમાં કાયદો વ્યવસ્થાને યોગ્ય કરવા જણાવવું જોઈએ. પોક અને કાશ્મીરની સરહદ પરની અવરજવરને રોકવા માટે નવી વ્યુહરચના ઘડવામાં આવે તે જરૂરી છે. ત્યાંના પિડીત પરિવારોની સુરક્ષા અને કાશ્મીર સરકાર તરફથી જરૂરી મદદ મળી રહે તે માટે સરકારે પ્રતિનિધિમંડળ કાશ્મીર મોકલી સ્પષ્ટ રીપોર્ટ તૈયાર કરવો જોઈએ. ગત વર્ષે આવો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ તેની કોઈ ગતિવિધિ થઈ શકી ન હતી. બહાર પડેલા વિડીયો અંગે ટીપ્પણી કરતા પાકિસ્તાનના વિદેશ સચિવ એઝાઝ ચૌધરીએ જણાવેલ કે આ માત્ર દ્વેષ ભાવની ભાવનાનો પ્રચાર છે. પાકિસ્તાને હંમેશા કાશ્મીરીઓનો મુદ્દો ઉઠાવ્યો છે.

પોક વિસ્તારમાં નાગરિકો પરના અત્યાચારને રોકવા માટે સરકારને હવે કઈ નીતિ ઘડવાની છે તેની દેશવાસીઓ રાહ જોઈ રહ્યા છે. ખાસ કરીને કાશ્મીરમાંથી ગુમ થયેલા યુવક યુવતીઓને પોકના કયા કેમ્પમાં ત્રાસવાદની તાલીમ આપવામાં આવી રહી છે. તે બાબતે કાશ્મીર સરકાર દ્વારા અહેવાલ તૈયાર કરીને સરકાર સમક્ષ રજુ કરવો જોઈએ.

## કથાસાગર-સત્યની સાચી ઓળખ

એક ગામમાં એક વ્યક્તિ રહેતો હતો. તેની પત્ની મરી ચૂકી હતી અને તેનો એક જ દીકરો હતો. એક દિવસ જ્યારે તે વેપાર માટે બહારગામ ગયો હતો ત્યારે ત્યાં ડાકુઓએ હુમલો કરી દીધો. ડાકુઓએ ત્યાં અનેક લોકોની હત્યા કરી નાખી અને અનેક લોકોના મકાનોને આગ ચાંપી દીધી. પરત ફરતી વખતે ડાકુ એ વ્યક્તિના પુત્રને પણ પોતાની સાથે લઇ ગયા. જ્યારે એ વ્યક્તિ ગામમાં પરત ફર્યો ત્યારે ત્યાં તબાહીની સ્થિતિ જોઇ તેના હોશ ઉડી ગયા. તે રડી રડીને આખા ગામમાં પોતાના એકમાત્ર સંતાનને શોધવા લાગ્યો. ઘરમાં રાખ થયેલા મકાનો અને લાશો વચ્ચે તેને એક બાળકની બળી ગયેલી લાશ મળી. તેની કદ-કાઠી તેને પોતાના બાળક જેવી લાગી. આ જોઇ તે છાતીફાટ રૂદન કરવા લાગ્યો. તેણે માની લીધું કે તેનો દીકરો મરી ગયો છે. બાદમાં તેણે એ બાળકના અંતિમ સંસ્કાર કરી નાખ્યા. અનેક મહિના થઇ ગયા પરંતુ તે વ્યક્તિ પોતાના દીકરાની વિદાયના શોકમાં ગળાડૂબ જ રહેતો હતો. એક દિવસ એ વ્યક્તિના પુત્ર ડાકુઓના ચુંગલમાંથી ફરાર થઇ ગયો. તે જેમ તેમ કરીને પોતાના ગામ સુધી આવ્યો અને સીધો પોતાના ઘર તરફ જવા લાગ્યો. તે વખતે ત્યાં રાત પડી ચૂકી હતી. જ્યારે તેને ઘરનું બારણુ ખખડાવ્યું ત્યારે દીકરાના શોકમાં ડૂબેલા પિતાએ અંદરથી જ પૂછ્યું કે કોણ છે? દીકરાએ જવાબ આપ્યો હું તમારો દીકરો. દુ:ખી પિતાને લાગ્યું કે કોઇ તોફાની છોકરો તેની મજાક કરી રહ્યો છે. આ કારણે તેને મોટેથી કહ્યું, મારો કોઇ દીકરો નથી. તુ અહીંથી જતો રહે. એમ કહી તે રડવા લાગ્યો. બાળક થોડી વાર ઉભા રહ્યો અને ત્યાંથી જતો રહ્યો. ત્યારબાદ પિતા અને પુત્ર જીવનમાં ક્યારેય ન મળ્યા. કથાનો સાર એ છે કે જીવનમાં ક્યારેય-ક્યારેક લોકો કોઇ ખોટી વાતને સાચી માની તેની સાથે જોડાઇ જાય છે અને તેના પરિણામસ્વરૂપ એવું પણ બનતું હોય છે કે સત્ય સામે પ્રગટ રહે છે અને ખોટા તાદાત્મ્યને કારણે તેની ઓળખ થઇ શકતી નથી અને તે દ્વારેથી પરત ફરે છે. સત્ય પ્રતિ લગાવ થવાની સાથે એ પણ જરૂરી છે કે આપણે આપણા દ્વારા સાચા માની લેવામાં આવેલા તથ્યોના પરીક્ષણ પ્રતિ પણ સજાગ રહે. આમ ન થતાં સત્ય અંધવિશ્વાસ બની જાય છે જે અત્યંત દુ:ખદાયક હોય છે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# પાણી પી ને ભૂખ્યા સુઈ જતા વૃદ્ધોને જોઈને રમેશભાઈ મહેતાનું હૈયું ખળભળી ઊઠ્યું ને તેમણે નક્કી કર્યુ કે હવે ધંધો નથી કરવો. નિવૃત્ત જીવન આવા લોકો માટે...




કેટલાય વૃદ્ધો એવા કે ચણા-મમરા ખાઈને દિવસ પૂરો કરી નાખે. કોઈને દિવસમાં એક જ વખત ભોજન મળે. કેટલાય એવા કે દીકરાઓ જુદા થઈને લ્હેર કરતાં હોય ને મા- બાપ એકલાં એકલાં માંડ- માંડ પેટનો ખાડો પૂરો પાડે. અમદાવાદમાં લાલ દરવાજા પાસે આવેલ ઢાળની પોળ આસ્ટોડીયા ચકલા પાસે દુકાન ધરાવતા રમેશભાઈ મહેતાએ આ જોયું ને તેમની સંવેદના ખળભળી ઊઠી. એમને થયું કે આમના માટે હું શું કરી શકું? ને તેમણે પોતાની દુકાનનો સંકેલો કરી દીધો. તેમને મુખવાસની દુકાન હતી. ખૂબ પ્રખ્યાત. જેની રજવાડી ખારેક ગુજરાતમાં પ્રસિદ્ધ હતી. હાજમાહજમ અને બીજા પ્રસિદ્ધ મુખવાસ હતા. કારકિર્દીની ટોચ ઉપર હોય ને એકાએક બંધ કરી દેવું એ મોટી ઉપલબ્ધિ. આ વૃદ્ધોને આપણે જમાડીએ. હાડવૈધ ગિરિશભાઈને તેમણે વાત કરી. એમણે સહયોગ આપ્યો અને તા.૧૪/૪/૨૦૦૮ થી તેમણે આવા વૃદ્ધોને જમાડવાનું શરૂ કર્યું. થોડા વૃદ્ધો આવ્યા પણ ખરા. પણ આ બધા મોટેભાગે ઉજળિયાત વર્ણના. સમાજમાં મોટી નામના ધરાવનારા. એમના દીકરાનાં નામે ય પાછાં જાણીતાં. લપાતા-છૂપાતા આવે. ને અંદર સંકોચ પણ ખરો કે આ મફત જમે છે. એટલે રમેશભાઈ મહેતાએ ઉકેલ કાઢ્યો. જમવા માટે આવવાનું નહીં. અમે ટિફિન મોકલશું. દુનિયાના રસ્મો- રિવાજથી સંતાઈને ય પેટ તો ભરવું જ પડે? એ યોજના બધા વડીલોને ગમી. રમેશભાઈએ ટિફિનની વ્યવસ્થા શરૂ કરી. સમયસર બધાને ત્યાં ટિફિન પહોંચી જાય. તેમણે ગિરિરાજ સેવા કેન્દ્રને નામે ટિફિન સેવા શરૂ કરી.

ગિરિરાજ નામ કેમ રાખ્યું? તો રમેશભાઈ મહેતા કહે કે મૂળ અમે વૈષ્ણવ ધર્મ પાળીએ. ભગવાન કૃષ્ણ અમારા આરાધ્ય ભગવાન. કૃષ્ણે ઈંદ્રની અતિવૃષ્ટિના કોપથી ગિરિ પર્વતને ધારણ કરેલો. ત્યારથી તેમનું નામ ગિરિધર પડેલું. ભૂખ્યાં ને ભોજન આપવું એ તો ગિરિવરને ધારણ કરવા જેટલું વિરાટ કામ છે. રમેશભાઈ કહે- થાય તેટલું કરીએ છીએ.

અમૃત ધારા – કનુભાઇ આચાર્ય

શરૂઆતમાં રમેશભાઈએ પોતાની સંપત્તિથી આ શરૂ કર્યું. કેટલાક વૃદ્ધો એવા છે કે જેમને સાવ મફતનું જમવામાં સંકોચ થાય છે એટલે એવા વૃદ્ધો માટે ભોજન શુલ્ક માત્ર દસ રૂપિયા રાખવામાં આવેલ છે. સાવ નિરાધાર અને આવક ન ધરાવતા માટે કોઈ પણ ફી લેવામાં આવતી નથી. અત્યારે રોજ દોઢ સો ટિફિન પહોંચાડવામાં આવે છે.

અમે ચિત્રકૂટમાં પૂજ્ય સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજની કથાનું શ્રવણ કરી, અયોધ્યા - કાશી વગેરે તીર્થયાત્રા કરીને જ્યારે પરત ફરતા હતા. ત્યારે ટ્રેઈનના ડબ્બામાં ગળામાં આઈડેન્ટિટી કાર્ડ લગાવેલા કેટલાક વૃદ્ધોને જોયા. જિજ્ઞાસાવશ તેમને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે તેઓ અયોધ્યા-કાશીની તીર્થયાત્રાએ ગયા હતા. અમારા શ્રમિત ચહેરાની સામે તેમના ખુશખુશાલ ચહેરાને જોઈને તેમને વધુ વિગત પૂછી. એ સમયે મારી સાથે હસમુખભાઈ કેશવલાલ ઠક્કર (રાજકોટવાળા) બળવંતસિંહ જાડેજા (પાલનપુર) અને દિનેશભાઈ ઠક્કર (ડીસા) વાળા સાથે હતા.

૧૨૦ જેટલા વૃદ્ધોને રમેશભાઈ મહેતાએ નિ:શુલ્ક યાત્રા કરાવી હતી. જે લોકો આર્થિક અને સામાજિક સંજોગોને કારણે તીર્થયાત્રા નથી કરી શકતા તેવા વૃદ્ધોને તીર્થયાત્રા કરાવવી. તેવું તેમણે વિચાર્યુ અને આ તેમની છઠ્ઠી તીર્થયાત્રા હતી.

જયશ્રીબહેન મણિયાર કહે- ‘ભાઈ, અમે આ જિંદગીમાં ક્યારેય અયોધ્યા જોઈ ન શકત. કાશી તો અમારા સપનામાં ય ના આવે. અમારો તો મનખો ઊજળી ગયો.’

મનહરભાઈ નાગર એટલા ખુશ હતા કે - ગળગળા થઈ ગયા. હવે મૃત્યુ આવે તો ય અમને જરા ય અફસોસ નથી.

રમેશભાઈ જીવણલાલ શાહ કહે- કાશી વિશ્વનાથની આરતી અમે જોઈને ધન્ય- ધન્ય થઈ ગયા. અમારા દીકરા ય આવી જાત્રા ન કરાવે એવી જાત્રા તેમણે કરાવી છે.’

એક સો વીસ વૃદ્ધોનાં હૈયાં ઊછળતાં હતાં- કુદતાં હતાં. ભજન ગાય- આનંદ પ્રમોદ કરે. આ વૃદ્ધોનો તમામ ખર્ચ સંસ્થાએ કરેલો. અમદાવાદ રેલ્વે સ્ટેશનથી બેઠા પછી અમદાવાદ ઉતરે ત્યાં સુધી કોઈએ એક પણ પૈસો કાઢવાનો નહીં. સંસ્થાનો વહીવટ પણ કેટલો પારદર્શક..?! એક સો વીસ યાત્રીઓના તમામ ખર્ચનું છાપેલું પેમ્ફલેટ અમારા હાથમાં પકડાવી દીધું. તેમાં જણાવ્યા પ્રમાણે ૧૨૦ યાત્રીનો ૪,૭૭,૦૦૦/- રૂા. ખર્ચ થયો. જેમાં નાવનું ભાડું, રિક્ષા ભાડાથી સામાન મૂકવા સહિતનું બધું જ આવી જાય છે! વેપારી મિત્રો તો કડકડાટ ગણવા લાગ્યા.

અરે, આ તો એક યાત્રીનો ખર્ચ ચાર હજાર રૂપિયા જ..!

મેં કહ્યું- ‘ચાર હજાર રૂપિયામાં એ યાત્રીઓની આંતેડીના આશીર્વાદ તો જુઓ...??’

કોઈ સ્મિતે સ્મિતે રડે છે
કોઈ ટીપે ટીપે હસે છે..

રમેશભાઈ મહેતા કહે કે અમે તો સેવા કરવા નીકળ્યા છીએ. દીકરા દીકરાનું કમાય છે. જરૂર પડ્યે ઘરના ય પૈસા વાપરી નાખીએ.

‘‘ન ચહેરો લૂછવાની જરૂર છે
ન દર્પણ લૂછવાની જરૂર છે
જો હોય હૈયું હાથ ને હામ
તો કોઈનાં આંસુ લૂછવાની જરૂર છે.’’

રમેશભાઈ મહેતા મળવા જેવા માણસ છે. રસીક ચોક, ઢાળની પોળ આસ્ટોડીયામાં તેઓ આ સંસ્થા ચલાવે છે. આપણે તો સેવા નથી કરી શકતા પણ આવી સેવા કરનારને એપ્રિશિયેટ તો કરી શકીએ? એટલી સંવેદના ધરાવનારને વિનંતી કે તેમનો મોબાઈલ નંબર ૯૯૨૫૪ ૬૦૩૮૪ છે.

**- કનુ આચાર્ય**

## રિયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીના ધ અલ્ટીમેટ વૉઈસ દ્વારા ‘ચેન્જ ઓફ ગાર્ડ’ની ઘોષણા




હિરાનંદાણી ગ્રૂપના ચેરમેન અને સ્થાપક તથા હિરાનંદાણી કમ્યુનિટીઝના સીએમડીના ડો. નિરંજન હિરાનંદાણીએ નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલના (NAREDCO) ના રાષ્ટ્રીય પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. મુંબઈ ખાતે આયોજિત પ્રેસિડેન્શિયલ ઈન્ડક્શન સેરેમનીમાં ચાર્જ સંભાળતા ડો. નિરંજને કહ્યું હતું, ‘આ ઈન્ડસ્ટ્રીના પડકારરૂપ સમય છે જે નવી રેગ્યુલેટરી શાસન સાથે કામ કરવાના ભાગરૂપે સામે આવી રહ્યો છે. NAREDCO દ્વારા મારામાં મુકાયેલા વિશ્વાસ અને ભરોસા માટે હું સન્માનની લાગણી અનુભવું છું અને નારેડકોના હેતુ અને લક્ષ્યોને પરિપૂર્ણ કરવા માટે આતુરતા અનુભવું છું

## &TVના આગામી શો સિદ્ધિ વિનાયક માટે મનીષ ખન્નાને લેવાયો

ફિક્શન ઓફરોની મોજૂદ શ્રેણીમાં વધુ એક રોચક વારતાનો ઉમેરો કરતાં ૠ હવે નવો શો સિદ્ધિવિનાયક લોન્ચ કરવા માટે સુસજ્જ છે. બોલીવૂડની ઝાકઝમાળની પાર્શ્વભૂમાં સ્થાપિત સિદ્ધિ વિનાયક જોશીલી હેટ સ્ટોરી છે, જેમાં બે વ્યક્તિ ધિક્કાર દ્વારા એકબીજાની નજીક આવે છે. મુખ્ય સ્ત્રી પાત્ર સિદ્ધિ નેહા સકસેના ભજવી રહી છે, જે બેકગ્રાઉન્ડ ડાન્સર છે, જ્યારે વિનાયક ઉર્ફે વિનની ભૂમિકા નીતિન ગોસ્વામી ભજવી રહ્યો છે. વિનાયકના પિતાનું પાત્ર લોકપ્રિય અભિનેતા મનીષ ખન્ના ભજવશે.

મનીષ શંકર કુંદ્રાનું પાત્ર ભજવશે, જે થેટ પંજાબી બોલીવૂડમાં કારકિર્દી ઘડવા માટે સ્વપ્નનગરી મુંબઈમાં આવે છે. તે પોતાનું સપનું સાકાર કરવા સાથે મોટી મૂડી પણ ઊભી કરવા માગે છે. જોકે તેનું નસીબનું પાંદડું એ રીતે હલે છે કે ખોટું કરવા છતાં તે જીવનમાં આગળ વધી જાય છે અને આખરે બોલીવૂડનો અગ્રણી નિર્માતા બની જાય છે. આ ભૂમિકા વિશે બોલતાં મનીષ ખન્ના કહે છે, સિદ્ધિવિનાયકની વારતારેખા રસપ્રદ છે અને મારું પાત્ર શંકર કુંદ્રા સિદ્ધિ અને વિનાયકની પ્રેમકથાને આકાર બદ્ધ કરવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

## એમએએસ ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડનો આઈપીઓ ૦૬ ઓક્ટોબર, ૨૦૧૭ના ખુલશે




અમદાવાદ

એમએએસ ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડ (“કંપની”) જે ગુજરાતમાં મુખ્યાલય ધરાવતી, વેપારમાં બે દાયકાથી વધુથી કાર્યરત એનબીએફસી છે, તે એની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (“આઈપીઓ” અથવા “ઓફર”) લાવશે, જે ૦૬ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ ખુલશે અને ૧૦ ઓક્ટોબર, ૨૦૧૭ના બંધ થશે અને જેમાં કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા પ્રત્યેક ઈક્વિટી શેર (“ઈક્વિટી શેર્સ”) માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૪૫૬થી રૂ. ૪૫૯ પ્રતિ ઈક્વિટી શેર રહેશે. એન્કર ઈન્વેસ્ટરનો બિડ/ઓફરનો સમયગાળો ૦૫ ઓક્ટોબર, ૨૦૧૭થી રહેશે, જે ઓફર ખુલવાની તારીખથી એક દિવસ અગાઉથી રહેશે. આઈપીઓમાં રૂ. ૨,૩૩૦ મિલિયન સુધીનો નવો ઈશ્યુ (“નવો ઈશ્યુ”) અને રૂ. ૨,૨૭૦.૪૨ મિલિયન સુધીની સેલિંગ શેરહોલ્ડર્સની ઓફર ફોર સેલ સામેલ છે.

## એન્ડ પિકચર્સ ૩જી થી ૮મી ઓકટોબર ૨૦૧૭ના રાત્રે ૮ કલાકથી જેન–નેકસ્ટ ફિલ્મ ફેસ્ટિવલની ઘોષણા કરે છે




તેઓ સ્ટ્રોન્ગ, ડેશિંગ અને તમામ રીતે ઓસમ છે. તેઓ આજના જમાનાના એક્ટર્સ છે જેમની પ્રતિભા અને અણનમ અભિનય કુશળતાએ દેશને વંટોળે ચડાવેલ છે. દર્શકોને જેમની વિશુદ્ધ મોહકતા અને આકર્ષણ પસંદ આવી જાય તેવા કલાકારો દ્વારા કહાણીઓ અને મનોરંજનની ઉજવણી કરવા, એન્ડ પિકચર્સ નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, જેન–નેકસ્ટ ફિલ્મ ફેસ્ટિવલની ઘોષણા કરે છે. મંગળવાર, ૩જી ઓકટોબર થી રવિવાર, ૮મી ઓકટોબર સુધી રાત્રે ૮:૦૦ કલાકે દર્શાવવામાં આવનાર ફેસ્ટિવલ બધું કરી એવી બ્લોકબસ્ટર મૂવીઝ લઈ આવે છે જે દરેક મૂવી–ચાહકની મનોરંજન આવશ્યક્તાઓને સંતોષે.

## પ્રેમની નિશાની

### મન દર્પણ

અંકિત ઘણા સમયથી તને એક વાત કહેવી છે પણ સંકોચ થાય છે. અરે સુજલ! તું મારો ખાસ મિત્ર છે. ખુલ્લા દિલથી બોલ, તારે શું કહેવું છે ? સંકોચ શા માટે રાખે છે ? તારા અને મારા વચ્ચે એવું કોઈ અંતર નથી કે તને કહેતા શરમ આવે કે સંકોચ થાય ?

હા સાચી વાત છે.. અંકિત પણ...

અરે પણ ને બણ છોડને.. અંકિત વચ્ચેથી બોલ્યો. જો કે સુજલ ઘણા દિવસથી હું તનેખોવાયેલો રહેતો હોય એમ મહેસુસ કરૂં છું. ઉંડા વિચારોમાં ગરકાવ થઈ જાય છે. મનમાં ને મનમાં હરખાય છે. પહેલાં કરતાં ઘણો ઉત્સાહી અને આનંદી પણ જણાય છે..પહેલાં તું તારા અંધત્વને કોસ્યા કરતો હતો, સાવ નિરાશ રહેતો હતો, જીવનથી ઉદાસ ને ગમગીન રહેતો હતો પરંતુ હમણાં હમણાં...

સુજલ બોલ્યો, હા દોસ્ત એ જ તો વાત કરવી છે, તું તો જાણે છે કે બાળપણથી જ હું મારી માની મમતાથી વંચિત રહ્યો છું..પિતાએ બીજા લગ્ન કર્યા એટલે એમનો પણ પ્રેમ વહેંચાઈ ગયો. ઘરમાં સગવડો બધી મળી પણ હુંફ અને લાગણી ના મળી.. સ્કૂલમાં કોલેજમાં હંમેશા ફર્સ્ટ આવતો તેમ છતાં અભિનંદન કે પ્રોત્સાહનના બે શબ્દ માટે પણ વલખા જ મારતો હતો.

મારા માટે ઘર એ સુવા માટે અને જમવા માટેની હોટલ બની ગયું હતું પરંતુ થોડા દિવસ પહેલાં મારી મુલાકાત એક છોકરી સાથે થઈ એનું નામ સુનીતા છે. ખુબ જ પ્રેમાળ અને દયાળુ છે નિખાલસ છે એને મારી આંખોથી નિહાળી શકું એવી ક્ષમતા તો ઈશ્વરે મને આપી નથી ।પરંતુ એનો માદક અને મસ્તીથી ભરપુર મધુર અવાજ સાંભળી લાગે છે કે એ ખુબ જ સુંદર હશે. બિલકુલ મારી સ્વપ્નની પરી જેવી. ખેર એ વાતનો કોઈ અર્થ નથી.. પણ અંકિત સુનીતા મને ખુબ ચાહે છે હું પણ તેને ખુબ જ ચાહું છું. એ અહીંના અનાથાશ્રમમાં મોટી થઈ છે પણ હવે એ પગભર છે. નોકરી કરે છે, હું અંધ છું એવો અહેસાસ પણ એણે મને થવા દીધો નથી. જ્યારથી મારા જીવન સાથે જોડાઈ છે ત્યારથી મને જીવવાનો એક નવો રાહ મળી ગયો છે. અંકિત ખુશ થઈને બોલ્યો, અરે સુજલ આ તો કેટલા આનંદની વાત છે.. એમાં આટલા દિવસથી તું મુંઝાતો હતો. શા માટે ?

અંકિત મને દિલ્હીની અંધજન શાળામાં શિક્ષક તરીકેની નોકરી મળી ચુકી છે. મારે બે ત્રણ દિવસમાં ત્યાં પહોંચી જવું પડશે. હું સુનીતાને કેવીરીતે જણાવું ? શું જણાવું ? ઘરે તો કોઈને વાત કરી શકું એમ નથી. સુનીતા મારા પર વિશ્વાસ મુકશે.

હા..હા..કેમ નહીં મુકે ? જરૂર મુકશે, તું એને જણાવજે કે નોકરી મળ્યા પછી હું ત્યાં સારી રીતે સેટ થઈ જાઉં...સારા ભાડાના મકાનની વ્યવસ્થા કરી લઉં પછી તારી સાથે લગ્ન કરી ત્યાં લઈ જઈશ.. બંનેશાંતિથી રહીશું.

**-મંજુ પ્રજાપતિ**

## તમે તમારા સમયને વેડફો છો કે રોકાણ કરો છો ?

આજના સમયમાં વ્યક્તિની સરેરાશ ઉંમર ૬૫ વર્ષ હોય છે. જેમાંના ૧૫ વર્ષ બાળપણ અને કિશોરાવસ્થામાં વીતિ જાય છે. બાકીના જે ૫૦ વર્ષ રહે છે તેમાંનો એક તૃતાંશ એટલે આસરે ૧૬ વર્ષ વ્યક્તિ ઉંઘવામાં વેડફી નાંખે છે. વ્યક્તિ પાસે જીવવા માટે માત્ર ૩૪ વર્ષનો સમય હોય છે. આપણે એ સમીક્ષા કરવી જોઈએ કે મૃત્યુ પછીના જીવનને સાર્થક કરવા આટલા વર્ષોમાં આપણે શું કર્યુ. પસંદગી જાતે કરવાની છે કે આ સમયને વેડફી નાખવો છે કે પછી આપણા અને બીજાઓને માટે ઉપયોગ કરવો છે. સામાન્ય શબ્દોમાં એમ કહી શકાય કે આપણે આપણા સમને ખર્ચ કરી રહ્યા છીએ અથવા ઈન્વેસ્ટ (રોકાણ) કરી રહ્યા છે.

આપણે ઉપયોગ કરતા એક સામાન્ય ટર્મ ‘ટાઈમ પાસ’ ઉપર ધ્યાન દોરવું જોઈએ. વાસ્તવમાં ‘ટાઈમ પાસ’ જેવી કોઈ વસ્તુ જ નથી. આપણે આપણા સમયને વેડફતા હોઈએ છીએ અથવા તેનો ઉપયોગ કરતા હોઈએ છીએ. સમય તો આપ મેળે પસાર થશે જ. તેને ન મંદ પાડી શકો છો ન તેજ કરી શકો છો.

સમય વેડફવા અને સમયનું રોકાણ કરવામાં શું ફેર છે?

ઈસ્લામી સાહિત્યની પ્રતિષ્ઠિત પુસ્તક ‘સહી અલ બુખારી’ના લેખક ઈમામ બુખારીએ સમયનું રોકાણ કર્યું હતું. તેમણે આ પુસ્તકને કમ્પાઈલ કરવામાં ૧૮ વર્ષ વ્યતીત કર્યા હતા. જેને કબ્રમાં તેમને પુણ્યમાં અસમાન્ય ડીવીડન્ડ અપાવ્યા. દિવસ રાત એક કરી તેમણે બનાવેલા સખત નિયમો દ્વારા હદીસોનું વિશ્લેષણ કરી ૨૨૩૦ હદીસો લીધી. આ પુસ્તક સતત ૧૨૦૦ સદીઓથી ઈસ્લામી ન્યાયશાસ્ત્રને વિસ્તારપૂર્વક સમજાવતી રહી છે. વિદ્યાર્થીકાળમાં યાદ રહેલી ૨ લાખ હદીસોના પરીક્ષણ માટે તેમણે સમગ્ર અરબની યાત્રા કરી. આશ્ચર્યજનક પરાક્રમ! આખી દુનિયામાં દર વર્ષે સેકડો-હજારો મદરસાઓ ઈસ્લામ જાણવા અને શિખવવા બુખારીનો ઉપયોગ કરે છે. આ હદીસની નોંધ રાખી શકો. જ્યારે વ્યક્તિ મૃત્યુ પામે છે પોતાની પાછળ ત્રણ વસ્તુ મૂકી જાય છે. જેનો લાભ મૃત્યુ પછી પણ તેને મળતો રહે છે. નેક (ચારિત્ર્યવાન) બાળકો જે તેના માટે દુઆ કરતા હોય, સદકાએ જારિઆ (ઝ્હેંહેંજ ઝરફ્રૈંઈ) અને જ્ઞાન, જે તે પાછળ મૂકીને ગઈ છે અને લોકો તેનાથી લાભ મેળવી રહ્યા હોય. આપણાો સમયનો ઉપયોગ કઈ રીતે કરીએ છીએ? શું આપણે ઈન્વેસ્ટ કરી રહ્યા છીએ કે વેડફી રહ્યા છીએ? સમય એ મૂડી છે જેને આપણે ખરીદી શકતા નથી. ન જ આપણા જીવનનો સમય બીજાને પરિવર્તીત કરી શકીએ. આ તે વસ્તુ છે જેને પાછી મેળવી શકતા નથી. તમે ગુમાવેલી સંપત્તિ મેળવી શકો છો પરંતુ વીતેલો સમય ક્યારેય પાછો મેળવી શકતા નથી. તમે પરીક્ષામાં નિષ્ફળ થાવ તો આગલા વર્ષે ફરી પ્રયત્ન કરી શકો છો. પરંતુ જો તમે જીવનમાં નિષ્ફળ ગયા તો ફરી કોઈ તક મેળવી શકતા નથી. નીચેની હદીસથી આ વાત સ્પષ્ટ થઈ જશે કે આ જીવન કેટલું કિંમતી છે. શહીદને એ છૂટ હશે કે તે જન્નતમાં ઈચ્છે ત્યાં જઈ શકે છે, હરી ફરી શકે છે, અલ્લાહ તેમને પ્રશ્ન કરશે, ‘શું તને એનાથી વધારે બીજુ કશું જોઈએ છે?’ ‘હા, મારા રબ! હું દુનિયામાં પાછો જવા માંગુ છું કે જેથી ફરીવાર શહીદ થઈ શકું.’ તે તેની ઈચ્છા વ્યક્ત કરશે. ‘ના, હવે તમે પાછા ન જઈ શકો’! આપણા પહેલાના લોકો સેંકડો વર્ષ જીવતા હતા. નૂહ અલૈ. તેમની કોમમાં ૯૫૦ વર્ષ કામ કર્યું. આપણે એ લોકોથી ઘણા જ પાછળ આવ્યા છીએ. છતાં સ્વર્ગમાં તેમનાથી પહેલા દાખલ થઈ શકીએ! કઈ રીતે! જવાબ બિલ્કુલ સામાન્ય છે. આપણું જીવન ટુંકુ છે પરંતુ આપણું પુણ્ય (ઈનામ) ઘણું જ વધારે. દા.ત. આપણે પાંચ સમયની નમાઝ અદા કરીએ. પરંતુ પુણ્ય પચાસ નમાઝનું મળે છે. આપણે જમાઅત સાથે (સામુહિક રીતે) નમાઝ અદા કરીએ તો ૨૭ ગણુ વધારે પુણ્ય મળે છે. જો આપણે ઈશા અને ફજરની નમાઝ જમાત સાથે અદા કરીશું તો સમગ્ર રાત્રિ ઈબાદત કરવાનું પુણ્ય લેખાશે. જો આપણે એક લૈલતુલ કદર મળી જાય તો તે ૧૦૦૦ રાત્રિ ઈબાદત કરવા જેવું છે. આપણે જીવનમાં ઘણી બધી વસ્તુઓ કરી શકીએ છીએ. પરંતુ કરી શકતા નથી. બિલ્ડીંગ બાંધવી કે શાળા ઉભી કરવાના સ્વપ્ર સેવી શકીએ પરંતુ આપણને સવાબે જારિયાના આ કાર્યોને પુરા કરવા નાણાં મળતા નથી. પરંતુ ક્યારેય તમે જે આપણે કરી શકીએ એ વાતની નોંધ કરી છે. ધારો કે આપણે કઈ કરી શકીએ છતાં કરી રહ્યા નથી. તમે મુલ્તવી રાખેલા એ સારા કાર્યોની સૂચી તૈયાર કરો જે તમે કરવા માંગો છો અને તેના માટે સમય ફાળવો. એવું પણ હોઈ શકે કે તમે કોઈ ઉપયોગી પુસ્તક લખવા માગતા હોવ અથવા કુઆર્નને કંઠસ્થ કરવા કે અરબી શિખવા માગતા હો. આ બધી સારી વસ્તુ છે જે તમે મોડુ કરી રહ્યા છો. તમારા મુલ્તવી રાખેલા કાર્યોને ઉપાડો અને તેને કરવાનું શરૃ કરી દો અને આજ તે વસ્તુ છે જેને આપણે કરી શકીએ કે સમયનું સારી રીતે રોકાણ થયું.

યાદ રાખો. સમયનો બગાડ કલાકોમાં નહી મીનીટોમાં થાય છે જે આપણે કશું ન કરીને ચૂકી જઈશું ત્યારેપ ‘‘(આ લોકો પોતાની કરણીથી અટકવાના નથી) ત્યાં સુધી કે તેમનામાંથી કોઈને મૃત્યુ આવી જશે તો કહેવાનું શરૃ કરશે કે ’’હે મારા રબ ! મને તે જ દુનિયામાં પાછો મોકલી દે જેને હું છોડીને આવ્યો છું, આશા છે કે હવે હું સદ્કાર્ય કરીશ’’ – કદાપિ નહીં, આ તો માત્ર એક વાત છે જે તે બોલી રહ્યો છે. હવે આ સૌ (મરનારાઓ)ના પાછળ એક બરઝખ (આડ) છે બીજા જીવનના દિવસ સુધી.’’

# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

તા.૦૪-૧૦-૨૦૧૭ બુધવાર






## ફલાવર ટામેટાની કરી....

સામગ્રી : ૧-૨ કીલો ટામેટા, ૧-૪ કીલો કોબી ફલાવર, ૪ ચમચી ચણાનો લોટ, ૧૦ ગુવારની સીંગો ટુકડા કરીને, ૧૦ ભીંડા મોટા ટુકડા કરીને, ૨ ચમચી દુધીનાં ટુકડા, ૨ લીલાં મરચાં લાંબા ચીરેલા, ૧-૨ ચમચી લાલ મરચાંની ભુકી, ૧ ચમચી રાઈ, જીરૂ, ૧ ચપટી હીંગ, બે ચમચી તેલ, મીઠું પ્રમાણસર.

રીત : ટામેટાં અને કોબીફલાવરને ૬ કપ પાણીમાં નરમ પડે ત્યાં સુધી બાફવા, મીકસરમાં નાખી એકરસ કરવા ચણાના લોટને ૧-૪ કપ પાણીમાં મીકસ કરવા, અને મિશ્રણમાં નાખવો અને ૧૫ મીનીટ ઉકાળવું. તેલ ગરમ કરવું અને રાઈ તથા જીરૂ તતડવા લાગે ત્યાં સુધી સાંતળવા, ફરીથી ૫ મીનીટ કરીને ઉકાળવી, ગરમા ગરમ પીરસવી.

## સ્વભાવ શું છે એ કેવી રીતે ઘડાય ?

**નારી ચેતના**

સમાજના નિયમોથી વિરૂદ્ધ વર્તન કે અનુભવ કરો એ વ્યક્તિત્વનો વિકાર છે. જે વકરીને છુટાછેડા, જેલની સજા કે મનોરોગ સુધી જાય છે...

આપણે વાત વાતમાં સ્વભાવ શબ્દ બોલીએ છીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'હું આશાવાદી છું. મારા સ્વભાવમાં નિરાશા જનથી..' સ્વભાવ વિશે જાણવાની જીજ્ઞાસા થાય, સ્વભાવ એટલે શું ? સ્વભાવ કેટલા પ્રકારના છે ? સ્વભાવ સારો કયારે અને ખરાબ કયારે ? એમાંય જો અલગ અલગ સ્વભાવના લોકો વિશે જાણીએ તો ? તો...તો.. અનેક લાભ મળે.

સ્વભાવ વિશેનો અભ્યાસ મનોવૈજ્ઞાનિકો કરે છે વર્ષોથી અભ્યાસ પ્રકાશીત થાય છે. જેમાંથી અંતર્મુખી અને બહિર્મુખી શબ્દો જાણીતા થયા. પણ એ સિવાય શરમાળ, વહુઘેલો, ગુસ્સાવાળો, વિનોદી, ઘરકુકડી, ઘાતકી, મિત્રકેન્દ્રી, પત્નીકેન્દ્રી, સગાવાદી, પ્રેમાળ જેવા અનેક શબ્દો બોલાય છે. કેટલાક લોકો ચહેરાના આધારે સ્વભાવનું અનુમાન કરે છે. પોલીસ કર્મી વર્તન કે ડ્રાઈવીંગના આધારે શક કરે છે. તો લગ્નેચ્છુક યુવક- યુવતી થોડીક માહિતીના આધારે સાથીના સ્વભાવનું અનુમાન કરે છે. પછી મોટા ભાગના પસ્તાય છે. પણ તેવી રીતે સ્વભાવ નક્કી થાય ખરો ? જેમ કેપ્રીતી પ્રેમના પ્રેમમાં પડી. પ્રીતી કહેતી કે પ્રેમ ખુબ જ પ્રેમાળ છે પરંતુ લગ્ન પછી પ્રેમનો પ્રેમ હવા થઈ ગયો. તેની ભૂમિકા બદલાઈ ગઈ. એટલે કે પ્રેમાળ હોવાનું થોડાક મહીના પુરતું વર્તન હતું. એ સ્વભાવ ન હતો.

પણ યુધિષ્ઠીરને યાદ કરો. તે સમગ્ર જીવન ધર્મને વળેલા હતા. ધર્મ એટલે જ ફરજઅને નિષ્ઠા. ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ હંમેશા નિષ્ઠાવાન રહ્યા. દસ વરસના શાસનકાળ દરમિયાન તેઓએ કોંગ્રેસ પક્ષના પ્રમુખનું કહ્યું કર્યું. માણસ ઉપરીની દિશા સુચનનું પાલન કરે, ભાવનાઓ અને સંબંધોની સરખામણીમાં સિદ્ધાંતોનો અમલ કરે તે સ્વભાવ છે. અંગ્રેજીમાં તેને કોન્સાસીયસ પર્સનાલીટી કહેવાય છે. જે સ્વભાવનો એક પ્રકાર છે.

પર્સનાલીટીનું ગુજરાતી વ્યક્તિત્વ થાય પણ આપણે સ્વભાવ કહીએ છીએ. વ્યક્તિ વિશે અનેક મનોવૈજ્ઞાનિકોએ વ્યાખ્યા કરી. જેમાંથી હું જહોન ઓલ્ધામની વ્યાખ્યાને ટાંકું છું. 'વ્યક્તિત્વ એવો પાયલોટ છે જે આપણને જીવનભર માર્ગદર્શન આપે છે.' સ્વભાવના અગિયાર પ્રકાર છે. ૧. નિષ્ઠાવાન ૨.સ્વવિશ્વાસુ ૩.સમર્પિત ૪.નાટયાત્મક ૫. સાવધ ૬.સાંવેદનાશીલ ૭.નિરાંતપ્રિય ૮.સાહસીક ૯.વિશિષ્ટ ૧૦.અલગારી ૧૧.ચંચળ.

હવે સ્વભાવનું ઘડતર માટે જવાબદાર પરિબળો જાણો. ૧.જનીન ૨.બાળપણમાં જોયું તેનાથી ૩.બાળપણમાં મળેલ વાતાવરણ અને ૪.આઘાતજનક ઘટના.

મોતીલાલ નહેરૂથી રાહુલ ગાંધી સુધીના રાજકારણી સ્વભાવ વારસાગત હોવાનું દર્શાવે છે. અમિતાભ અને રાજીવ મિત્રો હતા.બાળપણમાં અમિતાભે નહેરૂ કુટુંબનું વ્યક્તિત્વ જોયું. તેઓને પ્રસિદ્ધિ, સર્વોચ્ચ પદ અને કાવાદાવા સુઝયા. અમિતાભનો સ્વભાવ જે જોવા મળ્યું તેમાંથી ઘડાયો. વાતાવરણની અસર જુઓ. મોટા ભાગની છોકરીઓને એક જ વાત શીખવાય છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## સુચિ તું મને કયાં લઈ જાય છે ?

**મન દર્પણ**

**- મંજુ પ્રજાપતિ**

સુનયના આજે મને કયાંય ચેન પડતું નથી. જીવ મુંઝાય છે, તું એક કામ કરને.. રોહીતને અને રોહનને ફોન કરી દે કે તેઓ જલદીથી કામ પુરૂં કરી ઘરે આવી જાય. મનોહરભાઈ પલંગમાંથી બેઠા થઈ ગયા અને એમની પત્નીને કહ્યું સુનયનાબેન થોડા ગભરાઈ ગયા અને પતિની બાજુમાં બેઠા એમના ખભે હાથ મુકયોને કહ્યું.

કેમ શું થાય છે તમને ? જો જો હો..મારાથી કંઈ છુપાવતા નહીં.. હું ડોકટરને બોલાવું.. સુનયનાબેન ખુબ ચિંતીત બની ગયા. અરે ના સુનયના તું તો ખરી ગભરૂ છે મને કંઈ નથી થયું આ તો જરા ઠેકાણે નથી એટલે થયું કે રોહન અને રોહીત પાસે બેસે, બધો પરિવાર ઘડીક સામે બેસીએ તો હસી મજાકમાં મન પ્રફુલ્લિત થઈ જાય પણ તું તો નાહકની ચિંતા કરવા લાગી ગઈ. ચાલ જવા દે આપણે બંને સાથે ભોળાનાથના દર્શન કરી આવીએ. તું તૈયાર થઈ જા અત્યારે મંદિરમાં આરતીનો સમય છે ભગવાનના સાનિધ્યમાં મન શાંત થઈ જશે.

બંને પતિ-પત્ની મંદિરે જઈ આવ્યા. આવીને બધા સાથે જમવા બેઠા, એમના પરિવારમાં બે દીકરા ને વહુઓ બંનેના બે બે બાળકો આખો પરિવાર ખુબ સંસ્કારી, મનોહરભાઈને ચાર દિકરીઓ, ચારે પરણીને સાસરે એમના પરિવારમાં સુખી હતી. આર્થિક કે માનસિક ચિંતા કોઈ ન હતી. પણ તેમ છતાં મનોહરભાઈ હંમેશા કોઈ ઉંડા વિચારોમાં ડુબી જતા આજે પણ એમ જ બન્યું. આખો પરિવાર મજાક મસ્તી કરતા સાથે જમવાનો આનંદ લેતો હતો ત્યાં મનોહરભાઈ માત્ર થોડુંક જમીને ઉભા થઈ ગયા ને પોતાના રૂમમાં ચાલ્યા ગયા.

સુનયનાબેન પણ જમી પરવારી એમના રૂમમાં ગયા તો મનોહરભાઈ ખુલ્લી આંખે જાણે ગાઢ નિંદ્રાધીન હોય તેમ ઉંડા વિચારોમાં ડુબેલા હતો. રોજની આદત સમજી સુનયનાબેને એમને કંઈ પુછ્યું નહીં. પલંગની બાજુમાં આસન પાથરી એના પર બેઠા ને ઠાકોરજીની માળા જપવા લાગ્યા. દીકરાને વહુ હજી હોલમાં બેસીને ટીવી જોતા હતા ઘરમાં હજી કોલાહલ ચાલુ જ હતો ત્યાં મનહરભાઈથી ચીસ પડાઈ ગઈ. સુનયનાબેનની માળા બાજુ પર મુકી સફાળા ઉભા થઈ પતિદેવની બાજુમાં બેઠા આખો પરિવાર દોડી આવ્યો જોયું તો મનોહરભાઈ શ્વાસ લઈ શકતા નહોતા. બોલવા જતા હતા પણ શબ્દોથી હોઠેથી બહાર આવતા નહોતા. જીભ લોચા વાળતી હતી. રોહીતે ડૉ.ને.બોલાવવા દોડયો. ઘરમાં રડારડ ચાલુ થઈ ગઈ થોડીવાર થઈ ત્યાં તો મનોહરભાઈએ એક છેલ્લું ડુસકું મુકી દીધું મોં ખુલ્લું જ રહી ગયું એક શબ્દ પણ બોલ્યા નહીં તે એમનો જીવ ચાલ્યો ગયો.દીકરાઓએ પિતા પાછળ દાન પુણ્ય કર્યું ઘણી બધી સંસ્થાઓમાં દાન આપ્યું, ગરીબોને ભોજન જમાડયું જેમ જેમ દિવસ પસાર થતા ગયા તેમ તેમ સૌ આ આઘાતમાંથી બહાર આવતા જતા હતા. સુનયનાબેનને એક જ વાતનું દુઃખ હતું કે આખી જીંદગી ઢસરડાને કાળી મજુરી કરી દીકરાઓને સુખ સંપત્તિ આપનારને ખરેખર સુખ ભોગવવાના દિવસો આવ્યા ત્યાં ભગવાનનું તેડું આવી ગયું. મનહરભાઈ ખુબ નાની ઉંમરના હતા ને એમના પિતાનું અવસાન થયું. એમની માતા પણ પિતાનો વિરહ સહન ન થતાં બે મહીનામાં જ મૃત્યુ પામ્યા હતા. માત્ર છ વર્ષની ઉંમરે તેઓ અનાથ થઈ ગયા. ઘરનું ઘર નહોતું એટલે મકાનમાલીકે ઘર ખાલી કરાવી દીધું. આડોશ પાડોશના લાલચુ માણસોએ ઘરવખરીની લાલચે થોડા દિવસ રાખ્યા પછી બધું પડાવી લીધું. ને કાઢી મુકયા પરંતુ બધા માણસો ખરાબ નાથી હતા. એક દુરના સગાએ એમને નોકર તરીકે ઘરમાં આશરો આપ્યો. આખો દિવસ ખેતરમાં મજુરી કરતાં ને સાંજ પડયે ડુંગળીને રોટલો ખાવા મળતો. કોઈ દિવસ અથાણું કે ગોળ મળતો. શાક તો કયારેય ના મળતું.છ સાત મહીના થયા એટલે એમને ગુજરાતી શાળામાં ભણવા મુકયા. અઠવાડીયામાં માત્ર બે ત્રણ દિવસ શાળાએ જવા દેવામાં આવતા બાકીના દિવસોમાં મજુરી કામ કરવું પડતું ચૌદ વર્ષ પછી એક ઘેરથી બીજે ઘેર એક અનેક ઘરે કામો કર્યા પછી તે પોતે ભાડેથી એક રૂમ લઈ લીધી ને એમાં રેહતા પોતાનું જમવાનું જાતે જ બનાવતા. વિધિની

**અનુસંધાન પાના નં.૬**

## રસથાળ

### રિયલ શાહી ખુરમા ખીર

સામગ્રી : ૫૦૦ ગ્રામ દૂધ,૮થી૧૦ નંગ નરમ ખજૂરના ટુકડા,૫૦ ગ્રામ કેસર પેંડા,જરૂર પ્રમાણે ખાંડ,૧/૨ચમચી ઈલાયચી પાઉડર,૧ ચમચી તાજું નાળિયેરનું છીણ,૧ ચમચી ઘી,કાજુ-બદામ ટુકડા ૨ ચમચી,૫-૬ બદામની કતરણ,૮થી૧૦ તાંતણાં ઓગળેલું કેસર.

બનાવવાની રીતઃસૌ પ્રથમ કઢાઈમાં૧ ચમચી ઘી લઈ ખજૂરના ટુકડા નાખી સાંતળી લેવું.ખજૂર એકદમ નરમ થઈ જાય ત્યાર બાદ તેમાં દૂધ ઉમેરવું. ખજૂર અને દૂધ એકરસ થાય ત્યારે તેમાં ગ્રાઈન્ડર ફેરવી એને એકરસ કરી લેવું.હવે એમાં કેસર પેંડાનો ભૂકો કરી મિક્સ કરી થોડીવાર ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળવું.તે પછી તેમાં નાળિયેરનું છીણ,કાજુ-બદામ ટુકડા,જરૂર પ્રમાણે ખાંડ અને ઓગાળેલું કેસર નાખી થોડીવાર હલાવી ગેસ પરથી ઉતારી લેવું.તૈયાર થયેલ રિયલ શાહી દુરમા ખીરને માટીની કુલડીમાં કાઢી ઉપર ગાર્નિશિંગ માટે બદામની કતરણ અને ઈલાયચી પાઉડરથી ગાર્નિશ કરી ખજૂરની પેશીથી ડેકોરેશન કરી આ ખીર ઠંડી કરી ત્યાર બાદ પીરસવી.

### સુખડી

સામગ્રી : ૫૦૦ ગ્રામ ઘઉંનો કરકરો લોટ, ૩૫૦ ગ્રામ ગોળ, ૩૫૦ ગ્રામ ઘી, ૨૫ ગ્રામ સૂંઠનો ભૂકો, એલચીનો ભૂકો.

રીતઃ સૌપ્રથમ એક કડાઈમાં ઘી મૂકી, ઘઉંનો લોટ શેકી લો. ગોળને સમારી લેવો. લોટ રતાશ પડતો શેકાય એટલે ગોળ,સૂંઠનો ભૂકો અને એલચીનો ભૂકો નાખીને બરાબર હલાવવું. પછી થાળીમાં ઠારી લેવું.ઠરે એટલે ચોરસ કટકા કરીને સુખડી ડબામાં ભરી દેવી.

### ચકરી

સામગ્રીઃ ૧ વાડકી ચોખાનો લોટ, ૧ ટે.સ્પૂન બટર (મોણ માટે) મીઠું, લાલ મરચું, તલ, જીરુ, તળવા માટે તેલ.

રીતઃ ચોખાના લોટને બેથી ત્રણ વખત ચાળી લેવો. તલ, જીરું, જરા શેકી લેવા. પછી લોટમાં મિક્સ કરવા. મીઠું, લાલ મરચું ભેળવવા. બટરનું મોણ નાખી પાણીથી લોટ બાંધીને થોડો સમય ઢાંકી રાખવો. તેલ ગરમ મૂકી, સંચામાં ચકરીની જાળી મૂકવી. પહેલાં પેપર ઉપર ચકરી પાડી, હળવેથી તેલમાં મૂકી આછી ગુલાબી રંગની તળી, ઠંડી પડે એટલે એરટાઈટ ડબામાં ભરી દેવી.

## મહેશ..તું કયાં ?

**આગ ભીતર ભીતરની**

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

બે દિવસથી મારા મહેશનો કોઈ પત્તો ન હતો. ફળ સ્વરૂપ હું રઘવાઈ.. બેબાકળી બની ગઈ હતી. બધાય દેવો આગળ માથું નમાવી એક અરજ કરી હતું દિનાનાથ.. તારે મને જે સજા કરવી હોય ..આપવી હોય એ આપ પણ મારા મહેશને પાછો મોકલ.. હું અશ્રુભેર આંખે કહેતી રહી.. વિનવણી કરતી રહી.. પણ.. પણ.. બે દિવસ થઈ ગયા હતા.. ના કોઈ મહેશની ખબર ના કોઈના દ્વારા કંઈ જાણ.. લોકો તો એમ જ કહેતા પણ હતા કે જ્યાં એને બિચારાને બેય પગે સરખું ચાલતા.. ઘડીવાર સ્થિર ઉભા રહેતાં પણ આવડતું નથી. ફાવતું નથી. એ મહેશ ઘરમાંથી કયાંક ચાલ્યો જાય એ બને નહીં..કયાંક કોઈ એને ઉપાડી તો નહીં ગયું હોય ને.. લોકોના તર્ક હતા.. તો સૂર પુરાવનાર સૂર હતા.. એવા બિચારાનું અપહરણ કરીને કરે શું ? એને તો પુરૂં બોલતાંય નથી આવડતું.. સંભળાય છે કયાં.. લોકોના તર્ક હોય કે સહાનુભૂતિ પણ મારો મહેશ બીજા બાળકો કરતાં ઘણો પાછળ હતો.. ન જાણે આવી ઘટ પુરાશે કે નહીં ?

ગમે તે હોય.. મહેશ મારા કાળજાનો એક જીવંત કટકો હતો.. અને એને સાજો સારો કરી દેવાનો એક સંકલ્પ લીધો હતો. મારૂં જે થવું હોય તે ભલે થાય પણ મારા મહેશને તો સારો કરીને જ રહીશ..

મને બધુંય યાદ હતું..હું જ્યારે જ્યારે મારો સંકલ્પ મારા ઘરમાં દોહરાવતી ત્યારે મારી વિધવા મા કહેતી તારો સંકલ્પ સારી વાત છે પણ ઈશ્વરે જેને બહેરા મુંગા અને લુલા બનાવ્યા છે એ કદીય સારાં થયાં છે ?.. થયા હોય તો તું બતાવ.

મારી માના શબ્દો મને હચમચાવી નાખતા કુદરતના નિયમની.. નીતિની, સિધ્ધાંતની વાત એકદમ સાચી છે.. સામે માણસની ઈચ્છાશક્તિ પણ એટલી જ જબરદસ્ત હોય તો..

મારી માની વાત સામે હું દલીલ કરતી સાવિત્રીએ પોતાના મૃત પતિ સત્યવાનને સાજો કરવા યમરાજા સામે આવી હતી અને યમરાજા જેવા અતિ બળવાન હાર્યા હતા..

ઠીક છે.. એ પુરાણોની વાત છે.. એ સાચી ન પણ હોય.. મારી મા મારીદલીલ તોડી નાખતી..

તો શાસ્ત્રો ખોટા ? મા જવાબ આપ્યા વગર ચાલી જતી. હું વધુ એક વાર સંકલ્પ દોહરાવતી.. જેને જે કહેવું હોય એ કહે.. માને.. મારા મહેશ મારે સઘળું એક કરી નાખીશ..

આ મામલે તો મારા પતિ સાથે માથાકુટ થતી.. એ જ્યાં આવો જ પેદા થયો છે ત્યાં મન બાળવાનોશો અર્થ? ઈશ્વરની ઈચ્છા જો સારી હોત તો એ અન્યના જેવો નોર્મલ ના હોત.. આણે તો અવતાર લઈને આપણને આફતમાંમુકી દીધા છે..

તેથી શું હું એનું ગળું દબાવી દઉં...? હું સવાલ પુછતી..

હું તને ગળું દબાવાનું કયાં કહું છું ? એ જેમ જીવતો હોય એમ જીવવા દે. ના હકની ઝંઝટ ઉભી કરવી..

એક માતાની લાગણીને તમે ઝંઝટ ગણો છો ?એક જનેતાની.. લાગણીને..

એ વાત પર ઘરમાં મગજમારી થઈ હતી. એમનુ કહેવું હતું મને લાગતું નથી બધીય મહેનત સાર્થક થાય.. જ્યારે મારે નજરીયો ઉંચો હતો.. સમય આવે બધું ઠીક થઈ જશે.. અને એમાંથી વાત છેક અદાલત સુધી પહોંચી ગઈ હતી. એમણે ભરી અદાલતમાં કહેલું 'પત્ની અને પુત્ર પ્રત્યે જવાબદારી છે પણ ગાંડી હદ સુધી જવાબદારી અદા કરવામાં હું માનતો નથી.. મારે મુક્તિ જોઈએ છે.. છુટાછેડા..'

એક તો મહેશનું દુઃખ હતું એમાં છુટાછેડા થયા એનુ દર્દ.. મારી માએ આધાર તો મને આપ્યો પણ કહ્યું.. એક આવા છોકરા સાથે તેં જીંદગી રોળી નાખી.. આ બેલ મુઝે માર જેવી દશા કરી નાખી.

તો શું કરતી ?મારી માને કહેતી.. છુટાછેડા થયા છે..તો વાંધો નહી.. પણ તું જોફરી વાર પરણવા જઈશ તો કોઈ હાથ નહીં ઝાલે.. તારો.. આ છોકરાની ખાતર..

તો શું હું એને મારી નાખું ? એને મારીને પાપનું પોટલું વાળું..?

મારી માને પણ કંઈક અંશે મારો મહેશ પસંદ ન હતો. હું નોકરી જતી ત્યારે એને મારી માના ભરોસે મુકીને જતી. સાંજે આવતી કે મા મને મહેશની ઢગલો ફરીયાદો સંભળાવતી..

આજે તો પથારીમાં બાથરૂમ કરી ગયો.. ડીશ ફોડી નાખી.. બપોરે મારા ઉંઘવાના સમયે એવો રોવા ચડયો કે.. હું ફરીયાદો સાંભળતી પછી મહેશને

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ગુજરાતી સાહિત્યમાં ત્સુનામી સર્જનાર જાપાનીઝ 'હાઈન્કા'

**શબ્દ સમીપે**

**- નટવર હેડાઉ**

જાપાનમાં આવેલ ભયંકર ભૂકંપ અને તે પછી ત્સુનામીના દ્રશ્યો ટીવી ચેનલો પર જોતાં અને તેનાં અહેવાલો અખબારોમાં વાંચતાં ત્યાંના લોકોની સહનશીલતા, શિસ્ત, સંસ્કારીતાની અનેકવાતો પણ આપણી સમક્ષ ઉઘડી રહી છે. ત્યાં અવારનવાર ભૂકંપ આવ્યા કરે છે પણ સુનામીના કારણે અને માનવ સર્જીત અણુમથકોનજા રેડીયેશનને કારણે જે પરીસ્થિતિ ઉપસ્થિત થઈ છે તેની ચિંતા અને ચિંતન એક યા બીજા સ્વરૂપે થયા કરે છે ત્યારે આપણા ગુજરાતી સાહિત્યમાં જાપાનનો એક કાવ્ય સાહિત્યકાર હાઈકુ તો હવે પોતીકો બની ગયો છે. તે ઉપરાંત તાન્કા કાવ્યો પણ આપણાં ઘણાં કવિતો રચતા થયા છે પણ એક ઘટના જે મારા ધ્યાનમાં આવી છે જે અદ્‌ભુત છે. વિદેશી સાહિત્ય પ્રકારમાં પણ પોતાની રીતે સંશોધન કરીને કોઈ નવો જ કાવ્ય પ્રકાર શોધાય અને તેના પ્રયોગને ન વધાવીએ તો આપણાં જેટલાં નગુણા કોઈ નહીં હોય તેમ કહેવામાં અતિશયોકિત નથી.

હા મારે વાત કરવી છે ડૉ.કિશોરસિંહ સોલંકીએ ગુજરાતી સાહિત્યમાં નવો ચીલો ચાતરવાની કરેલી શરૂઆતની. તેમણે હાઈસ્કુલમાંથી હાઈ અને તાન્કામાંથી કા લઈને હાઈન્કા નામે ૫-૭, ૫-૭-૫, ૭-૭ થી જન્માવ્યો છે. નવો જ કાવ્ય પ્રકાર જન્માવ્યાની આ ઘટનાને ખુબ જ સહજ રીતે લેતાં કીશોરસિંહ સોલંકી તો એમ કહે છે કે મારે તો આંધળો ઈંટાળો નાખે અને ગોખલામાં પડે એટલે નિશાનેબાજ જેવી સ્થિતિ થઈ છે. પણ તેમની આ વાત કોઈના ગળે ઉતરે એવી નથી. કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે ડૉ.કીશોરસિંહ સોલંકી દેશી અને વિદેશી સાહિત્યનાં ઉંડા અભ્યાસી અને વિદ્વાન છે અને તેથી જ તેમની વિદ્વતા, સંવેદનશીલતા અને અભ્યાસ આપણને તેમણે રચેલાં હાઈન્કામાં પસાર થતાં ખુબ સહજ રીતે માણી શકાય છે. એક જ વિષય, વસ્તુ અને કાવ્યતાને સાંકળતાં હાઈન્કા કાવ્યો ઉપરાંત હાઈકુ, તાન્કા અને ચોકા, રેંગાનો પ્રયોગ પણ તેમણે સફળતાપૂર્વક કર્યો છે .તેમના આ પ્રયોગને પરબ, કવિતા, કુમાર, કવિલોક, ઉદ્દેશ, શબ્દસૃષ્ટી અને શબ્દસર જેવાં માતબર સાહિત્યિક સામયિકોમાં પણ ખુબ સારો આવકાર મળ્યો છે.

તેમના આ પ્રયોગ અંગે આ સંગ્રહનું આમુક તૈયાર કરનાર ડૉ.ઋચાબેન બ્રહ્મભટ્ટે જાપાનીઝ સાહિત્યમાંથી

**અનુસંધાન પાના નં.૬**

## ક્યારે ફળ ખાવથી કેટલી કેલરી મળશે ?

**નારી**

આપણા ત્યાં રાતે જમ્યા પછી તડબૂચ,કેરી અથવા ટેટી જેવા ફળ ખાવાનું ચલણ છે. પરંતુ ફળહંમેશાં ભૂખ્યા પેટે ખાવાં જોઈએ, જમ્યા પછી નહીં. દાખલા તરીકે તમે બ્રેડની બે બેસ્લાઈસ ખાધા પછી જો ફળ ખાઓ તો સામાન્ય રીતે જ ફળ હોજરીમાંથી આંતરડા સુધી સીધુ જ પહોંચી જાય છે તેને બ્રેડ અટકાવી દે છે.ફ્રૂટ, બ્રેડ અને પાચનરસ ભેગાં થવાથી ખોરાકનો સમૂહ છૂટો પડી જાય છે. તેના કારણે શરીરમાં રહેલા ખોરાકના સમૂહ છૂટો પડી જાય છે. તેના કારણે શરીરમાં રહેલા ખોરાકના આ સમૂહમાં આથો આવી જાય છે અને પરિણામે એસિડિટી થાય છે. ખાલી પેટે ફળ ખાવાથી સફેદવાળ, ટાલ, આંખ નીચેના કુંડાળા થતાં અટકે છે. જેમને ફળનો જયુસ ભાવતો હોય તેમણે ડબ્બાના જ્યૂસથી દૂર રહેવું જોઈએ. ડેઝર્ટ કે પુડિંગમાં ફળ ભાવતા હોય ત્યારે પણ યાદ રાખો કે ફળ રંધવાના કારણે તેમાંથી પૌષ્ટિક તત્વો દૂર થાય છે. તે સંવાદિષ્ટ લાગે છે, પણ તેમાં રહેલા વિટામિન્સનો નાશ થાય છે.

કુત્રિમ ગળપણનો ઉપયોગ કરવાનું ટાળો. તેમાં રહેલા આસ્પાર્ટેમથી આડઅસરો થાય છે.

ફળનો રસ પીવાના બદલે આખા ફળ ખાવ. એક ગ્લાસ નારંગીના રસ કરતાં ત્રણ નારંગી ખાવાથી વધારે ફાઈબર મળે છે.

રિફાઈન્ડ ખોરાકથી બને તેટલા દૂર રહેવું. ખોરાકને રિફાઈન્ડ કરવા માટે વધારે પ્રોસેસ કરવામાં આવે છે. તેથી તેમાં રહેલા મૂળ પોષક ઘટકો તેમજ ફાઈબરનો નાશ થતો હોય છે.

કૃત્રિમ ગળપણનો ઉપયોગ કરવાનું ટાળો. કારણ કે તેમાં રહેલા આસ્પાર્ટેમ નામના તત્ત્વથી ઘણી આડઅસરો થાય છે. એક સંશોધન પ્રમાણે કૃત્રિમ ગળપણ લેવાથી ગળ્યું ખાવાથી તીવ્ર ઈચ્છા જાગે છે. સહુથી સારો ઉપાય છે- જ્યાં શક્ય હોય ત્યાં ફળોનો ઉપયોગ કરો,કારણ કે ફ્રૂટમાં રહેલું ફાઈબર શરીરમાં ખાંડને ભેળવવાની પ્રક્રિયા ધીમી પાડી દે છે.

ખાખરા કે ટોસ્ટના બદલે રોટલી કે બ્રેડ ખાવાં જોઈએ. ખાખરા અને ટોસ્ટ એ રોટલી અને બ્રેડના..છે. તેમનું વજન ઓછું હોવાથી તે વધારે પ્રમાણમાં ખવાઈ જવાય છે, સરવાળે શરીરમાં વધારે કેલરી ઠલવાય છે.

ઘઉંની રોટલીના લોટમાં તેલનું મોણ ન નાખ્યું હોય અને રોટલી પર ઘી ચોપડ્યું ન હોય ત્યારે એક રોટલીમાં આશરે ૮૦ કેલરી હોય છે અને ૩ ગ્રામ પ્રોટીન, ૧૮ ગ્રામ કાર્બોદિત ઘટક અને ૦.૫ ગ્રામ ચરબીનો સમાવેશ થાય છે.

કુ.અંજના સોનકર

## નખને સુંદર-મુલાયમ રાખવાની ટિપ્સ

**રૂપના રખોપા**

હાથની ખૂબસૂરતી વધારવા મહિલાઓ જાતજાતના નુસખા અપનાવતી હોય છે.પરંતુ યોગ્ય રીતે નખની આસપાસની ત્વચા એટલે કે ક્યુટિકલ્સની દેખભાળ ન કરી હોય તો કરેલી મહેનત પણ ફોગટ જાય છે.

વધુ પડતા રૂક્ષ હાથ હોય તો નખની આસપાસની ત્વચા રૂક્ષ થઈ જતી હોય છે.જો તેનો યોગ્ય સમયે ઈલાજ ન કરવામાં આવે તો એકઝિમા ત્વચાનો રોગ થઈ શકે છે.

મોઈશ્ચરાઈઝ ના ઉપયોગથી આ સમસ્યાને ઘણે અંશે કાબુમાં લાવી શકાય છે. ઉપરાંત ત્વચા પર રૂક્ષતાને કારણે થયેલી સફેદ પરત દૂર થાય છે.

ઘણી વખત ક્યુટિકલ્સફાટવાથી કે ઊખડવાથી તેમાંથી રક્ત વહે છે.આવી પરિસ્થીતી એન્ટિસપ્ટિક લોશન અથવા ક્રીમ ક્યુટિક્લ્સપર નિયમિત લગાડવું. વાસ્તવમાં ક્યુટિક્લ્સ આપણા શરીરમાં ખરાબ બેક્ટેરિયાને પ્રવેશતા અટકાવે છે. તેથી તેનેકાપવાની બદલે હેલ્ધી રાખવાના પ્રયાસ કરવા.

વિટામિનએ,બી,સી,ડી અને ઈ યુક્ત આહાર લેવો.કેલ્શિયમ અને જિંક યુક્ત પૌષ્ટિક તત્વ ડાયટમાં સામેલ કરવા.

શિયા બટર ક્રીમ અને વિટામિન ઈ ઓઈલ ક્યુટિક્લ્સ પર રાતના સૂતા પહેલા લગાડવાથી ફાયદો થાય છે.

ગ્રેપ સીડ ઓઈલ, લેવેન્ડર, લીમડાનું તેલ, મધ અને બી વેક્સને ભેળવી ક્યુટિક્લ્સ પર લગાડવું.

મેટલ નેલ્સ ફાઈલર નખ અનેત્વચા માટે હાનિકારક છે.

મોટા ભાગની મહિલાઓની ફરિયાદ હોય છે કે મેનીક્યોર કરાવ્યા પછી ક્યુટિક્લસ રૂક્ષ થઈજતા હોવાથી તે ફાટવા લાગે છે. એવામાં ક્યુટિકલને પુશ કરી તેના પરની મૃત ત્વચા કાઢી નાખવી. જોડે સ્કિન બરાબર નખીં નીકળે તો મેનીક્યોર કરાવ્યા પછીના પાંચ દિવસ સુધી નખની આસપાસ ખાસ કરીને ક્યુટિક્લ ક્રીમ લગાડવું જેથી રૂક્ષતા દૂર થશે ખનુ મેનીક્યોર સારી

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**બનાસકાંઠાના...**

**પાના નં.૧ ચાલુ**

બહારના રાજ્યમાં નિકાસ માટે ટ્રાન્સપોર્ટ(ભાડા) સહાયની જાહેરાત કરાઈ હતી. જેથી થોડાઘણાં બટાટાની નિકાસ થઈ હતી પરંતુ હજુ પણ બટાટાના લાખો કટ્ટા કોલ્ડ સ્ટોરેજોમાં પડેલા છે જેથી રાજ્ય સરકારે બીજા તબક્કામાં કોલ્ડ સ્ટોરેજોમાં પડેલા ખેડૂતોના બટાટામાં પ્રતિ કિલોએ એક રૂપિયો સહાયની જાહેરાત કરી હતી. જેથી જિલ્લાના ૨૩,૦૦૦ જેટલા ખેડૂતોએ સહાય મેળવવા બાગાયત વિભાગમાં ફોર્મ ભર્યા છે.

આ વખતે બાગાયત અધિકારી ચિરાગ પટેલે જણાવ્યુ હતુ કે, ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે પ્રતિ કિલો એક રૂપિયો સહાયની જાહેરાત કરી છે. જેમાં ૨૩,૦૦૦ ખેડૂતોના ફોર્મ સ્વીકારાયા છે. જે ફોર્મ આગળ મોકલ્યા છે તેથી રાજ્ય સરકાર દ્વારા સત્વરે તેમને સહાય ચુકવાશે. વળી સહાય માટે ફોર્મ ભરવાની મુદ્દત આગામી ૩૦ નવેમ્બર સુધીની છે તેથી બાકીના ખેડૂતો પણ સત્વરે ફોર્મ ભરે તેવી અપીલ કરી હતી.

**શ્રીનગરમાં બીએસએફ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

ત્રાસવાદી કેમ્પસની અંદર સ્થિત એક ઈમારતમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. કલાકો સુધી ચાલેલા આ ઓપરેશનમાં ત્રણેય ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આભીષણ ત્રાસવાદી હુમલાની જવાબદારી જેશે મોહમ્મદે સ્વીકારી લીધી છે. આ હુમલામાં ત્રણ જવાનો પણ ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા જવાનોને સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એમ કહેવામાં આવે છે કે સવારે ૪.૩૦ વાગ્યાની આસપાસ ત્રાસવાદીઓ ગોળીબાર કરતા કરતા બીએસએફ કેમ્પમાં ઘુસી ગયા હતા. જેથી સેનાના જવાનો અને સુરક્ષા દળોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા. જવાબી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારને ઘરી લઈને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**સમગ્ર કોંગ્રેસ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

થોડાક દિવસ પહેલા કોંગ્રેસના કેટલાક મિત્રો તેમની પાસે આવ્યા હતા અને પુછી રહ્યા હતા કે, હિમાચલના મુખ્યમંત્રી જામીન ઉપર બહાર છે. તેમને દૂર કરીને કોઇ નવા મુખ્યમંત્રીને બનાવી દેવામાં આવે તે જરૂરી છે. ત્યારે કોંગ્રેસી મિત્રોએ કહ્યું હતું કે, અમારી સમગ્ર પાર્ટી જામીન ઉપર ચાલી રહી છે. પીએમે એમપણ કહ્યું હતું કે, હિમાચલમાં પ્રજાને જામીન સરકારથી હવે મુક્તિ મળે તે જરૂરી છે. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, આજે અહીં ૧૫૦૦ કરોડ રૂપિયાના કામોને મંજુરી મળી છે. કેટલાક શિલાન્યાસ થયા છે. કેટલાક લોકાર્પણ થયા છે. ૧૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે એમ્સ બનનાર છે. આનાથી તમામ લોકોને ફાયદો થશે. આ હોસ્પિટલમાં એક સાથે ત્રણ હજાર લોકો કામ કરી શકશે. મોદીએ કેન્દ્રીયપ્રધાન નડ્ડા અને આરોગ્યમંત્રીના ઈન્દ્રધનુષ કાર્યક્રમની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, અમારા દેશના લાખો બાળકો કોઇને કોઇ રસીથી રહી જાય છે. તેમને હવે શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. ઈન્દ્રધનુષ કાર્યક્રમ હેઠળ રસીકરણ ઝુંબેશ ચાલી રહી છે. આ સપ્તાહમાં ફરીથી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. હિમાચલમાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે.

**પાટીદાર સાથે...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, પાટીદાર સમાજની માગણીઓ મુજબ પાટીદાર સમુદાયના યુવાનો તેમજ અગ્રણીઓ ઉપર પોલીસ બળપ્રયોગ, પોલીસ સાથેના ઘર્ષણના બનાવો જેવી બાબતોની ન્યાયિક તપાસ થાય અને દોષિતો ઉપર ઝડપી કાર્યવાહી થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ત્વરિત આ તપાસ પંચની રચના કરવામાં આવી છે. આ તપાસ પંચમાં હાઈકોર્ટના નિવૃત જજ કે એ પુજ ચેરપર્સન તેમજ નિવૃત જિલ્લા ન્યાયાધીશ મહેન્દ્ર એચ શાહ સભ્ય તરીકે રહેશે. તપાસપંચનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે, તેમ પણ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉમેર્યું હતું.

**પાટીદાર પરના...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

તાજેતરમાં પાટીદાર સમુદાયની માગણીઓ સ્વીકારીને તેમના પ્રત્યે વધુ હાકારાત્મક અભિગમ અપનાવીને અનામત આંદોલન અને ત્યાર બાદ પાટીદાર સમુદાય સામે નોંધાયેલા રાજ્ય સરકારની સત્તામાં આવતા કેસો પરત ખેંચવાનો આજે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે તેમ ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતુ કે, પાટીદાર અનામત આંદોલન તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૧૫ જીએમડીસી અમદાવાદ અને ત્યારબાદ રાજ્યભરના વિવિધ સ્થળોએ પોલીસ સાથે પાટીદાર સમુદાયના વિવિધ ઘર્ષણના બનાવો સંદર્ભે તેમની સામે રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં કાયદો અને વ્યવસ્થા સંદર્ભના વિવિધ કેસો નોંધાયા છે. પાટીદારોમાં પ્રવર્તી રહેલી નારાજગીને સરકાર હજુ ચિંતિત બનેલી છે. આવી સ્થિતિમાં હાલમાં બેઠકો પણ થઇ ચુકી છે.

**મોટા પ્રમાણમાં...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

પશુપાલકો, કારીગરો તેમ જ મજુરોને શૈક્ષણિક અને આર્થિક ઉપાર્જન માટે રાહત વ્યાજ દરે ધીરાણ આપી રોજગારીની વધુ તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ જ્ઞાતિઓની શૈક્ષણિક તેમ જ આર્થિક સ્થિતિમાં વધુ સુધાર આવે તે હેતુથી જુદી જુદી યોજનાઓ તૈયાર કરી તેનું અમલીકરણ કરાશે જેથી રોજગારી ઊભી થશે. શિક્ષણનો વ્યાપ વધે તે માટે યોજનાઓ ઘડી અમલ કરવો, બિન અનામત વર્ગોની જ્ઞાતિઓના આર્થિક વિકાસ માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓના સહયોગથી તેમના ધંધા અને વ્યવસ્થાને અનુરુપ યોજનાઓ તૈયાર કરી તેનો ઝડપી અમલ કરાશે.

**થરાદ પોલીસ લાઇનમાં ...**

**પાના નં.૮ ચાલુ**

અગિયારેક વાગે ગરબા જોઈ પરત ફરતાં ગાડી જે જગ્યાએ પાર્ક કરી હતી ત્યાં ન જણાતાં આસપાસ તપાસ ચલાવી હતી, પરંતુ ગાડી ન મળતા થરાદ પોલીસ સ્ટેશને બોલેરો ગાડી ચોરી થયાની ફરીયાદ તા.૩-૧૦-૨૦૧૭ ના રોજ નોંધાવી હતી. ગાડીની ડેકીમાં ગાડીની ઓરીજનલ આર.સી.બુક, વીમાના કાગળો તથા ઓરીજનલ લાયસન્સ પડ્યું હતું. આ ફરીયાદ બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે.

**પાલનપુરમાં આશા ...**

**પાના નં.૮ ચાલુ**

છઠ્ઠો દિવસ હતો. જોકે, ૬-૬ દિવસ વીતવા છતાં સરકાર કે તંત્ર દ્વારા આશા વર્કરો ની દરકાર ન લેવાતા લાલઘૂમ થયેલી આશા વર્કરોએ આગામી ચૂંટણીમા સરકાર પલટવાની ચીમકી ઉચ્ચારી હતી.

પગાર અને કાયમી કરવાની માંગ સાથે સરકાર પર પ્રહાર કરતા આશા વર્કરોએ માગણી નહીં સંતોષાય ત્યાં સુધી ભૂખ હડતાલ યથાવત રાખવાની જાહેરાત કરતા મામલો પેચીદો બન્યો છે.

**દાંતાના સાર્વજનિક...**

**પાના નં.૮ ચાલુ**

બે-બે વખત તથા જિલ્લા સ્વાગત ફરીયાદ નીવારણ કાર્યક્રમ તેમજ કલેક્ટર સમક્ષ અરજી કરી છે. આમ છેલ્લા સાત મહીનાથી વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા આ ગ્રામ પંચાયત સદસ્ય દંપતિએ ઉપવાસ આંદોલન શરૂ કર્યુ છે. જયાં સુધી પ્રશ્નોનો યોગ્ય નિકાલ નહી આવે ત્યાં સુધી ધારણાં યથાવત રાખવા નિર્ણય કર્યો છે.

**ડીસાના ગુલબાણીનગર...**

**પાના નં.૮ ચાલુ**

રાખવા ગુલબાણિનગર, પીપાજીનગર, નવજીવન, સમર્પણ સહિત દશ થી વધુ સોસાયટીના રહીશોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ઉપરાંત જો તેમની માંગ નહીં સંતોષાય તો તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે ઉપવાસ પર ઉતરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી

**ભાજપ સરકારનો...**

**પાના નં.૮ ચાલુ**

માટે ભાજપની પ્રસિદ્ધિ ભૂખ જવાબદાર હોવાનું ઉપસ્થિત લોકોએ જણાવી આ બાબતે જવાબદારો સામે પગલાં ભરવાની માંગ કરી હતી.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાએ યોજેલ "સેવા સેતુ" કાર્યક્રમમાં અણઘડ આયોજનને પગલે સિનિયર સિટીઝન સહિતના અરજદારો રીતસરના ધક્કે ચડ્યા હતા. સવારથી જ મામલતદાર ગેરહાજર હોઈ મોટા ભાગના અરજદારો રઝળી પડ્યા હતા. વળી, ટોનર બગડેલા હોવા ઉપરાંત સર્વર ખોવાઈ જવું કે લાઈટ જતું રહેવા સહિત ભારે અવ્યવસ્થા સર્જાતા લોકો હેરાન- પરેશાન થઇ ગયા હતા. લોકો આધાર કાર્ડ-રેશનકાર્ડ સહિતના દાખલાઓ માટે ભૂખ્યા અને તરસ્યા મોડા સુધી બેસી રહ્યા છતાં તેઓના કામ ન થવાની સાથે સંતોષકારક જવાબ સુદ્ધાં ન મળતા લોકોએ ભાજપ સરકારના સેવા સેતુ કાર્યક્રમને પ્રચાર માટેનો તાયફો ગણાવી સત્તાધીશો સામે ફિટકારની લાગણી વરસાવી હતી.

**દિવાળીના તહેવારોમાં ...**

**પાના નં.૮ ચાલુ**

નહસ થઈ ગયો પરંતુ ખેડૂતોએ ફરીથી યોગ્ય માવજત કરતાં ખેતરો લહેરાઈ ઉઠ્યા છે. જિલ્લામાં સિંચાઈના પાણીની સગવડ વચ્ચે મોટાભાગના ખેડૂતો 'ડ્રીપ ઈરીગેશન' તેમજ ફુવારા પધ્ધતિથી ખેતી કરવા લાગ્યા છે. જેથી મોટાભાગના ખેડૂતો રોકડીયો પાક ઉપર વધુ ધ્યાન આપી રહ્યા છે. જેના કારણે જિલ્લામાં ચોમાસું પાકમાં મગફળી અને કપાસનું વધુ વાવેતર થવા પામ્યું છે.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને વરસાદી કહેર વચ્ચે ખરીફ સિઝનના મગફળીના પાક પર મોટો મદાર જોવા મળી રહ્યો છે. ચોમાસું ઋતુમાં વધુ વરસાદના કારણે અન્ય પાકો નિષ્ફળ નિવડ્યા છે. ત્યારે મગફળીના પાક પર ખેડૂતોએ વધુ મદાર રાખ્યો છે. જેથી આગામી સમયમાં મગફળી કાઢવાની શરૂઆત થનાર છે. ત્યારે આ વર્ષે ખેડૂતોને મગફળીના પાકનું સારૂ ઉત્પાદન સાથે યોગ્ય ભાવ મળવાની ધારણા રહેલી છે. રાજ્ય સરકાર દ્વારા પણ મગફળીના ટેકાના ભાવની જાહેરાત કરી છે લાભ પાંચથી મગફળીના ૯૦૦ રૂપિયાના ભાવે રાજ્ય સરકાર ખરીદી ચાલુ કરશે. જેથી દિવાળી નજીક આવતા ખેડૂતો હવે મગફળી કાઢવાની તૈયારીમાં પરોવાયા છે.

**મોટા પ્રમાણમાં...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

પશુપાલકો, કારીગરો તેમ જ મજુરોને શૈક્ષણિક અને આર્થિક ઉપાર્જન માટે રાહત વ્યાજ દરે ધીરાણ આપી રોજગારીની વધુ તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ જ્ઞાતિઓની શૈક્ષણિક તેમ જ આર્થિક સ્થિતિમાં વધુ સુધાર આવે તે હેતુથી જુદી જુદી યોજનાઓ તૈયાર કરી તેનું અમલીકરણ કરાશે જેથી રોજગારી ઊભી થશે. શિક્ષણનો વ્યાપ વધે તે માટે યોજનાઓ ઘડી અમલ કરવો, બિન અનામત વર્ગોની જ્ઞાતિઓના આર્થિક વિકાસ માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓના સહયોગથી તેમના ધંધા અને વ્યવસ્થાને અનુરુપ યોજનાઓ તૈયાર કરી તેનો ઝડપી અમલ કરાશે.

## નારી ચેતના...

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

તેણે સારો વર મેળવવાનો છે. તે પુરૂષને આકર્ષે તેવા કપડાં પહેરે છે. તે પ્રિય પુરૂષના પ્રતિભાવ મુજબ બદલાય છે. જેને નાટયાત્મક સ્વભાવ કહે છે. ઘટના સાથે જવાબદાર બાબત ટાકું. સંબંધમાં છેતરાવાથી માણસ સાવધ બને અને અતડો બને છે. પતિ અપેક્ષાથી ઉણો હોય તેવી સ્ત્રી ચંચળ બને છે. જે સ્વભાવ માટે જવાબદાર પરિબળો છે.

વ્યક્તિત્વનો વિકાર : સ્વભાવ તમારોશત્રુ કયારે

નિષ્ઠાવાન વ્યક્તિ હઠાગ્રહી બની જાય ત્યારે તેની પત્ની, બાળકો અને સહકર્મચારી કંટાળે છે. સ્વવિશ્વાસુ માણસ ઘમંડી બની જાય તો પછી ઘણાંને નુકશાન કરે, સમર્પિત વ્યક્તિ પરાવલંબી થઈ જાય, સાવધ વ્યક્તિ વહેમીલો થાય, સંવેદનશીલ માણસ જાતને સમાજથી તરછોડાયેલ ગણવા લાગે, સાહસિક વ્યક્તિ અસામાજીક કામો કરે, નાટયાત્મક કે ચંચળ નારી ત્રાગા કરે આપઘાતના પ્રયાસો કરે કે ચારિત્ર્યહીન બને, વિશિષ્ટ વ્યક્તિ સામાજીક સંબંધો રાખી ના શકે. તો તમે જ કહેશો કે આ ખોટું કહેવાય. તે વ્યક્તિત્વના વિકારની શરૂઆત છે. જેવધીને તીવ્ર મનોરોગ સુધી જેલની સજા, છુટાછેડા કે દેવાદાર સ્થિતિ સુધી લઈ જાય છે.

વ્યક્તિત્વની ખામી નક્કી કરવા નીચેના ધોરણો છે. આપણી સાંસ્કૃતિક પ્રથાથી વિચલીત થતાં વર્તનો અને અંદર થતાં અનુભવો જો નોંધપાત્ર છે તો એ વ્યક્તિત્વની ખામી છે. જે નીચેનાભાગમાં જોવા મળે છે. ૧. તમારી પોતાને, બીજાને અને ઘટનાને જોવાની, મુલવવાની કે અર્થઘટન કરતી વિચારોની ક્રિયા ૨. તમારી ભાવનાત્મક પ્રતિક્રિયા, તીવ્રતા, જવાબદારી અને આત્મીયતા ૩. તમારા સિવાયની વ્યક્તિ સાથેનું વર્તન અને ૪.આવેગો પરનો કાબુ. જો સામાજીક સંસ્કારો પ્રમાણે અયોગ્ય છે તો ચેતવણી છે. અગત્યના સમયે રોજગારી વખતે કે પ્રસંગોમાં ખામી કે વધુ દુઃખ અનુભવો છો તો એ વિકૃતિ છે.

તમારો સ્વભાવ તમારો દુશ્મન બને એ પહેલાં ચેતો. જો તમને પોતાને અહીં જણાવેલ સ્વભાવની ખામી લાગે તો મનોપચારનો સંપર્ક કરો. જો તમારી આસપાસમાં કોઈકને સ્વભાવની ખામી હોવાનું લાગે તો આ લેખને વંચાવો. વધુ નહીં તો ૯૧૩૭૪૧૫૧૯૯ જોડીને મુલાકાત માંગી શકો છો. આ લેખ સંબંધી કે મિત્રને વંચાવીને પરમાર્થ કરી જ શકો છો.

## મન દર્પણ...

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

બલીહારી કે સારા ઘરની, કન્યા સુનયનાબેન એમના જીવનમાં આવ્યા, લગ્ન થયા, સ્ત્રીએ લક્ષ્મીનો અવતાર ગણાય છે. પત્નીના પગલે એમના દિવસો પલટાવા લાગ્યા. બંને જણા રોજ જુદા જુદા કામે જતા. ધીરે ધીરે નાની દુકાન કરી અને વખત જતાં એ નાની દુકાન મોટો કારોબાર બની ગઈ.દિકરા દિકરીઓને પરણાવયા તે સુખની ઘડી આવી ત્યાં સ્વર્ગનું તેડું આવ્યું.

દિવસો પર દિવસો ને મહીના વીતવા લાગ્યા. સુનયનાબેનનું મહત્વ પતિના ગયા પછી ઘરમાં જુના તુટી ગયેલા ભંગાર ફર્નીચર જેટલું થઈ ગયું હતું. જંગી સ્થાવર મિલકત ભેગી કરીને દિકરાઓના હાથમાં આપી દીધી પણ આજે મહીનાના બસોથી પાંચસો રૂપિયા હાથ ખર્ચી માટે પણ દીકરાની પાસે માંગવા પડતા. કયારેક તો એમની આંખો દિકરા પાસે જ છલકાઈ જતી. મોટા દિકરાની પાસે હાથ લાંબો કરે તો નાના દીકરા પાસે ધકેલે અને નાનો દિકરો વહુઓ પાસે આખી જીંદગી મસ્તક ઉંચું કરીને સ્વમાનભેર જીવનાર સુનયનાબેન માટે એ ખુબ આકરૂં થઈ ગયું. દિકરાની વહુઓ જાણે ભીખ આપતી હોય તેમ મોં મચકોડીને મેણા ટોણા મારતી. એક દિવસ સુનયનાબેનથી સહન ના થયું અને તેમણે મોટા દિકરાને કહ્યું બેટા રોહીત ! તું મને થોડો સમય આપીશ ? મારે તારી સાથે થોડી વાત કરવી છે ?

રોહીત થોડી અકડામણમાં ઉગ્ર સ્વરે બોલ્યો હા તે બોલોને શું કામ છે ? એમ નહીં બેટા તું જયારે ઓફિસથી ઘેર આવી જાને ફ્રી હોય ત્યારે.. સુનયનાબેન નરમાશથી વાત કરતા હતા ત્યાં રોહીત વચ્ચે તાડુકયો. જુઓ મમ્મી હું ઓફિસે કામ માટે જાઉં છું અને ત્યાંથી થાકીને ઘેર આવું છું એટલે મારે શાંતિ જોઈતી હોય, હું આવું ને તમે તમારાં રોદણાં રોવા બેસો તો કેમ ચાલે ? અને તમે હવે ખર્યું પાન છો તમારે બે ટંકના રોટલા સિવાય બીજું શું જોઈએ છે ? શાંતિથી રોટલા તો ખાવા મળે છે. તો છાનામાના પડયા રહો બધી બાબતોમાં તમારી દરમ્યાનગીરી છોડી દો ઘરમાં વહુઓ પર તમારૂં રાજ ચલાવવાની મહત્વાકાંક્ષા છોડી દો એટલે કોઈ ફરીયાદ નહીં કરે. નહીં તો પછી આ ઘરમાં તમારા રૂમનો એક ખુણો પણ તમને નહીં સમાવે ને કયાંક ઘરડા ઘરમાં..

રોહીત બોલતો અટકી ગયો.કદાચ એનામાં રહ્યા સહ્યા સંસ્કાર આડે આવી ગયા એ નીચું જોઈ રૂમની બહારી નીકળી ગયો પણ આ વાર્તાલાપ ઘરના બધાએ સાંભળ્યો એટલે ચારે બાજુથી તીવ્ર ઘાતક શબ્દોનો વરસાદ વરસવો શરૂ થઈ ગયો. સુનયનાબેન માટે અપમાન અસહ્ય હતું તેઓ રૂમમાં ચાલ્યા ગયા ને બપોરના સમયે કોઈને ખબર ન પડે તેમ ઘરમાંથી બહારી નીકળી ગયા. જે ઘરના પાયામાંથી લોહી સીંચ્યું હતું એ ઘરે એમને આજે જાકારો આપી દીધો હતો. જે દીકરાઓને છાતીએ વળગાડી વ્હાલ કર્યું પેટે પાટા બાંધી ભણાવ્યા ગણાવ્યા લાખોના કારોબારના માલિક બનાવ્યા એ દિકરાઓએ આજે અપમાનના ઝેરના ઘુંટડા પીવડાવી દીધા. એ ઘરમાં તેઓ હવે એક ક્ષણ પણ જીવી શકે તેમ ન હતા. ઘરની બહાર નીકળ્યા પછી ઉપર આભને નીચે ધરતી.. બીજું કોઈ સ્થાન નહોતું કે તેઓ ત્યાં આશરો લઈ શકે, સ્વમાનથી જીવનાર દિકરીને ત્યાં તો રહી ના શકે, દિકરીના ઘરનું તો પાણી પણ ના પીવાય એવું માનનાર સુનયનાબેન દીલને હળવું કરવા મોટી દીકરીને ઘેર ગયા પોતાની મમ્મીને અહીં રોકાવાનો આગ્રહ કરવો નકામો છે. એટલે તરત જ પોતાના ડ્રાઈવરને બોલાવ્યો અને મમ્મીને લઈ ગાડી જુનાગઢ બાજુ હંકારી મુકી.

બેટા સુચિ તું મને કયાં લઈ જાય છે ? ત્યાં જુનાગઢની પારકી ભૂમિ પર જઈને હું શું કરીશ ? જ્યાં મારા પોતાનાએ મને જાકારો આપ્યો ત્યાં પારકા પાસે શું અપેક્ષા રાખીશ ?

મમ્મી તમે ચિંતા ના કરો હું તમને જ્યાં લઈ જાઉં છું ત્યાં કોઈ પારકું નથી. ત્યાં તમારા પગલાને આવકારવામાં આવશે.તમારો પડયો બોલ ઝીલાશે, લોકોની સવાર તમારા ચરણ સ્પર્શથી થશે, તમારે પૈસા માટે હાથ લંબાવવો નહીં પડે, મમ્મી રોજના હજારો રૂપિયાને કયાં વાપરવા એનું આયોજન કરવું પડશે. સુનયનાબેન વિસ્મીત નજરે દિકરી સુચિની વાતને સાંભળતા હતા.

મમ્મી પપ્પાને તમારી ખુબ ચિંતા હતી એ જાણતા હતા કે મારા ગમે તેવા સારા સંસ્કારોને પણ જમાનાની હવા લાગ્યા વિના નહીં રહે. અને જો હું આ દુનિયામાં નહીં હોઉં તો મારી સુનયનાને કોઈને આશ્રીત થઈને જીવી નહીં શકે. મમ્મી પપ્પાને જ્યારે પહેલો હાર્ટએટેક આવ્યો ત્યારે પછી એમણે આપણા વતનની ચોવીસ વીઘા જમીન વેચી દીધી અને જુનાગઢમાં સુનયના ધામનું નિર્માણ કર્યું જ્યાં નિરાધાર, વિધવા, ત્યકતા બહેનોને આશ્રય આપવામાં આવે છે અને નાના ગૃહઉદ્યોગો દ્વારા આશ્રમનો તમામ ખર્ચ ઉપાડવામાં આવે છે. અત્યારે તો સુનયનાધામમાં એટલું મોટુ ભંડોળ આવે છે કે બીજી સંસ્થાઓ પણ ત્યાં દાનની મોટી રકમ લેવા આવે છે. પપ્પાએ જયારે મને આ વાત કરી ત્યારે હું ખુબ જ આશ્ચર્યમાંમુકાઈ ગઈ હતી અને થયું કે પપ્પાને પોતાના બાળકો પર ભરોસો કેમ નહીં હોય પણ આજે સમજાય છે કે પપ્પા સાચા હતા. મમ્મી તમે તમારા જ ઘરમાં જઈ રહ્યા છો. કોઈપણ જાતનો ક્ષોભ ના અનુભવતા અહીંથી તમને કોઈ જાકારો નહીં આપે. દિકરી સુચી બોલતાં બોલતાં રડી પડી. સુનયનાબેન તો જાણે અશ્રુનો દરીયો આંખમાં ખાબકઈ ગયો હતો એમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. ને માંડ માંડ બોલ્યા, બેટા સુચિ તારા પપ્પાને મારી કેટલી ચિંતા હતી કે તેઓ બધી જ મિલકત દિકરાઓના નામે કરી મને સાવ નિરાધાર કરતા ગયા. મારો કોઈ વિચાર ના આવ્યો બધું જ દિકરીઓને અને વહુઓને સોંપતા ગયા પણ આજે મને પસ્તાવો થાય છે કે હું મારા પતિને ઓળખી ના શકી. જાણ્યે અજાણ્યે મેં પુણ્યાત્મા પર દોષનો ટોપલો ઓઢાડી દીધો. ભગવાન મને માફ કરે..

મા દિકરીની વાતોમાં ગાડી જુનાગઢમાં આવેલા સુનયનાધામ પાસે આવીને ઉભી રહી ગઈ. જ્યાં સુચિએ જાણ કરી હોવાથી સુનયનાબેનનું ભવ્ય સ્વાગત થયું. આશ્રમની બાજુમાં સરસ મજાનું નાનું ઘર હતું જેના મુખ્ય દ્વાર પર લખ્યું હતું 'મનહર નિવાસ.'

**- મંજુ પ્રજાપતિ**

## રૂપના રખોપા...

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

અસર હાથ પર દેખાશે.

ક્યુટિકલની આસપાસની જગ્યા કાળી થઈ ગઈ હોય તો મેનીક્યોર કે સ્ક્રબ કરતી વખતે દૂધ અથવા દહીંનો પ્રયોગ કરવો. હુંફાળા પાણીમાં દૂધ ભેળવી તેમાં હાથ ડૂબાડવા. ઈચ્છો તો મધ કે લેવેન્ડર ઓઈલના થોડી ટીપાં પણ નાખી શકાય સ્ક્રબ કરવા દહીં ,જવનો લોટ અથવા પાકા કેળાનો ઉપયોગ કરવો.

જોજોબા,બદામ,રાઈસ બ્રાન ઓઈલ,એસેન્શિયનલ ઓઈલ મેળવીને હોમમેડ ક્યુટિકલ ઓઈલ બનાવું. જો ક્યુટિકલ ફાટ્યા હોય તો એસેનેશિયલ ઓઈલના સ્થાને મધ,સંતરાનો રસ,જવનો લોટ અને દહીં ભેળવી પેસ્ટ બામવી હાથ,આંગળી અને ક્યુટિક્લ્સ પર લગાડવું. ૧૦ મિનિટ સુધી રહેવા દેવું. હાથ ધોઈને નખ ની આસપાસ બદામનું તેલ લગાડવું.

લેવેન્ડર ઓઈલના થોડાં ટીપાં ઓલિવ ઓઈલમાં ભેળવી રાતના નખ અને આસપાસની ત્વચા પર લગાડવું. લીંબુનો રસ અને વેજિટેબલ ઓઈલ હાથ પર હળવું હળવું રગડી પાણીથી ધોઈ હાથ લૂછી લેવા.

લીંબુ, દળેલી સાકર,ઓલિવ ઓઈલના થદડાં ટીપાં હાથ,ઓંગળી અને ક્યુટિકલ્સની આસપાસ સાકર પીગળે સુધી હળવે હળવે રગડવું. હાથ ધોઈ હેન્ડ ક્રીમ ન હોય તો મલાઈ લગાડી શકાય.

-સુરેખા

## શબ્દ સમીપે...

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

હાઈન્કા જેવું ચોકા અને રેંગા કાવ્ય સ્વરૂપ શોધી કાઢયું એનો ઉંડાણથી અભ્યાસ કરી આ નવા કાવ્ય પ્રકારને સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે. તેઓ આ નવતર પ્રયોગને વધાવતાં લખે છે કે સૌ પ્રથમ કિશોરસિંહ સોલંકીના હાઈન્કા કાવ્યો ગુજરાતી સામયિકોમાં વાંચ્યા ત્યારે સાનંદ આશ્ચર્ય થયું. જાણ્યે અજાણ્યે ડૉ. સોલંકીએ હાઈન્કા કાવ્યો દ્વારા જાપાનની લગભગ મૃતપ્રાય એવી ચોકા અને રેંગાની પદ્ય પરંપરાને જીવંત કરી છે.

ડૉ.કિશોરસિંહ સોલંકીનો હાઈન્કા સંગ્રહ બે ભાગમાં વિભાજી છે. પ્રથમ ભાગમાં હાઈન્કા અને બીજા ભાગમાં લંબાણપુર્વક લખાયેલાં હાઈન્કા હાઈકુ અને તાન્કાનું સંયોજન તો છે જ પરંતુ તેને જાપાનીઝ પ્રાચીન પદ્ય સ્વરૂપ ચોકા પણ કહી શકાય. કારણ કે આ કાવ્યો ૫-૭,૭-૫, ૫-૭-૭ વર્ણમાં વિભાજીત થયેલાં છે તેથી આ પ્રયોગ ચોકાને બરોબર મળતો આવે છે.

ડૉ.કિશોરસિંહ સોલંકીની કાવ્ય સર્જનની ખુબી અહીં એ રીતે પ્રગટ થાય છે. મોટા ભાગનાં હાઈન્કામાં હાઈકુ અને તાન્કા જો અલગ તારવવામાં આવે તો બંને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અર્થસભર રીતે જાળવી રાખે છે. જેમ કે

સુક્કી ભીનાશ સળવળે માછલી, જળને ઝંખે

અહીં ૫-૭-૫ વર્ણોનું સ્વતંત્ર હાઈકુ મળે છે અને શેષ ભાગમાં તાન્કા :

પળને ડંખે, પરપોટા, તળાવે
તીમીર ટોળા, વૈધવ્ય તગે પાળે, લીલાશ ખરે ડાળે

સંગ્રહમાંથી મળતા આવતાં અનેક ઉદાહરણો તે ડૉ.કિશોરસિંહ સોલંકી દ્વારા અપાયેલા હાઈન્કા નામને સાર્થક કરતાં જણાય છે.

સંગ્રહનો બીજો ભાગ હાઈન્કા કાવ્યોમાં એક જ વિષય વસ્તુ અને કાવ્યત્વને સાંકળતાં શ્રૃંખલાબદ્ધ હાઈકુ અને તાન્કાના સંયોજનો જાપાનીઝ સાહિત્યના રેંગા કાવ્ય પ્રયોગોને મળતા આવે છે. આ કાવ્યોમાં આવી ગયા, તડકો તમે કહો વગેરે લંબાણપૂર્વક રચાયેલ 'હાઈન્કા' ગુજરાતી ભાષામાં રેંગાના સૌ પ્રથમ પ્રયોગો છે. વળી અહીં કયાંક થોડી છુટ લઈને કવિ કાવ્યનો અંત ૭-૭ ને બદલે ૫-૭-૫ એટલે કે હાઈકુથી કરે છે. જેમાં અરવલ્લીની પર્વતમાળા અને દીવના દરીયાકાંઠાનાં વર્ણનો રસાળ ચિત્રાત્મકતા ઉભી કરે છે. કયાંક વર્ષા તો કયાંક વસંતઋતુના આબેહુબ વર્ણનો આ લઘુ સ્વરૂપમાં તાદ્રશ્ય થાય છે. આ રીતે કવિ મોર, લક્કડખોદ, સાપ, કાગડા, કુતરાં,માખી, આગીયા જેવા પશુ પક્ષીઓ અને જીવજંતુઓ તથા કેશુડા, રાજવૃક્ષ, તુલસી, બાવળ જેવાં વૃક્ષ, છોડ સાથે સમભાવ અનુભવતાં જણાય છે.

અગન પંખી, ઉડે અનંત આભે હાઈન્કામાં કવિની મર્મવેધક સંવેદના પ્રતિબિંબીત થાય છે. સુકવી ભીનાશમાં ભાવવ્યત્યય અને સાંભળે આંખોમાં ઈન્દ્રીય વ્યત્યય ઝીલાય છે. જાગૃતિ રાત, અંદર ઉલ્કાપાત, વંટોળે આંસુભાતમાં કવિનું અંગત ચિંતન કરૂણાસભર બની રહે છે. વહેતી ગંગા, હાઈન્કામાં ભરપુર, ગત્યાત્મકતાનો અનુભવ થાય છે. કર્ણ, પર્ણ, પાંપણે જેવાં અંત્યાનુપ્રાસના ઉપયોગથી હાઈન્કા કાવ્યો જાપાનીઝ ન રહેતાં ગુજરાતી બને છે. કારણ કે આ આપણી ભાષાની સુલભતા છે. કવી ભલે જાપાનીઝ પદ્ય પરંપરાના કાવ્યો રચે છે પરંતુ આ કાવ્યોની આત્મા ભારતીય સંસ્કૃતિના ગૌરવગાનમાં સ્થીત છે. હાઈન્કામાં કવિ વિશેષ પણે ગુજરાતી અસ્મિતાને ગીરા ગુર્જરી કાવ્યોમાં નવાઝે છે. કયાંક સીતાની વાત આવે છે તો કયાંક બ્રહ્મા પ્રગટે છે. ત્રિપર્ણ બીલી, શોભે શંકર શીરે કે દુર્વા ભાર્ગવી જેવા હાઈન્કા તો ભારતીય જ લાગે ને ! હાઈન્કા કાવ્યોનાં સર્જક ડૉ.કિશોરસિંહ સોલંકીનો જન્મ બનાસકાંઠા જીલ્લાના મગરવાડા ગામે તા.૧-૪-૧૯૪૯ માં થયો હતો. તેમનો અભ્યાસ એમ.એ., પીએચડી છે. તેઓ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં આચાર્ય તરીકે ગાંધીનગર ખાતે સેવાઓ આપે છે. ઉપરાંત જાણીતા, સાહિત્ય અને અનેકવિધ વિષયોના માસીક શબ્દસરના તંત્રી છે. તેમણે મળેલ બહુમાનોમાં ક્રીટીકસ એવોર્ડ ૧૯૮૪ ઉપરાંત બ.ક. ઠાકોર પારીતોષીક, કવિલોક ૧૯૮૯, ભીની માટીનો મહેંક નિબંધ સંગ્રહ ૧૯૮૮, પારેખ વ.હે. જનરલ લાયબ્રેરી, વિસનગર દ્વારા આપવામાં આવે છે. સાહિત્ય વકતવ્ય માટે તેમણે સેશલ્સ, મોરેશીયસ, ઈંગ્લેન્ડ, ઈટાલી, સ્વિત્ઝરલેન્ડ, સીંગાપુર, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને જર્મનીના વિદેશ પ્રવાસો કર્યા છે. તેમના પ્રકાશનોમાં કવિતાસંગ્રહ વિન્યાસ, કારણ, પ્રેમાક્ષર, અજાણ્યો ટાપુ, મનખાને મેળે, નવલકથાઓ ઋતુ,વીરવાડ, અડધા આકાશે ઉગતો સુરજ, અરવલ્લી નિબંધ સંગ્રહો, પંખીની પોખ પાદરમાં, શબ્દસર ભાગ ૧-૨, પ્રવાસ કાળા પાણીના કીનારે, દેશ રે જોયા પરદેશ જોયા, તેમજ વતનકથા સહપ્રવાસી અને સંપાદનો જેવાં કે વિકલ્પની વિસ્તરતી ક્ષિતીજો, માનવી મરજીવા, જાનપદી નવલકથા, વિભાવના અને વિકાસ, આત્માનો સાક્ષાત્કાર મુખ્ય છે. આવા ડૉ.કિશોરસિંહ સોલંકીની સંવેદનાનો સુક્ષ્મ સ્પર્શ પામી, શબ્દ પ્રભુત્વ દ્વારા સૌંદર્ય ચિત્રો હાઈન્કાને આવકાર્યું છે.

-નટવર હેડાઉ

## આગ ભીતર ભીતરની...

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

બાથમાં લઈને ચુમી લેતી.. મારામાં રહેલી એક બીજી સાધના પુછતી. બેટા તું કયારે સાજો સારો થઈ જઈશ ? કયારે ફરીયાદો બંધ થશે.. એ પછી હતી દિવાલ પર ટીંગાડેલી શ્રીનાથજીની મોટા કદની છબી સામે જોતી. શ્રીજી મને.. મારા મહેશને કયા કર્મોની સજા આપી રહ્યા છે ? કયારેક આખો દિવસ મહેશનું વર્તન એકદમ સારૂં રહેતું.. કયારેક એકાદ ફરીયાદ હોય..

રાતનું વાળું પછી મહેશ મારા પલંગમાં સુઈ જતી તોય મા ચીડ કાઢતી.. જરા અળગો રાખ.. એનું દિમાગ ચાલવા દે.. મા કહેતી.. પણ હું એને અળગો કરવા માગતી ન હતી.. મારી નજર સામે રાખતી..

એ મારો મહેશ બે દિવસથી કયાંક લાપતા થઈ ગયો હતો. હું નોકરી ગઈ હતી અનેમા લોકાચાર માટે.. એણે કહેલું આગળથી બારણું બંધ કરી દેજે..

મેં એમ કરેલું.. હું નોકરી ગઈ અને મહેશ ન જાણે કયાંક જતો રહ્યો.. સાંજે આવી.. બધે તપાસ કરી જવાબ ના માં મળ્યો રાતનું ભોજન અસાર થયું. ઉંઘ વેરણ થઈ. આખરે એ જાય કયાં ? મા સાથે પણ મા લઈ જાય નહીં અને એ તો લોકાચારમાં.. એકલી ગઈ હતી.. મારા પહેલાં.. બીજા દિવસે નોકરી ન ગઈ.. બધે તપાસ કરી મહેશ કયાંય ન હતો. બધેથી નકારાત્મક જવાબ મળ્યો.. આખરે મહેશ જાય કયાં ? આકાશ ઓગળી ગયું કે ધરતીએ પોતાના અંકમાં સમાવી દીધો ?બીજા દિવસની રઝળપાટ વ્યર્થ ગઈ. સાંજે લોકાચારથી મા આવી એને મહેશના સમાચાર આપ્યા. એણે એક ઉઠારો ભાવ આપ્યો... શાંતિ રાખ.. આવે તો ઠીક નહીં તો.. નહીં તો..

એણે ખીચડી બનાવી મને જમી લેવા કહ્યું.. બે દિવસથી ખાધું નથી કંઈક ખાઈ લેવા જણાવ્યું.. પણ જેનો કાળજાનો કટકો કયાંક ખોવાઈ ગયો હોય એના ગળે કોળીયો કયાંથી ઉતરે ?

ત્રીજા દિવસે સવારે પોલીસમાં ફરીયાદ આપવાનું નક્કી કર્યું. મારી મા ના પાડતી રહી.. એ કહેતી નકામી લપમાં પડવું.. પણ.. ત્રીજા દિવસનીસવારે પરઘુભાઈ એ આવીને તળાવના પાણીમાં તરતી કોઈ છોકરાની લાશ વિશે કહ્યું મેં સાંભળ્યું પગમાં કંપવા આવી ગયો. મારા મહેશની તો નહીં હોય ને ? હું પહોંચી ત્યારે તળાવના પાણીમાંથી લાશને બહાર કાઢી પગથિયાં પર મુકી હતી. અને લોકો ભેગા થયાં હતાં. હું પહોંચી બધાને હટાવતી છેક નજીક ગઈ.. અડધી બાંયનો બુશર્ટ અને વાદળી ચડ્ડીવાળો મારો મહેશ ઢમઢોલ થઈને પડયો હતો. કાળો મેંશ..

બેટા મહેશ.. મહેશ.. મહેશ..કહીને મેં છાતીફાટ બુમ પાડી. પણ મહેશ કયાં જીવતો હતો તે મને હાથ લાંબા કરીને વળગી પડવાનો હતો ? જળચરોએ એની આંખો ફોલી ખાધી હતી હાથે પગે ગાલે બચકાં ભર્યા હતા. પોલીસ આવી. લાશને પોસ્ટમોર્ટમ માટે લઈ ગઈ. મારે અને મારી માને પોલીસ સ્ટેશને જવાનું થયું.

નામ.. વય.. સરનામું જેવી વિધિ સાથે ફરિયાદ તૈયાર થઈ ગઈ.. કયાંક આ છોકરો ? પોલીસ અધિકીરી ન પુછવા જેવો. .માનવતા વિહોણો સવાલ કદાચ દબાવી દીધો.. મારી છુટાછેડાની ઘટના.. આવો પુત્ર લાંબી જીંદગી અને ફરી પરણવાના માર્ગમાં કયાંક અડચણ રૂપ તો..મેં એક ખરી ખોટી વિગત જાણે.. એ સાથે ઢગલો આંસુએ રડી પડી.. મારા કાળજાના ટુકડા ખાતર તો.. હવે બંધ કરીશ.. માએ મારો હાથ પકડયો એ તો ગયો.. છુટી ગયો બિચારો..

બપોરે સાડા બાર એકે અમે ઘેર આવ્યા. મહેશ હવે આવવાનો ન હતો. આ જગત છોડીને મને અલવિદા કરી ગયો હતો. મને ઘડી ઘડી થતું. મારો મહેશ સરખી રીતે ચાલી શકતો નથી તો તળાવે લઈ ગયું કોણ ?

કોણ એને તળાવના પાણીમાં.. મારૂં માનસ બહેર મારી ગયું.. ત્રીજા દીવસે પોલીસ પાછી આવી.. હું વિગત જણાવું એ પહેલાં જ મારી માને પકડી ગઈ..

મેં કાંઈ નથી કર્યું.. તમારી પુછપરછ કરવાની છે.. હું મા સાથે પોલીસ સ્ટેશને ગઈ..

પોલીસની કરડી નજર.. સખત પુછપરછથી મારી મા તુટી પડી.. એણે ગુનો કબુલ કરી લીધો.

મારી સાધનાના આ છોકરાને લીધે છુટાછેડા થયા હતા.. આ છોકરો સાજો થાય એવા કોઈ અણસાર ન હતા અને આ છોકરા સાથે બીજો એને પરણવાનો ન હતો. લોકાચારના દિવસે હું ગઈ જ ન હતી.. મહેશને તેડી લઈ આવી હતી તળાવે.. અને અને એને.. સાહેબ મેં તો મારી સાધનાનું ભલું ઈચ્છયું હતું પણ.

Website : www.rakhewaldaily.com
E-mail : rakhewal@gmail.com
બુધવાર □□ઓક્ટોબર ૨□□□ □□
મહેસાણા, પાટણ, રાધનપુર, સિદ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## પાટણમાં લાલ દરવાજા નજીક બાઈક સ્લીપ થતાં ત્રણ જણાને ઈજા

પાટણ

પાટણમાં લાલ દરવાજાથી નગરપાલિકા જવાના રસ્તા પર ગત શનિવારે સાંજે બાઈક સ્લીપ થઈને ઉંટલારીને અથડાતાં ત્રણ જણાંને ઈજાઓ થવા પામી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં કલ્યાણેશ્વરની પોળની નજીક રહેતા રમેશકુમાર શ્રીમાળી પોતાના બાઈક ઉપર ત્રણ મિત્રોને બેસાડીને શહેરના લાલ દરવાજાથી નગરપાલિકાના ઢાળવાળા રસ્તેથી પસાર થતા હતા ત્યારે અચાનક બાઈક સ્લીપ થઈ જતાં સાઈડમાં ઉભી રહેલી ઉંટલારીને અથડાતાં બાઈક પર બેઠેલા બે જણ અને □લારી પાસે ઉભેલા એક ઈસમને ઈજા થઈ હતી. અત્રે નોંધવું ઘટે કે પાટણમાં મોટા ભાગના બાઈક ચાલકો બેફામ ચલાવતા હોવાના કારણે ચાલીને જતા લોકો બાઈક ચાલકોથી ત્રાસી ઉઠ્યા છે. ગત બુધવારે પણ એક બાઈક ચાલકે ઘીયાના પાડામાં રહેતા મયંકભાઈ શાહને અડફેટે લેતાં હાથપગેગંભીર ઈજાઓ થઈ હતી. લારામ સત્સંગ મંડળના કાર્યકરો પોતાના ધંધા-રોજગાર મૂકીને સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલા છે.

## રાધનપુરમાં રોટરી કલબના સદસ્યો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં હિંમતવિદ્યાનગર કેમ્પસમાં રોટરી ક્લબ દ્વારા ફક્ત રોટરી ક્લબ પરિવાર માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિનામૂલ્યે ઈ.સી.જી., લેબ ટેસ્ટ રિપોર્ટ તેમજ બ્લડપ્રેશરનું ચેકઅપ કરવામાં આવ્યું હતું,આ પ્રસંગે ડો.પ્રવીણ ઓઝા,ડો.ખેતશી પટેલ,ડો.દિનેશભાઈ ઠક્કર,ડો.મુનીર અજમેરી,રાજુભાઈ વનજાની,કાંતિભાઈ નાયી સહિતે સેવાઓ આપી હતી.

## પ્રાંતિજના વડવાસા પાટિયા નજીક એક્ટીવા અને કાર વચ્ચે અકસ્માત

પ્રાંતિજ

પ્રાંતિજના વડવાસા પાટિયા પાસે નેશનલ હાઈવે-૮ પર સોમવારે વહેલી સવારે કાર અને એક્ટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલકે એક્ટીવા ચાલકને ટક્કર મારતાં એક્ટીવા ૧૦ ફૂટ દૂર ફંગોળાયો હતો. ચાલકને શરીરના ભાગે ઈજા પહોંચતા તેને પ્રાંતિજ સિવિલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | લાખણી | ગવાર | ૬૨૭-૬૯૨ |
| એરંડા | ૮૯૯-૯૦, | રાયડો | ૬૧૦-૬૬૪ |
| રાયડો | ૬૪૦-૬૫૦ | એરંડા | ૮૮૦-૮૯૬ |
| ઘઉં | ૩૦૩-૩૩૬ | ઈસ. | ૧૮૦૦-૧૯૧૧ |
| બાજરી | ૨૨૦-૨૩૧ | જીરૂ | ૩૧૯૩-૩૨૦૦ |
| મગફળી | ૭૦૧-૮૧૧ | મેથી | ૫૦૬-૫૪૬ |
| રાજગરો | ૬૦૦-૮૦૫ | સુવા | ૮૦૦-૮૮૧ |
| ગવાર | ૬૫૩-૭૦૧ | વરીયાળી | ૮૦૫ |
| મગ | ૭૪૧-૮૧૪ | રાજગરો | ૬૬૫-૭૮૪ |
| અડદ | ૭૫૧ | રજકો | ૨૦૦૦-૨૫૫૦ |
| ચોળા | ૬૬૩ | અન્ય | ૬૮૭-૮૯૦ |
| | પાલનપુર | | થરા |
| ઘઉં | ૩૦૧-૩૫૩ | જીરૂ | ૩૦૦૦-૩૪૨૭ |
| બાજરી | ૧૭૫-૨૩૭ | એરંડા | ૯૦૨-૯૧૦ |
| એરંડા | ૮૯૫-૯ક્ષ૫ | રાયડો | ૬૨૫-૬૪૫ |
| રાયડો | ૬૩૫-૬૪૬ | ગવાર | ૬૪૯-૬૬૦ |
| મગફળી | ૪૮૧-૮૨૫ | ઘઉં | ૨૯૫-૩૪૦ |
| રાજગરો | ૭૯૨-૮૧૫ | બાજરી | ૧૮૦-૨૩૯ |
| | લાખણી | ચીકુડી | ૭૫૦-૮૨૧ |
| એરંડા | ૮૮૭-૮૯૭ | મેથી | ૩૭૦-૪૩૦ |
| બાજરી | જ્ઞર૩૧-૨૩૬ | બંટી | ૩૨૬-૩૪૦ |
| ગવાર | ૬૭૦-૬૭૬ | રજકો | ૨૪૧૧-૨૮૬૭ |
| વરીયાળી | ૮૦૦-૮૬૦ | | સિદ્ધપુર |
| સુવા | ૭૬૦ | રાયડો | ૬૧૦-૬૫૬ |
| રાયડો | ૬૩૧-૬૪૬ | એરંડા | ૮૮૪-૯૧૫ |
| | થરાદ | મગ | ૬૦૦-૭૧૯ |
| રજકો | ૨૨૦૦-૬૪૬ | અડદ | ૭૨૪-૭૪૦ |
| ઈસ. | ૧૮૫૦-૮૯૪ | ગવાર | ૬૩૦-૬૯૦ |
| બાજરી | ૨૨૦-૨૪૨ | ચોળા | ૪૪૧-૫૯૬ |
| ગવાર | ૬૫૫-૬૭૧ | ઘઉં | ૩૦૫-૩૬૧ |
| મેથી | ૪૫૦-૫૧□ | બાજરી | ૧૬૦-૨૬૦ |
| મગ | ૭૨૧-૯૩૦ | જવ | ૩૪૨-૩૫૨ |
| અજમો | ૭૮૦-૧૧૩૫ | | પાટણ |
| જીરૂ | ૨૫૦૦-૩૫૦૦ | જીરૂ | ૩૦૧૧ |
| | રાહ | વરીયાળી | ૭૭૦-૯૪૦ |
| રાયડો | ૬૪૦-૬૫૦ | મેથી | ૩૫૦-૪૭૦ |
| એરંડા | ૮૫૦-૮૬૦ | સુવા | ૭૫૦-૮૬૮ |
| બાજરી | ૨૩૦-૨૫૫ | રાયડો | ૬૧૨-૬૩૮ |
| | વડગામ | એરંડા | ૮૮૧-૯૧૫ |
| ઘઉં | ૨૮૦-૩૫૫ | અજમો | ૪૨૧-૬૫૧ |
| બાજરી | ૧૭૮-૨૨૦ | ઘઉં | ૩૦૨-૩૪૨ |
| એરંડા | ૯૦૨-૯૦૭ | જુવાર | ૩૦૦-૪૪૭ |
| | ધાનેરા | બાજરી | ૧૯૦-૨૪૦ |
| ઘઉં | ૨૮૫-૩૨૧ | બંટી | ૩૩૦-૩૩૭ |
| બાજરી | ૨૧૧-૨૫૫ | મગ | ૫૦૦-૮૭૦ |
| મગ | ૯૫૨ | અડદ | ૭૦૦-૮૭૦ |
| ચોળા | ૬૦૦-૧૦૩૨ | ગવાર | ૬૫૦-૬૮૧ |

# રાધનપુરમાં સાયન્સ કોલેજના મકાનનું લોકાર્પણ કરાયું



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સંકુલમાં દાતાઓ મુંબઈસ્થિત લીલાવતીબેન મણિલાલ શાહ પરિવારના સહયોગથી નિર્માણ પામેલ સાયન્સ કોલેજના મકાનનું સોમવારે દાતા પરિવારના સદસ્યો મીનાબેન રાજેશભાઈ શાહ તથા રાજેશભાઈ સુમન લાલ શાહ તેમજ કાયમી શિલ્ડ દાતા મુંબઈ સ્થિત સુરેશભાઈ બાલચંદભાઈ વોરા તેમજ તેમના ધર્મપત્ની અરુણાબેન વોરા, મુંબઈથી ખાસ ઉપસ્થિત

રહેલા કુલીનકાન્તભાઈ , દિનેશભાઈ મસાલિયા, આસિત ભાઈ ભણશાલી, ઉત્તર ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ વિનોદભાઈ ઠક્કર સહિતની ઉપસ્થિતિમાં ઉલ્લાસભર્યા વાતાવરણમાં લોકાર્પણ કરાયું હતું. લોકાર્પણની પૂર્વસંધ્યાએ રવિવારની રાત્રે રોટરી ક્લબ અને ભારત વિકાસ પરિષદના સહયોગથી રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોડી રાત સુધી ગરબાની રમઝટ જામી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, કોષાધ્યક્ષ ધીરુભાઈ પંપવાળા, ઓનરરી સેક્રેટરી ડો.નવીન ભાઈ ઠક્કર તેમજ હિંમત વિદ્યાનગર સંકુલ પરિવારે જહેમત ઉઠાવી હતી, આ પ્રસંગે અમદાવાદ,કચ્છ,ડીસા અને મુંબઈથી મહાનુભાવો હાજર રહ્યા હતા.

# પાટણ ખાતે નશાબંધી સપ્તાહ ઉજવણી હાથ ધરાઈ

પાટણ

રાજ્ય સરકાર દ્વારા મહાત?મા ગાંધીના જન્મ દિનની ઉજવણી અંતર્ગત તા.૨-૧૦- ૧૭ થી ૮-૧૦- ૧૭ સુધી નશાબંધી સપ?તાહની થનાર ઉજવણીના ભાગરુપે પાટણ નશાબંધી અને આબકારી ખાતું અને ભગિનીસમાજના પાટણના સંયુકત ઉપક્રમે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ અને નશાબંધી અને આબકારી નિયામક શ્રી સુનીલકુમારની ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજાઇ ગયો. જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ અને નશાબંધી અને આબકારી નિયામક શ્રી સુનીલકુમાર અને મહાનુભાવોએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હતી આ પ્રસંગે નશાબંધી અને આબકારી નિયામક શ્રી સુનીલકુમારજણાવ?યું હતુંદરેક સમાજ પુજ્યબાપુના સત્ય, અહિંસા અને સ્વચ્છતાના સંદેશને આપણે ચરિતાર્થ કરવો જોઇએ,ગાંધીજીના વિચારોનો અમલ અને તેમની પ્રેરણા સમાજને નશાબંધીમાંથી મુકિત અપાવી શકે છે. અને સારા માર્ગ જવાના વિચારો ઉદભવ થાય છે.




દરેક વ્યકિતએ ગાંધીજીના વિચારોનો અમલ કરવો જોઇએ તેમ જણાવ્યું હતું.અને યુવાનોને વ્યસનની ચુંગાલમાંથી મુકત કરવા સમાજે જાગૃત બનવું પડશે અને આવનાર પેઢીને વ્યસન મુકત બનાવીએ. આ પ્રસંગે પાટણ મામલતદારશ્રી સેર શીયાએ જણાવ્યું હતું કે વ્યસન એ સમાજ માટે ફેશન બની ગઇ છે. જેમાંથી સમાજે બહાર આવવાની જરુરીયાત અને વ્યસનમુકત સમાજનું નિર્માણ કરવું જોઇએ છે. નશાબંધી અટકાવવા માટેના ઉપાયો અંગે વકૃતવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહાનુભાવો દ્વારા પ્રથમ ત્રણ નંબરના વિધાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાંભગિની સમાજના પ્રમુખશ્રી વાલીબેન, સેક્રેટરી યામીનીબેન દેસાઇ, નશાબંધી અને આબકારી અધિક્ષક પી.સી.બારોટ અધિકા રીગણ કર્મચારીઓ શહેરના ભાઇ બહેનો યુવાનો ઉપસથિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન હેમાબેન મજમુદારએ કયું હતું

## પાટણ નજીકના રશિયનનગર સોસાયટીના પીકઅપ સ્ટેન્ડ પર રાત્રે બસ ઉભી રાખવા માંગ

પાટણ

પાટણથી ત્રણ કિલોમીટર દુર આવેલા રશિયનનગર સોસાયટીના નાકે બસ ઉભી રહે તે માટે પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે. દિવસે મોટા ભાગની બસો આ સ્ટેન્ડ ઉપર ઉભી રહેતા સોસાયટીના લોકોને રાહત થાય છે પરંતુ રાત્રી દરમ્યાન ઉંઝા-વિસનગર તરફથી આવતી બસો ઉભી ન રહેતી હોવાથી રાત્રે મુસાફરોને પાટણ-સિધ્ધપુર ચાર રસ્તેથી રીક્ષામાં રશિયનનગર સોસાયટી ભાડુ ખર્ચીને આવવું પડે છે. રાત્રે રીક્ષા ચાલકો ડબલ ભાડું લઈ લૂંટ ચલાવતા હોવાનું પણ કહેવાય છે. જેથી રાત્રે ઉંઝા તરફથી આવતી બસો રશિયનનગર સોસાયટીના નાકે બનાવવામાં આવેલ પીકઅપ સ્ટેન્ડ પર ઉભી રાખવામાં આવે તેવી મુસાફરોની માંગ ઉઠી છે.

# બહુચરાજી એસ.ટી.ડેપોનો વહીવટ કથ□ચોઃ ડ્રાયવર- કંડક્ટરની મનમાની

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજી એસ.ટી. ડેપોમાં છેલ્લા ૨ વર્ષ પછી હંગામી ડેપો મેનેજરની જગ્યાએ કાયમી ડેપો મેનેજરની નિમણુંક થયા બાદ પણ આજે ડેપોમાં ફરજ બજાવતા ડ્રાયવર - કંડક્ટરના તુમાખીભર્યા વર્તનનો ભોગ મુસાફરો વારંવાર બનતા જાય છે. તેમ છતાં લોકોની ફરિયાદ બાદ પણ કસુરવાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાને બદલે વહીવટ દ્વારા બચાવ થતો હોવાના કારણે કર્મચારીઓની ફરિયાદમાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. જેને પરિણામે એસટી તંત્રને આર્થિક □ષ્ટિએ નુકસાન વેઠવાનો વારો આવે છે. બહુચરાજી એસટી ડેપોમાં યુનિયનની ખેંચતાણના કારણે ડેપોનો વહીવટ કથળતો જાય છે. એસ.ટી. વર્કશોપ તેમજ કર્મચારીઓની લાપરવાહીના કારણે મોટાભાગની બસોનું સંચાલન પડી ભાગ્યું છે. ડેપો મેનેજર યુનિયનના દબાવ નીચે હોઈ કર્મચારીઓની મનમાની અને દાદાગીરી વધતી જાય છે. તેની ગવાહી પૂરતી એક ઘટના ગઈકાલે આ ડેપોમાં બની હતી. રવિવારે બપોરના ૧૫-૦૦ કલાકે બહુચરાજી મહેસાણા રૂટની બસ નંબર ૯૪૪૩ ડેપોમાંથી ઉપડી તે સમયે ૧૫-૧૦ વાગ્યાની બહુચરાજી-મગરવાડા બસમાં બેઠેલા મુસાફરો ઉતરીને આ બસમાં બેસવા આવતાં આ બસના ફરજ પરના ડ્રાઈવરે પેસેન્જર ન લેવા પડે તે માટે રોષે ભરાઈને બસને રિવર્સ કરી સ્ટેન્ડમાં પરત મુકી દીધી હતી અને મગરવાડા તેમજ મહેસાણાની મિનિ બસ ડેપોમાંથી ઉપડી તેના ૧૦ મિનિટ બાદ આ બસને ડ્રાઈવરે ઉપાડી હતી. જેથી મુસાફરોએ સ્ટેન્ડ ઈન્ચાર્જને આ અંગે ફરિયાદ કરી હતી. અત્રે એ નોંધવું ઘટે છે કે, બહુચરાજીથી મહેસાણા અને પાટણ રૂટની બસોના સમયપત્રકમાં વિસંગતતાના કારણે જ્યારે બસ ઉપડે ત્યારે ૧૦-૧૫ મિનિટના ગાળામાં બેથી ત્રણ- ત્રણ બસો ઉપડે છે, ત્યારે ઘણી વખત કલાક સુધી એકપણ બસ મળતી નથી. એસ.ટી.નું સમયપત્રક પણ સદીઓ જુનું છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી. જે ફેરફાર કરાય છે તે માત્ર ડ્રાઈવર કંડક્ટરને ઘેર ટિફિન લાવવા લઈ જવા અને રાત્રે ઉંઘવા મળે તેવી બસોમાં જ કરાય છે. જેમાં મુસાફરોના ફાયદાને કે એસટી નિગમના હિતનું કોઈ ધ્યાન રાખવામાં આવતું નથી. જ્યારે ડેપોની મોટાભાગની બસો અનિયમિત ઉપડે છે, તેમ છતાં ટ્રાફિક કંટ્રોલર દ્વારા રૂટ નોંધમાં તેનો નિયત જ સમય નાખી ડેપોની પોલ ઢાંકવામાં આવે છે.

### મિનિ બસોમાં મનમાની ચલાવાય છે

**બહુચરાજી એસટી ડેપો દ્વારા ૩ મિનિ બસો મહેસાણા રૂટમાં દોડાવવામાં આવે છે. આ મિનિ બસનું કોઈ જ સમયપત્રક નથી. જ્યારે આવે ત્યારે ઉપડે તેવો નિયમ બનાવી દેવાયો છે. એમાં ડ્રાઈવર મનમાની ચલાવતા હોઈ મુસાફરોમાં કચવાટ ફેલાય છે. એકાદ ડ્રાઈવરને બાદ કરતાં અન્ય કર્મચારીઓનું મુસાફરો સાથેનું બેહૂદુ વર્તન ચર્ચાસ્પદ બન્યું છે. તો એક ડ્રાઈવર આસજોલ સ્ટેન્ડે ચા- પાણી કરવા રોજ બસ ઉભી રાખતો હોઈ મુસાફરોને હાલાકી વેઠવી પડે છે.** ઉપડેછે.

# યાત્રાધામ બહુચરાજીમાં ઠેરઠેર ગંદકીના □ગલાથી યાત્રિકો પરેશાન

ચાણસ્મા

રાજ્ય સરકાર દ્વારા પવિત્ર યાત્રાધામોમાં સ્વચ્છતાની બાબતને અગ્રતા આપવાની વાતો કરવામાં આવે છે ત્યારે યાત્રાધામ બહુચરાજીમાં સ્વચ્છતાને નામે મીંડુ જોવા મળી રહ્યું છે. હાઈવે પર, બજારમાં બસ સ્ટેન્ડ સહિત ગંદકીના થર જામ્યા છે. ત્યારે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા સ્વચ્છતા બાબતે કોન્ટ્રાક્ટરને નોટિસ આપવામાં આવી છે.

'સ્વચ્છતા એ જ સેવા' પખવાડિયાની ઉજવણી ગામેગામ થઈ રહી છે. પરંતુ યાત્રાધામ બહુચરાજીમાં છેલ્લા ઘણા સમયથી મુખ્ય બજારને બાદ કરતાં અન્ય વિસ્તારોમાં ઠેર-ઠેર ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. ગ્રામ પંચાયતના સફાઈ કામદારો દ્વારા મંદિરથી સ્ટેશન ચોક સુધી સફાઈ કરવામાં આવે છે. બાકી નીચલી બજાર, સ્ટેશન રોડ, પોસ્ટ ઓફિસ આજુબાજુ, દયાનંદ કોમ્પલેક્ષ, વલ્લભદર્શન કોમ્પલેક્ષ, સ્ટેટ બેન્કની સામે સહિતના સ્થળોએ ગંદકી અને કચરાના ઢગલા જોવા મળે છે.



તો હાઈવે ઉપર સ્વચ્છતા માટે મંદિર ટ્રસ્ટ દ્વારા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આરંભે શૂરાની જેમ શરૂઆતમાં કોન્ટ્રાક્ટર દ્વારા હાઈવે પર સાફ- સફાઈ કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ રોડ ઉપર સહિતના સ્થળોએ કોઈપણ જાતની સાફ સફાઈ કરવામાં આવતી નથી. જેના કારણે અહીં બહુચર માતાજીના દર્શનાર્થે આવતા યાત્રિકો ભારે પરેશાન બની રહ્યા છે. દરમિયાન, જાણવા મળતી માહિતી મુજબ, યાત્રાધામમાં ગંદકીના મુદ્દે મચેલા હોબાળાના પગલે મંદિર ટ્રસ્ટ દ્વારા કોન્ટ્રાક્ટરને નોટિસ ફટકારવામાં આવી છે.

# રાધનપુર શહેર ભાજપ કારોબારીની છેલ્લી બેઠક મળી



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેર ભાજપ કારોબારીની વિધાનસભા ચૂંટણી પહેલાની છેલ્લી બેઠક રવિવારે સાંજે માર્કેટયાર્ડ ખાતે મળી હતી, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડો.દેવજીભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી,શહેર ભાજપ પ્રમુખ જશુભાઈ રાવલ,પાલિકા પ્રમુખ જુગલદાસ ગરો,પાલિકાના ટાઉનપ્લાનિંગ કમિટીના અધ્યક્ષ અંકુરભાઈ જોશી, પાટણ વિધાનસભા વિસ્તારક બાબુભાઈ ચૌધરી સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ આ છેલ્લી બેઠકમાં કારોબારીના સદસ્યો,તમામ મોરચાના હોદ્દેદારો અને કાર્યકરોને આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી જ નહિ પરંતુ ૧૫૦ બેઠકોનો ટાર્ગેટ સિદ્ધ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, અને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોકોપયોગી વિકાસકાર્યોને લોકો સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવી હતી, કાર્યકારોએ પણ ઉત્સાહ બતાવ્યો હતો.

# રાજ્ય સરકારે હંમેશા જનસુખાકારીના કામોને પ્રાધાન્ય આપ્યું : નીતિન પટેલ

### કલોલ-મહેસાણા હાઈવે પર કલોલ અને નંદાસણ નજીક ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત થયું

કલોલ

કલોલ-મહેસાણા હાઈવે પરની ટ્રાફિક અને અકસ્માતની સમસ્યાને હલ કરવાના ઉમદા આશયથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા કલોલ અને નંદાસણ નજીક રૂપિયા ૯૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવનાર છે. દશેરાના પાવન પર્વે રાજયના ડેપ્યુટી સીએમ નીતિનભાઈ પટેલના હસ્તે બન્ને ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં કલોલની સિંધબાજ હોટલ નજીકનો ઓવરબ્રિજ રૂ.૫૦ કરોડના ખર્ચે અને નંદાસણ ચોકડી પાસેનો ઓવરબ્રિજ રૂ.૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે.

કલોલ ખાતે યોજાયેલ ખાતમુર્હત સમારંભમાં રાજયના ડેપ્યુટી સીએમ નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે હમેંશા જનસુખાકારીના કામોને પ્રાધાન્ય આપ્યું છે. કલોલ–મહેસાણા હાઈવે આજે વાહનોથી ધમધમતો માર્ગ છે. આ માર્ગ પર ભવિષ્યમાં ટ્રાફિકની જટિલ સમસ્યા ઉભી ન થાય અને માર્ગથી નજીકમાં રહેણાંક, સ્કુલ-કોલેજ તથા ધંધા-રોજગારનો વિકાસ થવાથી નાના મોટા અકસ્માતની દુર્ઘટના ન બને તેવા શુભ આશયથી કલોલ અને નંદાસણ નજીક ટૂંક સમયમાં ઓવરબ્રિજનું કામ પૂર્ણ કરવામાં આવશે. આ ઓવરબ્રિજનું નિર્માણ થયા બાદ કલોલવાસીઓને હાઈવેને ક્રોસ કરવાની જરૂર નહિ રહે. થોડાક સમય અગાઉ હાઈવેથી કલોલ નગરના પ્રવેશ દ્વાર પાસે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# કુરિવાજો તોડવા મહેસાણામાં ૩૩૦૦ પાટીદાર વિધવા-ત્યક્તા બહેનોનું જાહેર સન્માન કરાયું

મહેસાણા

મહેસાણા જિલ્લાના પાટીદાર સમાજની વિધવા-ત્યક્તા બહેનોનો આત્મ સન્માન સમારોહ રવિવારે મહેસાણાના અવસર પાર્ટી પ્લોટમાં યોજાયો હતો. જેમાં ૩૩૦૦ બહેનોને ભેટ આપી સન્માનિત કરાઇ હતી. આ પ્રસંગે દાતા પૂર્વ સાંસદ જીવાભાઇ પટેલ, ગ્રામશ્રી ટ્રસ્ટનાં ચેરપર્શન અનારબેન પટેલ, પાટીદારની ૧૦ હજાર દીકરીઓ માટે ૨૦૦ કરોડની સુકન્યા યોજનાના પ્રણેતા સુરતના લવજીભાઇ બાદશાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિધવા-ત્યક્તા બહેનોને સંતાનોને પગભર બનાવવા સ્વરોજગાર અપનાવવા તેમજ કુરિવાજોનો સામનો કરવા હાકલ કરી હતી.

આધાર ફાઉન્ડેશન અને ગ્રામશ્રી ટ્રસ્ટ આયોજિત કાર્યક્રમ પ્રસંગે રૂ.૧૯ લાખનું દાન અર્પણ કરતાં પૂર્વ સાંસદ જીવાભાઇ પટેલે જણાવ્યું કે, સમાજમાં બંધનોને તોડવા જરૂરી છે, કુરિવાજો દૂર કરી આગળ વધવા જણાવ્યું હતું. ગ્રામશ્રી ટ્રસ્ટનાં અનારબેન પટેલે કહ્યું કે, વિધવા બહેન કન્યાદાન ન કરી શકે તેવો કોઇ નિયમ નથી, તે કેમ દીકરાને લગ્નમાં ન પોંખી શકે. આવા પ્રસંગમાં બહેનો જ બહેનની દુશ્મન ન બનતાં સહકાર આપવાની શરૂઆત કરવા હાકલ કરી હતી. બહેનોએ પગભર થવા કમાવવું જોઇએ તેમ કહી સ્વનિર્ભર બનવા રાહ ચિંધ્યો હતો.

સમારોહમાં પાલિકા પ્રમુખ રઇબેન પટેલ, આધાર ફાઉન્ડેશનના પ્રમુખ અનિલ પટેલ, કન્વીનર બી.ડી. પટેલ, મંત્રી સંજય પટેલ, અશ્વિન બામરોલીયા, □ઝા ઉમિયા માતાજી સંસ્થાના વિધવા કમિટીના ચેરમેન બાબુભાઇ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

□ઝા ઉમિયા માતાજી સંસ્થાનની □ઝા વિધવા સહાયક કમિટી દ્વારા અત્યાર સુધી જરૂરિયાતમંદ વિધવા બહેનોને કુલ રૂ.૧૧ કરોડની આર્થિક સહાય અપાઇ છે.